॥ નમો નમઃ શ્રી ગુરુ નેમિસૂરયે ॥

# પર્વ પજુસણ આવિયા રે...

: લેખક :

પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજય દેવસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટધર
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટધર
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજ**ના શિષ્ય
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય રાજહંસસૂરીશ્વરજી મહારાજ**

: પ્રકાશક :

**શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા**

અમદાવાદ-૧૪

# પર્વ પજુસણ આવિયાં રે...

નકલ : ૧૦૦૦

કિંમત : ૭૦-૦૦

પ્રથમ આવૃત્તિ : ૨૦૭૬

પ્રકાશક/પ્રાપ્તિસ્થાન :

- શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
  C/o. શ્રી જિતેન્દ્ર કાપડિયા,
  3, તુલસી-પૂજા ફ્લેટ, વસંતકુંજ સોસાયટી,
  નવા શારદા મંદિર રોડ, પાલડી,
  અમદાવાદ-380 007 (મો.) 98240 80308
- શરદભાઈ ઘોઘાવાળા
  B/1, વી. ટી. એપાર્ટમેન્ટ, કાળાનાળા, ભાવનગર.
  (મો.) 94262 28338
- વિજયભાઈ દોશી
  C-602, દત્તાણીનગર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ
  (મો.) 93204 75222

મુદ્રક : જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)
30, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-14.
જય જિનેન્દ્ર મો. 98250 24204, કુશ મો. 99256 17992

## પ્રકાશકીય

પર્વાધિરાજ શ્રી પર્યુષણાના દિવસોમાં સામાન્ય વર્ગને એ મહાપર્વની જાણકારી - પરિચય મળે તેવા હેતુથી લખાયેલા લેખો હવે પુસ્તિકાકારે પ્રકાશિત કરતાં આનંદ અનુભવીએ છીએ. સુજ્ઞજનો આના વાંચનથી પર્વનો પરિચય પામે એ શુભેચ્છા અને સાથે સાથે આ જ રીતે હજી આથી વધુ સારી રીતે અન્ય વિષયોમાં આના લેખક આચાર્ય રાજહંસસૂરિજીની કલમ ચાલે અને એ પછી તે લખાણને પણ પુનઃ પુસ્તિકાકારે પ્રકાશિત કરવા સદ્ભાગી બનીએ એવી પ્રાર્થના કરીને વિરમીએ છીએ.

- પ્રકાશક

## પ્રાસ્તાવિકમ્
PRASHTAVIKAM

શાશ્વત તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની ખૂબ જ નજીક આવેલું શહેર ભાવનગર. પૂજ્યપાદ શાસનસમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાની દીક્ષા અને આચાર્યપદથી પવિત્ર થયેલી ભોમકા.

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રી અને તેમના સમુદાયના આચાર્ય ભગવંતો અને શ્રમણ-શ્રમણી ભગવંતોના વિચરણ અને ઉપદેશથી ભીની-ભીની ભૂમિ. સંસ્કારી નગરી, ધર્મપ્રેમી સંઘ, શ્રી ભાવનગર શ્રીસંઘની એકતા ભારતભરમાં ખ્યાત-પ્રખ્યાત, અનેક ભવ્ય જિનાલય, ઉપાશ્રય, પાઠશાળા, આયંબિલ શાળાનો વહીવટ એક જ. શેઠ ડોસાભાઈ અભેચંદની પેઢીનો સુચારુ વહીવટ, ચૌદ સ્વપ્નદર્શન એક જ જગ્યાએ દાદા સાહેબના વિશાળ પટાંગણમાં.

૧૫ હજારથી વધુ સાધર્મિકોનું લાડવા-ગાંઠિયા-વાલ-ચણાં-ખમણ-કઢી-ભાતનું સ્વામિવાત્સલ્ય પણ એક જ જગ્યાએ દાદાસાહેબ પરિસરમાં.

ભાવનગરની ભોળી-ભદ્રિક જનતાનું જાણીતું-માનીતું વર્તમાનપત્ર સૌરાષ્ટ્ર સમાચાર. આજ સુધી પાંચ ચાતુર્માસ ભાવનગરની ભાવભીની ભૂમિ ઉપર થયા. જ્યારે જ્યારે ચાતુર્માસ થાય ત્યારે ત્યારે સૌરાષ્ટ્ર સમાચારમાં પર્યુષણ લેખમાળા લખવાનું કાયમી આમંત્રણ હોય. અગાઉ બે લેખમાળાની નાનકડી પુસ્તિકા પ્રગટ કરી હતી. એ પુસ્તિકા અપ્રાપ્ય થતાં એ બેની સાથે પછીની ત્રણ લેખમાળા સહિત આ પુસ્તક બાળજીવો માટે પ્રગટ કરેલ છે.

આ પુસ્તક વાંચીને ભવ્ય આત્માઓ પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વની દૃઢ શ્રદ્ધાપૂર્વક સુવિશુદ્ધ આરાધના કરનારા થાઓ.

વિજય રાજહંસસૂરિ

સં. ૨૦૭૬, ચૈત્ર સુદિ-૧,
ગુડીપડવો, ગોવાલિયા ટેંક, મુંબઈ.

## સુકૃતના સહયોગી પરિવાર

માદરેવતન ભાવનગર ઉપર જેમની અત્યંત પ્રીતિ છે...

એવા **પરમ ગુરૂભક્ત**

**જયાબેન જયંતિલાલ વરલવાળા સપરિવાર**

ભાવનગર–મુંબઈ

**દોશી નિર્મળાબેન અનંતરાય રતિલાલ**

**વરતેજવાળા સપરિવાર - ભાવનગર**

# અનુક્રમણિકા

## પર્વાધિરાજનો પાવન સંદેશ


૧. પ્રથમ કર્તવ્ય - જીવદયા ૨
૨. સાધર્મિક વાત્સલ્ય ૮
૩. મિચ્છામિ દુક્કડમ્ ૧૪
૪. કલ્પસૂત્રની વાતો ૨૦
૫. જન્મકલ્યાણક વાંચન ૨૬
૬. પ્રભુ વીરનો સાધના સમય ૩૧
૭. ત્રેવીસ તીર્થંકર ચરિત્ર ૩૬
૮. શુદ્ધિ પર્વ - સંવત્સરી ૪૦


## પર્યુષણપર્વ લેખમાળા


૧. અમારિ પ્રવર્તન ૪૬
૨. સાધર્મિક ભક્તિ ૫૧
૩. ક્ષમાપના-૧ ૫૬
૪. ક્ષમાપના-૨ ૬૦
૫. શ્રી કલ્પસૂત્રનો મહિમા ૬૫
૬. શ્રી કલ્પસૂત્રની વિશેષતા-વાણી ૭૦
૭. શ્રી કલ્પસૂત્રની વિશેષતા-વર્તન ૭૫
૮. સંવત્સરીની પૂર્ણતા-પશ્ચાત્તાપ ૮૧

## પર્વ પર્યુષણ પામી જી...


૧. મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી ૮૭
૨. પર્યુષણ : આત્મશુદ્ધિનું પર્વ ૯૦
૩. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું ૯૪
૪. પુણ્યનું પોષણ - પ્રમોદભાવના ૯૮
૫. પરદુ:ખપ્રહાણેચ્છા કરુણા ૧૦૧
૬. સ્વદોષદર્શન ૧૦૪
૭. રાગી દોષ ન જુએ ૧૦૭
૮. દ્વેષી ગુણ ન જુએ ૧૧૦


## પર્યુષણ પર્વના વધામણાં


૧. નમ્રતા ૧૧૪
૨. સરળતા ૧૧૭
૩. સમતા ૧૨૦
૪. સ્વદોષદર્શન ૧૨૩
૫. પરગુણદર્શન ૧૨૭
૬. કૃતજ્ઞતા ૧૩૧
૭. ક્ષમાપના ૧૩૪
૮. સંવત્સરી મહાપર્વ ૧૩૭
● અંતરંગ સુખનો માર્ગ : ક્ષમાપના ૧૪૦

# પર્વ પજુસણ આવિયા રે...

# પર્વાધિરાજનો
# પાવન
# સંદેશ...
(પ્રવચનો ૧ થી ૮)

१

# પ્રથમ કર્તવ્ય... જીવદયા

હાઈવે ઉપર પુરપાટ દોડી રહેલ મારુતિગાડી રસ્તામાં બમ્પ આવે એટલે ધીમી પડે છે. તેમ સંસારના માર્ગ ઉપર ફૂલ સ્પીડે દોડી રહેલ આપણા જીવનરૂપી મારુતિ માટે પર્વો એ બમ્પ સમાન છે. પાપના રસ્તે ચાલતી ગાડીને પર્વરૂપી બમ્પ આવે એટલે પાપની ગતિ ધીમી પડી જાય છે. ભારત

દેશમાં કોઈને પણ પર્વ વિના ચાલ્યું નથી. બીજા **બધા પર્વો લૌકિક છે. બીજા પર્વોની ઉજવણી ખાણી-પીણી, મોજ-મઝાથી કરવામાં આવે છે. જ્યારે પર્યુષણા લોકોત્તર પર્વ છે. એની ઉજવણી તપ-ત્યાગ, ભક્તિ-મૈત્રી-શુદ્ધિ, સ્વાધ્યાય-સંયમથી કરવામાં આવે છે. લૌકિક પર્વોમાં દિવાળી મોટું પર્વ કહેવાય છે. લોકોત્તરમાં પર્યુષણ એ પર્વાધિરાજ છે.** દિવાળીમાં જેમ ઘર-દુકાન વિ. વાળી-ચોળીને સાફ કરવામાં આવે છે, દુકાનના ચોપડા ચોકૂખા કરવામાં આવે છે. તેમ બાર મહિનામાં લાગેલાં કર્મરૂપી કચરાને દૂર કરવાનું અને રાગ-દ્વેષના ચોપડાને ચોકૂખા કરવાનું આ પર્વ છે. જેમ દિવાળીની શરૂઆત ૧૫ દિવસ-મહિના પહેલાથી કરીએ છીએ, તેમ સંવત્સરી સુધીમાં ચોપડા ચોકૂખા કરી દેવાના છે. તેની શરૂઆત આજથી કરવાની છે.

જીવનમાં આખા વરસમા કરવાના કર્તવ્યોની પ્રેરણા આ દિવસોમાં આપવામાં આવે છે. કર્તવ્યો પાંચ પ્રકારનાં છે. (૧) દૈનિક (૨) ચાતુર્માસિક (૩) સાંવત્સરિક (વાર્ષિક) (૪) જીવનનાં અને (૫) પર્યુષણનાં. દૈનિક કર્તવ્યો ૬ છે. ચાતુર્માસિક કર્તવ્યો ૯ છે. વાર્ષિક કર્તવ્યો ૧૧ છે. જીવનના કર્તવ્યો ૭ છે. આપણે અત્યારે પર્યુષણાના કર્તવ્યોની વાત કરવાની છે. પર્યુષણાના કર્તવ્યો પાંચ છે. (૧) અમારિપ્રવર્ત્તન (૨) સાધર્મિક વાત્સલ્ય (૩) અઠ્ઠમતપ (૪) ચૈત્યપરિપાટી (૫) ક્ષમાપના એ પાંચમાં

પહેલું કર્તવ્ય છે. **અમારિપ્રવર્તન. એટલે જીવહિંસા ન કરવી, થતી હોય તો અટકાવવી, જીવદયા પાળવી અને પળાવવી.** જૈનો જીવદયા પાળતા તો હોય જ, આવા પર્વના દિવસોમાં બીજા પાસે પળાવે.

પાંચ મહાવ્રતોમાં પણ પહેલું અહિંસા છે. અહિંસા એ તો ધર્મનું સ્વરૂપ જ છે. જ્યાં દયા છે ત્યાં ધર્મ છે જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી. અહિંસા એ ધર્મની માતા છે. અને હિંસા એ પાપની માતા છે. પરમાત્માની આજ્ઞા છે કે કોઈ પણ જીવને મારશો નહિ. દુઃખ આપશો નહિં. સંતાપ પમાડશો નહિ. सव्वे जीवा न हंतव्वा, न घेतव्या, न परियायव्वा । તમારે સુખી થવું હોય તો સમજી લો કે કોઈને દુઃખી કરીને કોઈ જીવ સુખી થઈ શકતો નથી. કોઈને દુઃખી કરશો તો તમને દુઃખ મળશે. કોઈને સુખી કરશો તો તમને સુખ મળશે. તમારે જે જોઈતું હોય તે બીજાને આપજો. 'બાવળિયો વાવીને કેરી આંબારસ શું ચાખે ?', **'કુદરતનો છે ન્યાય સનાતન, વાવ્યું તેવું મળશે.'** 'આંબો વાવો તો કેરી મળશે, બાવળ વાવો તો બાવળ મળશે.' 'પહેલાના કાળમાં મહાજન પર્વના દિવસોમાં કતલખાનાં બંધ કરાવતા, ઘાંચીની ઘાણી છોડવતા, રંગકામ બંધ કરાવતા. માછીની જાળ છોડાવતાં ટૂંકમાં જીવહિંસા થાય તેવા આરંભ સમારંભના કોઈપણ કાર્ય પોતાનાથી ન થઈ જાય તેની તો કાળજી રાખતાં જ પરંતુ બીજા

પણ ન કરે તે માટે પ્રયત્ન કરતાં. જગદ્ગુરુ શ્રી હીરસૂરિજી મહારાજના ઉપદેશથી અકબર બાદશાહે પોતાનાં રાજ્યમાં પર્યુષણના ૮ દિવસ અને બે-બે દિવસ આગળ-પાછળ એમ ૧૨ દિવસ સંપૂર્ણ જીવહિંસા ઉપર પ્રતિબંધ કર્યો હતો. શ્રી હેમચન્દ્રાચાર્યની પ્રેરણાથી કુમારપાળ મહારાજાએ ૧૮ દેશમાં જીવદયા પળાવી હતી. એના ઘોડા વિ. પશુ પણ ગાળેલું પાણી પીતા હતા. **કોઈને મારવાની વાત તો દૂર રહી પણ માર એવો શબ્દ પણ કોઈ બોલી શકતા નહોતા.** એ સંસ્કારના કારણે જ આજે બીજા રાજ્યો કરતાં ગુજરાતમાં દયાના સંસ્કારો દેખાય છે. અને આજે અનેક અહિંસાપ્રેમીઓના ભવ્ય પુરુષાર્થથી ઘણા વર્ષો પછી આ વર્ષે ગુજરાત સરકારે પર્યુષણના આઠે દિવસ કતલખાનાં બંધ રાખવાનો આદેશ આપ્યો છે. હવે તે પ્રમાણે બંધ રખાવવાની ફરજ આપણા બધાની છે. તે માટે સક્રિય પ્રયત્ન કરવા જોઈએ. આ પ્રસંગે એક બીજી વાત ધ્યાન ઉપર લાવવા જેવી છે. આપણી નજીકમાં જ, અને આપણે જેની છત્રછાયામાં છીએ તે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના જળાશયમાં માછલાં પકડવા ઉપર સરકારશ્રી તરફથી પ્રતિબંધ છે જ. પણ તે પ્રમાણે અમલ થાય તે માટે જૈનો જાગ્રત થઈને સક્રિય પ્રયત્ન કરે તો અવશ્ય ફળ મળે.

થોડાં વર્ષો પહેલાની વઢવાણ શહેરની વાત છે. વઢવાણ એટલે પ્રાચીન સંસ્કૃતિ અને સંસ્કારોને જાળવીને બેઠેલું શહેર.

શહેરની બહાર તળાવ. તળાવમાં માછીમારો માછલાં પકડે. મહાજનનું ત્યારે વર્ચસ્વ સારું. મહાજન ભેગા થઈને પર્યુષણા દરિમયાન માછલાં નહિ પકડવા હુકમ લાવ્યા. ટહેલ પડાવી. માથાભારે માછીઓ માન્યા નહિ. દિવસે કે જાહેરમાં તો પકડી ન શકે એવી મહાજનની આણ. એટલે રાત્રે ખાનગીમાં માછલાં પકડે. મહાજનને ખબર પડી. મહાજન ભેગું થયું. તે વખતે જ ત્યાંના શેઠ વર્ધમાનભાઈને કાને આ વાત આવતાં ક્ષણનોય વિલંબ કર્યા વિના હાથમાં બંદૂક લઈને, ઘોડા ઉપર બેસીને પહોંચ્યા તળાવે. એક જ હાકોટો કર્યો તો બીજા બધા તો ભાગી ગયા. બે-ત્રણ જણા સામે થવા આવ્યા તેઓ પણ તેમની મુખમુદ્રા જોઈને પગે પડ્યા. ત્યાં ને ત્યાં પાણી લેવડાવ્યું કે હવેથી આવું નહિ કરીએ. જૈનો ધર્મ માટે વખત આવે હાથમાં તલવાર કે બંદૂક લેતા અચકાતા નહિ. જાનની બાજી લગાવી દેતા. એમની એક આંખમાં કરુણા હતી તો એક આંખમાં શૌર્ય હતું. જે શક્તિવાળા છે તેઓ આવું કાર્ય કરાવે તથા જેની આવી શક્તિ નથી તેઓ ઘરમાં તો જીવદયા અવશ્ય પાળે. જૈનોનાં ઘર એ જીવો માટે પિયર જેવાં હોય. એના ઘરમાં માંકડ-મચ્છર ઉંદર મારવાની દવા આવે જ નહિ. આ દિવસોમાં વિશેષ કરીને કંદમૂળ, દ્વિદળ, રાત્રિભોજન, લીલોતરી વિ.નો ત્યાગ કરે. બહારનું ખાય નહિ. શક્ય હોય તો ઉકાળેલું પાણી જ વાપરે. નહી તો ગાળ્યા વિનાનું પાણી તો વાપરે જ નહિં. એઠું મૂકે

નહી. પાણીનો પ્યાલો પણ લૂંછી નાંખે. પરિમિત જલથી સ્નાન કરે. પગમાં પગરખાં ન પહેરે. આવા બધા નાના-નાના નિયમોથી પણ જીવદયાના પરિણામને જાગ્રત રાખવાના છે. અને એ રીતે પરિણામને જાગ્રત રાખીને જીવનમાં રોજિંદી જીવદયા એવી વણાઇ જાય કે એ દુ:ખીને જોઈને  રહી ન શકે. આવા પર્વરૂપી બમ્પને પામીને આપણે હિંસાના વેગને ખાળવો છે. જેથી પર્વને પામીને આપણે પુનરાવર્તન નહિ પણ પરિવર્તન કરી શકીએ.

• • •

**સામે ચાલીને**
**ઉપકાર કરવા જવાનો સ્વભાવ**
**જીવનને ઉન્નત બનાવે છે.**

૨

# સાધર્મિક વાત્સલ્ય

આ હળાહળ કલિકાલમાં આપણને ત્રણ અધિરાજ મળ્યા છે એ આપણાં મહાપુણ્ય છે.

(૧) **મંત્રાધિરાજ** જે જૈનકુળમાં જન્મતાવેંત મળે છે. સંસ્કારી માતા બાળક ગર્ભમાં હોય ત્યારથી જ એને શ્રી નવકાર મંત્ર સંભળાવે. ગર્ભાવસ્થાના નવ મહિના દરમ્યાન નવ લાખ નવકાર મંત્ર ગણીને બાળકને નવકારના સુરક્ષાચક્રથી

સુરક્ષિત બનાવી દે એનો **જન્મ થતાંવેત એના કાને સૌથી પહેલો શબ્દ 'નમો અરિહંતાણં' સંભળાય અને બાળક બોલતાં શીખે ત્યારે સૌ પહેલું એને મમ્મી, પપ્પા નહીં પણ "નમો અરિહંતાણં" બોલતાં શીખવાડે.** (૨) **તીર્થાધિરાજ** શ્રી શત્રુંજય જેની છત્રછાયામાં જ આપણે વસીએ છીએ. બાળકને લઈ જવાય એવું થાય એટલે **સૌથી પહેલી શ્રી શત્રુંજય ગિરિરાજની સ્પર્શના કરાવે.** એના દ્વારા બાળકને ભવ્યત્વની છાપ અંકિત કરાવે. (૩) અને ત્રીજું પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ. બાળકના જન્મ પછી પ્રથમ પર્યુષણમાં યત્કિંચિત્ પણ આરાધના એને કરાવે. પરમાત્માના દર્શન-પૂજા કરાવે, પૂજ્ય ગુરુભગવંતના આશીર્વાદ અપાવે. ઉકાળેલું પાણી પીવડાવે. બાળકને પ્રથમ પર્યુષણમાં ઓછામાં ઓછું આટલું તો કરાવે જ. આ ત્રણે અધિરાજમાં સકલ દોષોને શમાવવાની શક્તિ છે અને સકલ ગુણોને પ્રગટાવવાનું સામર્થ્ય છે.

આજે પર્વાધિરાજનો બીજો દિવસ છે. પહેલા દિવસે આપણે જોયું કે શ્રાવકના દિલમાં જીવદયા એવી વણાઈ ગઈ હોય કે કોઈપણ જીવનું દુઃખ જોઈ ન શકે. જો જીવમાત્રનાં દુઃખ ન જોઈ શકતો હોય તો એક જ સમાન ધર્મની આરાધના કરનાર સાધર્મિકોનું દુઃખ તો ક્યાંથી જોઈ શકે ?

સાધર્મિક એટલે કોણ ? આપણે શબ્દના અવમૂલ્યનથી સાધર્મિક શબ્દનો અર્થ ગરીબ, નિર્ધન કરી નાંખ્યો. તમને કોઈ કહે કે, 'આ ભાઈ સાધર્મિક છે' તો તમારા મનમાં એનું કેવુ

ચિત્ર ખડું થાય ? ગરીબ, બિચારો, બાપડો, દુઃખિયારો આવું જ ને ! ખરેખર સાધર્મિક શબ્દ તો કેટલો મહાન છે. ભગવાન મહાવીર પિતા અને કરુણા માતાના આપણે સંતાન છીએ. એક જ માતાપિતાના આપણે સંતાન. સગા બે ભાઈઓ. એમાં એક સુખી અને એક દુઃખી એવું હોઈ શકે ? પોતાનો સગો ભાઈ કે બહેન દુઃખી હોય તો ભાઈ સુખે રહી શકે ? એના દુઃખે દુઃખી અને એના સુખે સુખી એવું થવું જોઈએ. જેમ પોતાના ભાઈને સાચવવાનો, આગળ લાવવાનો પ્રયત્ન કરે તેમ દરેક સુખી શ્રાવક ફક્ત એક જ સાધર્મિકની સંભાળ લે એટલે એને માત્ર આર્થિક મદદ કરે એટલું જ નહિ પણ એને નોકરીધંધે ચઢાવે. ધંધામાં સ્વાવલંબી બનાવવાનો - આગળ લાવવાનો પ્રયત્ન કરે. એક જણ સ્થિર થઈ જાય તો તરત જ બીજાનો હાથ પકડે. જો આવું નક્કી કરવામાં આવે તો કોઈ સાધર્મિક દુઃખી રહે ખરો ? ભાવનગર શહેરમાં ૩૫૦૦ જૈન કુટુંબો છે. એમાં ૧૦૦૦ તો એવાં સુખી હશે જ. એ ૧ હજાર જો નક્કી કરે તો બીજા ૧ હજાર પગભર થઈ જાય અને એમ કરતાં ૫-૧૦ વર્ષે તો સમગ્ર જૈન કુટુંબો અવશ્ય પગભર થઈ જાય. સાધર્મિકોના દુઃખને તો દૂર કરે જ પરંતુ એ ધર્મ પામે એવો પણ પ્રયાસ કરે.

વળી આ સાધર્મિકોના તો તમારા ઉપર કેટલા મોટા ઉપકાર છે. તેઓ અહીં વસે છે. તો આ દેરાસર-ઉપાશ્રય વિગેરે થયાં. અને સાધર્મિક છે તો આ બધું સચવાય છે.

તેઓ છે તો સાધુ-સાધ્વીજી ભગવંતો પધારે છે. ધર્મલાભ શબ્દ સાંભળવા મળે છે. જિનવાણી શ્રવણનો લાભ મળે છે. તમે જ કોઈક ગામ કે શહેરમાં એકલા રહેતા હોય તો આ બધું કેવી રીતે શક્ય બને ?

જેમ ઉત્તમ શિક્ષક કોઈપણ વિદ્યાર્થીને નબળો ન ગણે તેમ કોઈપણ સાધર્મિકને નબળો હીણો ન ગણે. અને નબળો હોય તેના ઉપર વધુ ધ્યાન આપે. માતા પોતાના પાંચ દીકરામાં ગાંડા-ઘેલા બાળકનું વધુ ધ્યાન રાખે તેમ શ્રાવક સીદાતા, સાધારણ સાધર્મિકનું વધુ ધ્યાન રાખે. કોઈપણ જાતની આશા કે અપેક્ષા વિના, એના ઉપર ઉપકાર કરીએ છીએ એ બુદ્ધિથી નહિ પણ મને લાભ મળે છે એ બુદ્ધિથી સાધર્મિક ભક્તિ કરે. આપણે ગુરુભગવંતોની ભક્તિ માટે આ વાત સમજીએ છીએ તેઓને વસ્ત્ર, પાત્ર વિગેરે વહોરાવીને આપણને લાભ મળ્યો એવું માનીએ છીએ. એ વાત સાધર્મિકની બાબતમાં પણ ગળે ઉતારવા જેવી છે. સાધર્મિક આપણને પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે છે !

કોઈને આપ્યું એ ભૂલી જવાનું છે. **આપ્યું તે આપણું થયું. રાખ્યું તે રાખ થયું. 'નેકી કર દરિયામેં ડાલ.'** સાધર્મિકનું બહુમાન કરશો તો એની સંખ્યા આપોઆપ વધશે. એના માટે પ્રચાર કરવા જવાની જરૂર નહિ પડે. એવો નિયમ છે - જેનું બહુમાન કરો એની સંખ્યા વધે. જૈનોની શ્રદ્ધા તો વધુ દઢ બનશે જ પરંતુ

અજૈનોને પણ લાગશે કે જૈનો કેટલા સારા છે. જૈન ધર્મ કેવો સુંદર છે. શાસ્ત્રમાં તો કહ્યું છે કે,

**'સાહમિના સગપણ સમું, અવર ન સગપણ કોય,**
**ભક્તિ કરો સાહમિ તણી, દરસન નિર્મલ હોય'**

એક ગામ. ગામ ધર્મિષ્ઠ. એમાં બે શ્રાવકો સરખે સરખી પૂજા, સેવા, સામાયિક, પ્રતિક્રમણ વિ. દરેક ક્રિયા સાથે જ કરનારા. એકનું નામ શાંતનુ અને બીજા જિનદાસ. શાંતનુની સ્થિતિ નબળી પડી. કાલે શું કરીશું એની ચિંતા. ધર્મધ્યાન તો નિયમિત ચાલુ જ છે. **નબળી પરિસ્થિતિમાં ધર્મ છોડી દેવાનો ન હોય, વિશેષ કરવાનો હોય.** સાંજે પ્રતિક્રમણ કરવા ગયા. જિનદાસની બાજુમાં જ રોજની જગ્યાએ બેઠા. પ્રતિક્રમણ સમયે જિનદાસે સોનાનો નવલખો હાર કાઢી બાજુમાં મૂક્યો. શ્રાવક સામાયિક પ્રતિક્રમણ કરે એટલો સમય **'સમણો ઈવ સાવઓ'** સાધુ જેવો હોય. માટે સાધુની જેમ આભૂષણ - અલંકાર ન પહેરાય. પ્રતિક્રમણ પૂરું થતાં શાંતનુ સામાયિક વહેલું પારીને ચાલ્યા ગયા. જિનદાસે સામાયિક પારીને વસ્ત્ર પરિધાન કર્યા. હાર જડ્યો નહિ. બે મિનિટ વિચાર કર્યો. વાત પામી ગયા. વાતને મનમાં જ સમાવી લીધી. જો જો કેટલી ઉદારતા છે ! કેટલી ગંભીરતા છે ! તમારી જાત જોડે એની સરખામણી કરી જોજો. આપણા જોડા ખોવાઈ જાય તો હો.. હા. કરનારા આપણે ક્યાં ? અને ક્યાં જિનદાસ ? આ બાજુ શાંતનુ ઘરે ગયા. પત્નીને

વાત કરી. હાર ગીરવે મૂકવો પડશે. ક્યાં મૂકવો ? કોને ત્યાં મૂકવો ? એમ વિચારતા સમજુ પત્નીએ કહ્યું, જિનદાસને ત્યાં જ મૂકો. બીજે ક્યાંય નહિ. ભારે પગલે જિનદાસની પેઢીએ પહોંચ્યો. નીચા મોઢે હાર બતાવ્યો કે આ ગીરવે મૂકવો છે. હાર હાથમાં લઈ જોઈને મૂકી દીધો. પૈસા આપી દીધા. બીજો એક અક્ષરે ન બોલ્યા. શાંતનુના ગયા પછી શેઠના પુત્રએ કહ્યું, આ તો આપણો હાર છે. શેઠે કહ્યું, આપણા જેવા તો ઘણાના હોય. જુઓ, પોતે તો એક શબ્દ પણ બોલતા નથી. પણ પુત્રને ય ચૂપ કરી દીધો. શાંતનુએ ધંધો કર્યો. પાછા કમાયા એટલે તરત પૈસા પાછા આપવા ગયા. પૈસા આપ્યા. જિનદાસ પૈસા લઈને હાર પાછો આપવા ગયા. ત્યાં શાંતનુની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યા. જિનદાસને હાર પાછો આપ્યો અને પગે પડ્યા. માફી માંગી. જિનદાસે કહ્યું 'માફી તમારે નહિ મારે માંગવાની છે. મેં તમારું ધ્યાન ન રાખ્યું. માટે તમારે આવું કરવું પડ્યુંને. પહેલી ભૂલ મારી છે.' બન્ને પરસ્પર માફી માંગતા ચોધાર આંસુએ રડી પડ્યા. ભેટી પડ્યા.

**આવો સાધર્મિકનો સંબંધ સિદ્ધશિલા સુધી સાથે રહેનારો અને સિદ્ધશિલા સુધી લઈ જનારો છે.** આ પ્રસંગને પામીને દરેક જણ એવો સંકલ્પ કરે કે હું એક સાધર્મિકને ઊંચો લાવીશ અને આગળ વધારીશ તો આ પર્યુષણ પર્વ યાદગાર બને. સાર્થક બને.

• • •

3

# મિચ્છા મિ દુક્કડમ્

આજે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો ત્રીજો દિવસ છે. બીજાં બધાં પર્વો પ્રાપ્તિનાં છે આ પર્વ શુદ્ધિનું છે. શુદ્ધિ હશે તો જ પ્રાપ્તિ સફળ થશે. પેટની શુદ્ધિ વિના ઔષધ કામ કરતું નથી. તેમ મનની શુદ્ધિ વિના ધર્મકાર્ય યથાર્થ લાભ કરતું નથી. મનની શુદ્ધિ માટે મનના ખૂણામાં રહેલા વેરના, દ્વેષના કણિયાને ખોતરી ખોતરીને

કાઢવાના છે. એની વાત આજે કરવી છે. તે પહેલાં પાંચ કર્તવ્યોમાં બાકીનાં બે કર્તવ્યોની વાત કરી લઈએ. ત્રીજું કર્તવ્ય છે અઠ્ઠમ તપ. બાર મહિના દરમિયાન લાગેલા સામાન્ય પાપોનાં પ્રાયશ્ચિત માટે, આખા વરસનું દેવું ભરપાઈ કરવા માટે અઠ્ઠમ તપ (૩ ઉપવાસ) આવશ્યક અને અનિવાર્ય છે. ત્રણ ઉપવાસથી શરીર અને મનની સામાન્ય શુદ્ધિ થઈ જાય છે. ચિત્તશુદ્ધિ માટે આ તપ સહાયક થાય છે. તપથી આપણું ચંચળ અને મલિન મન શાંત અને નિર્મળ બને છે. ડહોળાયેલું પાણી શાંત થાય ત્યારે નીચે રહેલો કચરો દેખાય **તેમ મન શાંત બને ત્યારે અંદર રહેલો રાગદ્વેષરૂપી કચરો દેખાય છે.** એ દેખાય તો કાઢવાનું મન થાય છે. વળી, અઠ્ઠમથી આવતાં વિઘ્નો અને અંતરાયો દૂર થાય છે. અને આખા વર્ષનું મંગળ રીઝર્વ થાય છે.

ચોથું કર્તવ્ય છે **ચૈત્યપરિપાટી.** ગામમાં કે શહેરમાં આવેલાં જિનચૈત્યોને ભાવથી જુહારવાં જોઈએ. દર્શન, વંદન, પૂજન કરવું જોઈએ. દર્શનશુદ્ધિ માટેનું આ કર્તવ્ય છે. દેરાસરમાં રહેલાં દરેક જિનપ્રતિમાની પૂજા કરવી અને ઓછામાં ઓછાં ત્રણ ખમાસમણાં દેવાં.

હવે પાંચમું અને સૌથી અગત્યનું કર્તવ્ય છે **ક્ષમાપના.** ક્ષમાપના એ સાધ્ય છે. ધ્યેય છે. પર્યુષણ મહાપર્વ એ ક્ષમાપનાનું પર્વ છે. વરસના ૩૬૫ દિવસ દરમ્યાન દિલનાં એક ખૂણામાં પણ

ઊભા થયેલા, સળવળેલા રાગદ્વેષ વિ. કષાયોને ચકાસવાના છે. ચકાસીને આપણા થયેલા અપરાધોની સાચા દિલથી ક્ષમા માંગવાની છે. અને સામાના થયેલા અપરાધોની ક્ષમા આપવાની છે. ક્ષમા માંગવી એ જરૂર અઘરી છે. પણ ક્ષમા આપવી એ એના કરતાં પણ અધિકતર અઘરી છે. ક્ષમા માંગવા માટે અહંને ઓગાળવો પડે છે. નમ્ર બનવું પડે છે. પણ એમાં તો આપણી પોતાની ભૂલ હોય છે એટલે માણસ નમ્ર બની શકે છે. અને ક્ષમા આપવામાં તો દિલની વિશાળતા, ઉદારતા જોઈએ. એમાં તો સામાની ભૂલ છે. એટલે માણસ એમ વિચારે છે કે એણે મારું બગાડ્યું તો હું કંઈ કમ છું ? હું પણ એનો હિસાબ ચૂકતે કરીશ. પણ ભાઈ ! એ પોતે જ ગત ભવનો હિસાબ ચૂકતે નહિ કરતો હોય એની શી ખબર છે. વળી આ દ્વેષ, ક્રોધ એ તો ચિનગારી જેવો છે. તમે ચિનગારીને પગથી મસળીને શાંત કરી શકો છો. ક્રોધને ઊગતો જ ડામી શકો છો. પણ જો હિસાબ ચૂકતે કરવામાં રહ્યા તો ચિનગારી એ દાવાનળ બની જાય છે. ક્રોધ એ વેર બની જાય છે. પછી એ દાવાનળને નદીના પૂરના પૂર પણ શાંત કરી શકતા નથી. એ સર્વનાશ જ નોતરે છે. તેમ ક્રોધ કે દ્વેષ વેર બની ગયા પછી એની પરંપરા અનેક ભવો સુધી ચાલ્યા કરે છે. એટલે ખરેખર તો હિસાબ ચૂક્તે કરવામાં વીરતા નથી. પણ **શત્રુને ક્ષમા આપવી એ જ વેરવસૂલાતની વીરતાભરી વાટ છે.** તલવાર ચલાવવાથી શત્રુ મરે છે. પણ

શત્રુતા તો વધુ ઘેરી બને છે. જ્યારે **તલવાર મ્યાન કરવાથી શત્રુ જ મિત્ર બની જાય છે.**

આપણે સગા, વ્હાલા, મિત્ર, સ્વજન વિ.ને મિચ્છામિ દુક્કડમ્ આપી શકીએ છીએ, આપીએ છીએ. પણ ખરેખર જેના પ્રત્યે વેર હોય, દ્વેષ હોય તેને અંતઃકરણપૂર્વક ખમાવી શકતા નથી. સંવત્સરી પહેલાં લગભગ પ્રત્યેક જૈન ક્ષમાપનાના કાર્ડો લખતા હશે. પણ ખરેખર જેને લખવા જેવું છે એને કેટલા લખે છે ? જે લખે છે એ પણ વહેવાર થઈ ગયો છે. એ પૈસાનો, સમયનો ખોટો બગાડ જ છે. એના કરતાં ખરેખર જે ક્ષમાપના યોગ્ય છે. તેની પાસે સામેથી જઈને પગે પડો. ક્ષમા માંગો અને ક્ષમા આપો. એ સાચી ક્ષમાપના છે. અને તમે જે પૈસા ક્ષમાપના કાર્ડમાં ખર્ચો છો તે પૈસા સાધર્મિક ભક્તિમાં વાપરો તો ઊગી નીકળશે.

સાચા હૃદયની ક્ષમાપના વિના આરાધનામાં ઓજસ પ્રગટતું નથી. ધર્મને નહિ પામેલા જીવોમાં પણ કેવી ક્ષમા હોય છે તે જોઈએ. એક ગામ. ગામ હોય ત્યાં બગીચો હોય તેમ ઉકરડો પણ હોય. ગામની છેવાડાના ભાગમાં એક ચોર રહે. ચોરી કરીને જ જીવનગુજારો કરે. ચોરી કરીને કોઈની મહેલાત ચણાતી નથી. તેમ એની સ્થિતિ એવી જ. એક દિવસ આખા ગામમાં ઉત્સવ. ઘરેઘરમાં ખીર રંધાય. ચોરની પત્નીને ખીર ખાવાની

ઈચ્છા થઈ. ચોર બહારથી આવ્યો. એટલે વાત કરી. તરત જ પાછો ફર્યો કે હમણાં લઈ આવું. શોધવા નીકળ્યો. એક ઘરમાં ખીર તૈયાર થઈને તપેલું પડ્યું હતું. ઘરના માણસો આડા અવળા હતા. ગરમ ગરમ તપેલું ઉપાડીને ભાગ્યો. પત્ની પાસે મૂક્યું. ખીર એકલી તો ન ખવાય. પત્નીએ કહ્યું. પુરી, ભજિયા બનાવી પછી જમીએ. ચોર બહાર ગયો. તે વખતે ગામ બહાર એક સૈન્યનો પડાવ. સેનાપતિને ખીર ખાવાની ઈચ્છા થઈ. સૈનિકો ગામમાં ગયા. પહેલું જ ચોરનું ઘર આવ્યું. ખીર તૈયાર જોઈને, ઉપાડીને ભાગ્યા. ચોર પાછો આવ્યો. પત્નીએ કહ્યું, સૈનિકો ખીર લઈ ગયા, ખુલ્લી છરી લઈને પાછળ દોડ્યો. સૈન્યના પડાવની વચ્ચે સેનાપતિની કુટીર. સેનાપતિ વચ્ચે બેઠો હતો. ખીરનું તપેલું સામે પડ્યું હતું. અંદર દાખલ થઈને સેનાપતિને છરી હુલાવીને પાછો ભાગ્યો. હાહાકાર થઈ ગયો. સૈનિકો પાછળ પડ્યા. ચોરને પકડીને લઈ આવ્યા. સેનાપતિનો ભાઈ ચોર ઉપર ચઢી બેઠો. તલવાર મારવાની તૈયારી. બધા ભેગા થઈ ગયા. મારો... મારો.ની ચિચિયારી ચારે બાજુ ઊઠી, સેનાપતિની પત્ની બાજુમાં હતી. એના ભાઈએ તલવાર ગળે લગાડીને પૂછ્યું, બોલ તને શું કરું ? ચોરે કહ્યું, શરણાગતને જે થાય તે કરો. હાથ પાછો પડ્યો. સેનાપતિની પત્ની સામે જોયું. એણે કહ્યું, શરણાગતને મરાય નહિ, **'શરણાગયા ન પહરિયવ્વા'** તરત છોડી દીધો. ચાંલ્લો કરીને રવાના કર્યો. હવે વિચારો પોતાના ધણી કે પોતાના

ભાઈને મારી નાંખનારને પણ શરણાગત જાણીને એક ક્ષણમાં છોડી દીધો. તો આપણું બગાડનારે કોઈએ આપણા સ્વજનને મારી નાખ્યા તો નથી ને ! કોઈએ પેલા ચોર જેટલું તો આપણું કંઈ બગાડ્યું નથી ને ! અને માની લો કે કદાચ કોઈનું એવું બગાડ્યું હોય તો પણ જે વસ્તુ બની ગઈ છે એ તો મિથ્યા કરી શકવાના નથી ને !

તો એને માફ કરવાની શી વાર ! એટલું લખી રાખજો કે માફી આપનારનો હાથ હંમેશા ઊંચો રહે છે. **માણસ માત્ર ભૂલને પાત્ર તેમ ક્ષમાને પાત્ર પણ છે.** આવો નિશ્ચય કરીને હવે દિલમાં કોઈના પણ પ્રત્યે દ્વેષ-વેરનો કણિયો પણ ન રહેવો જોઈએ.

એ રીતે રાગદ્વેષની તીવ્રતા રહિત મન શુદ્ધ બને છે. અને શુદ્ધ મનથી કરેલી પર્વાધિરાજની આરાધના સફળ થાય છે.

• • •

**પરોપકારની વાવણી**

**એ**

**સ્વઉન્નતિનું વાવેતર છે.**

૪

# કલ્પસૂત્રની વાતો

આકાશમાં શરદપૂનમની ચાંદની રેલાય ને જેમ સાગર હિલોળે ચઢે તેમ પર્વાધિરાજની પધરામણી થાય કે ભાવિક ભક્તોનાં હૈયાં થનગની ઊઠે. એના મનમાં થાય કે શું કરું ને શું ન કરું ? એક નહિ પણ અનેક પ્રકારે આ પર્વને આરાધવાના હોય છે.

આ પર્વાધિરાજનાં કર્તવ્યોમાં જે પાંચ કર્તવ્યો આપણે જોયાં તેના

જેવાં જ બીજાં અગિયાર કર્તવ્યો બતાવવામાં આવે છે. આ અગિયાર કર્તવ્યોનું વર્ણન પર્યુષણમાં કરવામાં આવે છે. પણ તેને વર્ષ દરમ્યાન આચરવાનાં હોવાથી વાર્ષિક કૃત્ય તરીકે ઓળખવામાં આવે છે. એ કર્તવ્યોમાં (૧) સંઘપૂજા (૨) સાધર્મિક ભક્તિ (૩) યાત્રાત્રિક (૪) સ્નાત્ર મહોત્સવ (૫) દેવદ્રવ્યવૃદ્ધિ (૬) મહાપૂજા (૭) રાત્રિજગો (૮) શ્રુતપૂજા (૯) ઉજમણું (૧૦) શાસનપ્રભાવના (૧૧) પાપશુદ્ધિ.

આ અગિયાર કર્તવ્યોની જેમ જ એક કર્તવ્ય છે પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્ર વિધિપૂર્વક સાંભળવું. આજે પરમ પવિત્ર શ્રી કલ્પધરનો દિવસ છે. **આજથી શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીએ પૂર્વમાંથી ઉધ્ધરેલ કલ્પસૂત્ર વાંચનનો પ્રારંભ થશે.** પાંચ દિવસ અને નવ વ્યાખ્યાનોમાં સંપૂર્ણ **શ્રી કલ્પસૂત્ર શ્રાવકોને સંભળાવવામાં આવશે.** બાર મહિનામાં આ એક જ આગમસૂત્ર આ દિવસોમાં જ સંપૂર્ણ સંભળાવવામાં આવે છે. એટલે શ્રાવકોએ પણ બીજાં બધાં કાર્યો ગૌણ કરીને સાક્ષાત્ પરમાત્માની વાણી સ્વરૂપ શ્રી કલ્પસૂત્ર અખંડ, અપ્રમત્તપણે સાંભળવું જ જોઈએ.

આ તો તમારા બધાનાં અહોભાગ્ય છે કે આવું પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્ર સાંભળવા મળે છે. બાકી મુખ્યતયા શ્રી કલ્પસૂત્રના વાંચન અને શ્રવણનાં અધિકારી સાધુ સાધ્વીજી ભગવંતો જ હતાં. પરંતુ શ્રી વીર પરમાત્માના નિર્વાણથી ૯૮૦ વર્ષે એટલે કે

આજથી લગભગ ૧૫૦૦ વર્ષ પૂર્વે વલભીપુર સમીપે આનંદપુર નગરમાં ધ્રુવસેન રાજા થઈ ગયા. તેના જુવાનજોધ પુત્રના મરણથી તે અત્યંત શોકાતુર થયો. ત્યારે તેને મહોત્સવપૂર્વક આ શ્રી કલ્પસૂત્ર સંભળાવવામાં આવ્યું. એના શ્રવણથી એનો શોક ચાલ્યો ગયો ત્યારથી શ્રાવક-શ્રાવિકાઓને આ પવિત્ર સૂત્ર સંભળાવવામાં આવે છે. ધ્રુવસેન રાજાની જેમ જ આજે પણ ભાવપૂર્વક અખંડ રીતે શ્રી કલ્પસૂત્ર શ્રવણ કરનારના શોક-સંતાપ, દુઃખ-દોહગ દૂર થયા વિના રહેતા નથી.

વળી, અત્યારે પ્રાયઃ દરેક જગ્યાએ જે સંભળાવવામાં આવે છે તે શ્રી કલ્પસૂત્ર ઉપર આજથી લગભગ ૩૫૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા ઉપા.શ્રી વિનયવિજયજી મહારાજ રચિત વિવરણ છે. એમની શૈલી પણ એટલી રસાળ અને મધુર છે. આજથી ૧૦૦ વર્ષ પહેલાનો સમય એવો હતો કે જ્યારે આ સુબોધિકા વૃત્તિ વ્યાખ્યાનમાં વંચાતી નહોતી. તે સમયે અમદાવાદમાં એક મુનિ મહારાજે સંસ્કૃત સુબોધિકા વૃત્તિ વાંચવાનો પ્રારંભ કર્યો. તે સાંભળીને આગળ બેઠેલા એક શ્રાવકને એટલો બધો આનંદ થયો કે તેણે તેને તે વખતે ઘરેથી ગાડાના પૈડા જેવા, મૂળાના પતીકા જેવા ચાંદીના રોકડા રૂપિયા મંગાવીને પ્રભાવના કરી.

આ સુબોધિકા વૃત્તિ કેટલી રસાળ છે. તેનો એક જ દાખલો લઈએ. આજે પહેલા વ્યાખ્યાનમાં જ્યાં શ્રી કલ્પસૂત્રનો મહિમા

વર્ણવ્યો છે. ત્યાં જુદી જુદી ઉપમાઓ આપી છે. દેવોમાં ઈન્દ્ર, તારામાં ચન્દ્ર, ન્યાયપ્રવીણોમાં રામ, રૂપવાનોમાં કામદેવ, રૂપવતીઓમાં રંભા, વાજિંત્રમાં ભંભા, હાથીમાં ઐરાવત, સાહસિકોમાં રાવણ, બુદ્ધિમાનમાં અભયકુમાર, તીર્થોમાં શત્રુંજય, ગુણોમાં વિનય, ધનુર્ધારીમાં અર્જુન, મન્ત્રમાં નવકાર મંત્ર, વૃક્ષમાં આંબો તેમ **સર્વશાસ્ત્રોમાં શ્રી કલ્પસૂત્ર શ્રેષ્ઠ છે.**

શ્રી કલ્પસૂત્રનો મહિમા ગાતાં ગાતાં ત્યાં સુધી કહી દીધું કે જે જીવ એકાગ્રચિત્તથી, વિધિપૂર્વક આ સૂત્રના સર્વ અક્ષર સાંભળે છે તે સાત કે આઠ ભવની અંદર જ મુક્તિસુખને પામે છે.

શ્રી કલ્પસૂત્રમાં એવું તે શું આવે છે કે એનો આટલો બધો મહિમા ગાવામાં આવ્યો ? એમ કહેવાય છે કે એવો કોઈપણ વિષય નથી કે જે આ ગ્રંથમાં ન આવતો હોય. મુખ્યતયા ધર્મશાસ્ત્ર તો છે જ. જેમાં મુખ્યવૃત્તિએ ચોવીસ ભગવાનનાં ચરિત્રો અને સાધુ સાધ્વીજીનો આચાર બતાવ્યો છે. શ્રાવક શ્રાવિકાનો આચાર પણ છે જ. તે સિવાય છ પ્રકારના રસ, ગણિત, જ્યોતિષ, નિમિત્તશાસ્ત્ર, આયુર્વેદ, નીતિશાસ્ત્ર, કથા વિ. દરેક વિષયો ઓછેવત્તે અંશે આવરી લેવાયા છે. કેવી રીતે ચાલવું, બેસવું, ઊઠવું, બોલવું, ખાવું, પહેરવું, ઊંઘવું વિ.ની ઝીણામાં ઝીણી હકીકતો આમાં છે. માલિકે નોકર સાથે કેવી રીતે વર્તન કરવું, નોકરે માલિક સાથે કેવો વહેવાર રાખવો, બહેનોએ કેવી રીતે

ચાલવું, ભાઈઓએ કેવી રીતે ચાલવું, સારા સમાચાર હોય તો કેવી રીતે વર્તવું. માઠા સમાચાર આવે તો કેવું વર્તન કરવું વિગેરે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાતો બતાવી છે. જો માણસ બરાબર સાંભળે અને સાંભળ્યા પછી એ પ્રમાણે પોતાના જીવનમાં ફેરફાર કરે તો એનું સમગ્ર જીવન જ પલટાઈ ગયા વિના રહે નહિ.

આજે પહેલા વ્યાખ્યાનમાં સાધુઓના દસ પ્રકારના આચાર બતાવ્યા છે. તેમાં અવસરોચિત કહ્યું કે ચોથા આરાના સતયુગના જીવો સરળ અને પ્રાજ્ઞ હતા. જ્યારે આ કલિકાળના પાંચમા આરાના જીવો વક્ર અને જડ હોય છે. તેના માટે એક સરસ ઉદાહરણ બતાવ્યું છે. એક વણિક પુત્રને પિતાએ ઘણીવાર શિખામણ આપી કે વડીલોની સામે ન બોલવું. વારંવારની શિક્ષાના કારણે મનમાં રાખ્યું કે એકવાર બરાબર શિખવાડી દઉં. હવે એક દિવસ માતાપિતા વિ. ઘરના દરેક સભ્યો બહાર ગયા હતા. એક પુત્ર જ ઘરમાં. લાગ જોઈને એ બારણા બંધ કરીને બેસી ગયો. બધા બહારથી આવ્યા. બારણું ખખડાવ્યું તો કોઈ બોલે નહિ. વારંવાર જોર જોરથી ખખડાવવા છતાં જ્યારે બારણું ખોલ્યું નહિ, ત્યારે પિતા ભીંત ઠેકીને અંદર ગયા જોયું તો સુપુત્ર? ઊભો ઊભો હસતો હતો. પૂછ્યું કે કેમ બોલતો નહોતો? તો કહે, તમે જ કહ્યું હતું ને કે માતાપિતા વિ. વડીલોની સામે બોલવું નહિ.

આવા વક્ર અને જડ જીવો માટે મોક્ષમાર્ગ દુર્લભ છે. અને ઋજુ-પ્રાજ્ઞ જીવો માટે મોક્ષમાર્ગ સુલભ છે. આવું સાંભળીને આપણે વક્રતા અને જડતા ત્યજીને ઋજુ અને પ્રાજ્ઞ બનવા યત્ન કરીએ.

આવી તો અનેક વાતો આમાં ભરેલી છે. આજે બપોરના બીજા વ્યાખ્યાનમાં શ્રી મહાવીર સ્વામી ભગવાનના ૨૭ ભવોનું વિસ્તારથી વર્ણન આવશે. ખાસ સાંભળવા જેવું છે. પરમાત્મા આપણા જેવા જ હતા તો એ માનવમાંથી મહામાનવ કેવી રીતે બની શક્યા. ઈત્યાદિ સાંભળીને આપણે પણ પામરમાંથી પરમાત્મા બનવા તરફ ડગ માંડીએ.

• • •

**મૈત્રીનો વિસ્તાર,**
**ઉપકારનું પ્રેરકબળ છે.**

# ૫

# જન્મકલ્યાણક વાંચન

ઓ...હો...હો... આજનું પરોઢ તો કેવું મઝાનું છે. કેવો શાંત, સુગંધી અને શીતલ પવન વાઈ રહ્યો છે. આકાશ પણ કેટલું સ્વચ્છ છે. અને આ મોરના મધુરા ટહુકાર અને કોયલનો મીઠો મસ્ત કલરવ કર્ણને સુખ આપી રહ્યો છે અને મનને તરબતર કરી રહ્યો છે. અને આ ચારેબાજુનાં ઘરોમાં શી ચહલપહલ મચી છે ! આ નાના-

નાના બાળકો કેમ વહેલા-વહેલા તૈયાર થવા લાગ્યા છે ? આ ઘેર-ઘેર રંગોળીઓ પૂરાય છે, તોરણો બંધાય છે. આજે શું છે ?

હા... હા... યાદ આવ્યું.. આજે તો ચરમ તીર્થપતિ ભગવાન મહાવીરદેવના જન્મવાંચનનો દિવસ છે. આજે જગજ્જનની ત્રિશલા માતાએ જોયેલાં-નીરખેલાં ચૌદ મહાસ્વપ્નોનાં દર્શન કરવા, પરમાત્માનાં દર્શન કરવા, પરમાત્માનો જન્મ થયો એ સાંભળવા જવા માટેની આ બધી તૈયારી છે. જનપદ તો ઠીક પણ પક્ષીઓ અને કુદરતમાં પણ આજે આનંદ વર્તાઈ રહ્યો છે.

જો શ્રી કલ્પસૂત્રમાં આવતા પરમાત્મા મહાવીરદેવના જન્મવાંચન અને એના શ્રવણ માટે પણ આટલો ઉત્સાહ અને ઉમંગ હોય તો ખરેખર જ્યારે પરમાત્માનો જન્મ થયો હોય ત્યારના કાળની અને તે સ્થળની તો શી વાત કરવી ? એના વર્ણન માટે કલમ અને શાહી ઓછાં પડે પણ મન તો ત્યાં પહોંચી જાય છે.

ત્રેવીશમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાને કહેલું હતું કે ચોવીસમાં શ્રી વર્ધમાનસ્વામી થવાના છે તેથી તથા પરમાત્માનું ચ્યવન કલ્યાણક થઈ ગયેલું છે અને પ્રભુમાતા ત્રિશલાદેવીને ચૌદમહાસ્વપ્નોથી સૂચિત છે કે જગત્ઉદ્ધારક, જગતપિતા, જગગુરુ, પરમાત્મા શ્રી મહાવીરદેવનો જન્મ થવાનો છે એટલે માત્ર સિદ્ધાર્થ મહારાજા અને ત્રિશલામાતા કે એના કુટુંબીજનો જ

નહિ પણ સમગ્ર ક્ષત્રિયકુંડગ્રામના નગરજનો, અને સમગ્ર સચરાચર જગત તો શું પણ દેવો, દાનવો, ગંધર્વ અને ઈન્દ્રો પણ જેઓના પૃથ્વી ઉપર અવતરણની વાટ જોઈ રહ્યા છે, સમગ્ર વિશ્વ જેઓને આવકારવા માટે થનગની રહ્યું છે, એ દિવસ, મુહૂર્ત, ઘડી, પળ, વિપળ અને સમય નજીક આવી રહ્યાં છે. પ્રભુ નવ મહિના અને સાડાસાત દિવસ ગર્ભમાં રહ્યા. ચૈત્ર સુદિ તેરસનો મધ્યરાત્રિનો સમય છે. ત્યારે નવગ્રહોમાંથી સાતગ્રહો ઉચ્ચસ્થાને વર્તી રહ્યા છે. શ્રેષ્ઠ ચન્દ્રનો યોગ આવ્યો ત્યારે દિશાઓ પણ જાણે આ પૃથ્વી ઉપર અવતરનાર વિભૂતિનો સ્વભાવ સૂચવતી ન હોય તેમ સૌમ્ય છે. રજોવૃષ્ટિ વિ.થી રહિત છે. મધ્યરાત્રિનો સમય હોવા છતાં દિશાઓ અંધકાર રહિત છે. કારણ કે પરમાત્માના જન્મસમયે ચારેબાજુ, સર્વત્ર પ્રકાશ.. પ્રકાશ ફેલાય છે. આ વિશ્વ ઉપર તો ઠીક પણ **'સાતે નરકે થયાં અજવાળાં થાવરને પણ સુખકારી.'** જાણે હવે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થવાનો છે અને જ્ઞાનસૂર્ય ઝળાહળાં કરતો પ્રકાશવાનો છે. એમ સૂચવવા માટે સાતે સાત નરકમાં જ્યાં ગાઢ અંધારું હોય છે ત્યાં પણ એક ક્ષણ માટે અજવાળા પથરાઈ ગયાં. અરે ! જે સ્થાવર જીવો છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એને પણ એક ક્ષણને માટે સુખનો અનુભવ થાય છે, અને કેમ ન થાય ? જગતના જીવમાત્રને સુખી કરવાનો જેમણે સંકલ્પ કર્યો છે અને એ સંકલ્પને સિદ્ધ કરવા માટે જ જેઓ જન્મ લઈ રહ્યા છે. ત્યારે જીવમાત્રને સુખ થાય જ એમાં કોઈ આશ્ચર્ય નથી. વળી, સર્વ

દિશાઓ પરમાત્માના ધ્યાનને સૂચવતી હોય તેવી વિશુદ્ધ હતી. દિગ્દાહ વિગેરેથી રહિત હતી. સર્વ પક્ષીઓ અરે ! પેલાં કાગડો, ઘુવડ અને ચીબરી કે જેનો સ્વર સાંભળવો પણ ન ગમે તે પણ જય જયકાર, મંગલ શબ્દો બોલી રહ્યા છે. અને પેલો વાયુ પણ સુગંધી, શીતલ અને મંદમંદ સુખપ્રદ વાઈ રહ્યો છે. વળી આ સર્વસહા પૃથ્વી ઉપર પણ સર્વધાન્ય નિષ્પન્ન થયા છે. એટલે કે સુકાળ પ્રવર્તી રહ્યો છે અને એ સુકાળના કારણે જ સર્વ જનપદ, સર્વ લોક પણ ખુશ છે, આનંદિત છે. અને એટલે જ વસંતોત્સવ ઉજવી રહ્યા છે. એટલે ટૂંકમાં કહીએ તો સમગ્ર જડચેતન પૃથ્વી આનંદમય બની ગઈ છે. તેવે સમયે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવે છતે આરોગ્યવાળા એવા ત્રિશલામાતાએ આરોગ્યયુક્ત એવા પુત્રને સુખપૂર્વક જન્મ આપ્યો.

પરમાત્માના જન્મનું આવું સામાન્ય વર્ણન પણ આટલું આનંદપ્રદ હોય તો જન્મસમયનો આનંદ તો અવર્ણનીય જ હોય.

આ સમગ્ર વર્ણન ચોથા વ્યાખ્યાનમાં આવે છે. ત્રીજા વ્યાખ્યાનમાં ત્રિશલામાતાએ જોયેલાં ચૌદ મહાસ્વપ્નોનું સવિસ્તર ઝીણવટભર્યું વર્ણન છે. ફૂલની માળા છે. તો ફૂલ કયા કયા પ્રકારના છે. કેવા સુગંધી, કેવા વર્ણના કેવા સ્પર્શવાળા વિ. વિસ્તૃત વર્ણન આવે છે. સ્વપ્ન દર્શન પછી માતા શું કરે છે. સિદ્ધાર્થ મહારાજા પાસે જાય છે. તો કેવી અત્વરિત, અચપલ, અસંભ્રાન્ત, વિલંબરહિત, રાજહંસ સમાન ગતિએ જાય છે.

એટલે કે બન્નેના શયનકક્ષ અલગ અલગ છે. ત્યાં જઈને જગાડે છે. તો કેવી મધુર, ઈષ્ટ, કલ્યાણ કરનારી અને કર્ણને સુખ આપનારી વાણીથી જગાડે છે વિ. સૂક્ષ્મમાં સૂક્ષ્મ નિરૂપણ કર્યું છે.

**તે પછી સિદ્ધાર્થ મહારાજા સેવકોને બોલાવે છે તો ત્યાં સેવકોની જગ્યાએ કૌટુંબિક પુરુષો શબ્દ વાપર્યો છે. આર્યાવર્તમાં સ્વામી અને સેવકને કૌટુંબિક જેવો સંબંધ હતો. એને બોલાવે છે તો પણ 'હે દેવાનુપ્રિય' એવા સંબોધનથી બોલાવે છે** અને સેવકો પણ મહારાજાએ પોતાને કાર્ય ભળાવ્યું. એટલે ખુશ થયા, આનંદિત થયા અને જલ્દીથી એ કાર્ય કરવા તત્પર બન્યા.

બને જ ને ! કારણ કે જે સ્વામીનો સેવક સાથે આવો મૈત્રીભર્યો સંબંધ હોય તે સેવક સ્વામીનું કાર્ય કરવા હંમેશા ઉત્સાહી હોય.

શ્રી કલ્પસૂત્રમાં આવતી આવી વ્યવહારની વાતને બરાબર સાંભળીને બરાબર અવધારીએ અને જીવનમાં અમલ કરીએ તો શાસ્ત્રકારોએ શ્રી કલ્પસૂત્રનો ગાયેલો મહિમા આપણા જીવન માટે યથાર્થ ઠરે. અને જ્ઞાનદિવાકર શ્રી વીર પરમાત્માનું જન્મશ્રવણ આપણા અજ્ઞાનને હટાવવામાં અને અજન્મા બનવા માટે સહાયક બને.

• • •

૬

# પ્રભુ વીરનો સાધના સમય

'સાંકડા ભાઈ પર્વના દા'ડા' આ ઉક્તિ પ્રમાણે પર્યુષણા આવે છે, આવે છે, કરતાં આવ્યા અને જેટલા દિવસ બાકી રહ્યા તેનાથી વધુ દિવસો વીતી ગયા. એ આવેલા દિવસોને અને સમયને ઓળખીને જેણે એનો જીવન પરિવર્તનમાં ઉપયોગ કરી લીધો તેના દિવસો સાર્થક થઈ ગયા. અને જે વિચારમાં રહ્યા. હજુ પણ

મોહનિદ્રામાં પોઢી રહ્યા તેમના દિવસો નિરર્થક ગયા. સમય તો નદીના પ્રવાહની જેમ અટક્યા વિના વહી જ રહ્યો છે. જેણે એ સમય સાધી લીધો તે પોતાનો થઈ ગયો. એ મૂડી બની ગઈ.

**આવા પરમ પવિત્ર પર્વાધિરાજ પર્યુષણને પામીને એટલું નક્કી કરીએ કે એક દિવસમાં એક અવગુણ એક ખામી દૂર કરીએ અને એક નવો સદ્‌ગુણ પ્રાપ્ત કરીએ.**

આજે પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્રનું પાંચમું અને છઠ્ઠું એમ બે વ્યાખ્યાન વાંચવામાં આવશે. ચરમ તીર્થપતિ પરમાત્મા મહાવીરદેવના જન્મથી લઈને નિર્વાણ સુધીનું સવિસ્તર વર્ણન આવશે. જેઓના ચ્યવન અને જન્મ બે કલ્યાણકો થઈ ગયેલા છે એવા પરમાત્માના જીવનમાં પણ કેવા કેવા પ્રસંગો આવે છે. પરમાત્મા સાત વર્ષના થયા ત્યારે માતાપિતા તેમને પંડિત પાસે નિશાળે ભણવા લઈ જાય છે. ત્યારે આજની જેમ બાળક જન્મે એટલે એડમીશન માટેના પ્રયત્નો અને ૩ વર્ષનો પૂરો થયો ન થયો ને નિશાળે ધકેલી દેવાની વાત નહોતી. આજે તો બાળકની ખેલકૂદની, હસવા રમવાની ઉંમરે એની મા એનાથી છૂટવા નિશાળે ધકેલી દે છે. વિકાસના નામે બાળકના શારીરિક અને માનસિક વિકાસને રુંધી દે છે અને એનું પરિણામ આપણે જોઈએ જ છીએ.

જન્મથી મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનના ધણી ભગવાનને એકડા શીખવા નિશાળે લઈ જાય છે તો પરમાત્મા એક અક્ષર પણ બોલતા નથી કે હું તો બધું જાણું છું. પરમાત્માની આ કેવી મહાન ગંભીરતા અને વડીલો પ્રત્યેનો વિનય ! પરમાત્માના જીવનના એક એક પ્રસંગોને વિચારીએ તો એટલા ગુણો દૃષ્ટિગોચર થાય કે આપણી આ એક જીભ વડે, કે એક કલમ વડે અને મર્યાદિત કોલમમાં એનું વર્ણન કરવું અશક્ય જ છે. કોઈક કવિએ સાચું જ કહ્યું છે.

**સબ પૃથ્વી કાગજ કરું, કલમ કરું વનરાઈ**
**સબ સાગર સ્યાહી કરું, પ્રભુગુણ લિખ્યો ન જાઈ.**

પરમકૃપાળુ પરમાત્માએ જે કંઈ ઉપદેશ આપ્યો તે પોતે જાતે આચરીને આપણને બતાવ્યો. નહિ તો જેઓ જન્મથી ત્રણ જ્ઞાન-યુક્ત હતા, ચૌદ મહાસ્વપ્નોથી સૂચિત જેઓનું તીર્થંકરપણું જાહેર થયેલું હતું, સર્વ કર્મ ખપાવીને જેઓ મોક્ષે જવાના એ નક્કી હતું, છતાં સંયમ વિના, ચારિત્ર વિના મુક્તિ નથી એ બતાવવા માટે રાજપાટનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરી. પ્રભુ ૩૦ વર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા તે દરમિયાન દુઃખ શી ચીજ છે એ જેઓએ જોઈ નથી તેવા પ્રભુએ જે ક્ષણે સંયમ સ્વીકારીને વિહારનો પ્રારંભ કર્યો તે ક્ષણથી જ પરીષહ અને ઉપસર્ગોની ફોજની ફોજ ચઢી આવી. જાણે રાહ જોઈને જ ન બેઠી હોય. પ્રભુએ જે કોઈ

પરીષહો ઉપસર્ગો આવ્યા તેને સમભાવે સહન કર્યા. અરે ! સામે ચાલીને ઘોર અભિગ્રહો ધારણ કર્યા.

**પ્રભુ દીક્ષા લઈને સાડાબાર વર્ષ છદ્મસ્થ અવસ્થાએ રહ્યા. એમાં એક ક્ષણ પણ આપણી જેમ લાંબા થઈને સૂતા નથી. 'સાડાબાર વરસ જિન ઉત્તમ વીરજી ભૂમિ ન ઠાયા.' સાડાબાર વરસમાં પ્રભુએ માત્ર બે ઘડી ૪૮ મિનિટ જ નિદ્રા લીધી છે** અને તે પણ આપણે પ્રતિક્રમણ અને વ્યાખ્યાનમાં ઝોકું ખાઈ લઈએ તે રીતે. આપણું તો એક ઝોકું પણ બે ઘડીનું હોય છે.

તે સિવાય પણ પ્રભુએ દેવોએ, મનુષ્યોએ, તિર્યંચોએ કરેલા એવા એવા ઘોર ઉપસર્ગો સહન કર્યા છે કે એનું માત્ર વર્ણન વાંચતા કે સાંભળતા પણ આપણને ધ્રુજારી થઈ જાય. આવા પણ પરીષહો અને ઉપસર્ગો પ્રભુએ મેરૂની જેમ અડોલ રહીને સમભાવે સહન કર્યા. **મેરુ ડગે, પણ એના મનડા ન ડગે.** એ દરેક ઉપસર્ગમાં સંગમદેવે છ મહિના સુધી કરેલા ઉપસર્ગો સહુથી ઉત્કૃષ્ટ હતા. એ અધમ દેવે પ્રભુને એક જ રાત્રિમાં ૨૦ ઉપસર્ગો એવા કર્યા કે જેમાંનો એક ઉપસર્ગ પણ પ્રભુ સિવાય બીજાના પ્રાણ હરી લે. છ મહિના સુધી આવા ઘોર ઉપસર્ગો કર્યા તે છતાં પ્રભુ મનથી પણ ચલાયમાન ન થયા અને **સંગમ જ્યારે હારી થાકીને પાછો વળે છે ત્યારે પ્રભુની બન્ને આંખમાં અશ્રુબિંદુ ટપકી પડે છે. શા કારણે ભાઈ ! આટલા બધા દુ:ખના કારણે ? નહિ.**

**નહિ. એ આંસુ તો હતા સંગમદેવ ઉપરની કૃપાના કારણે, કરુણાના કારણે ! આ એક જીવ છ મહિના સુધી મારા પરિચયમાં, મારા સંગમાં રહ્યો છતાં કંઈ પણ પામ્યા વિના જાય છે એ દુઃખનાં આસું આવી ગયા. કરુણાના આંસુ આવ્યા.**

કેવી અજબ કરુણા.. કેવી ગજબ કૃપા.. પરમાત્માનું અદ્દ્ભુત પ્રેરક ચરિત્ર વાંચી સાંભળીને પ્રભુને એક જ પ્રાર્થના કરીએ:

**'ગુણ અનંતા સદા, તુજ ખજાને ભર્યા, એક ગુણ દેત મુજ શું વિમાસો,'** પરમાત્માના અનંતા ગુણોમાંથી એક જ ગુણ આત્મસાત્ થઈ જાય તો આપણું કલ્યાણ નિશ્ચિત.

• • •

**ક્ષમા, સરળતા, સદ્ભાવ અને**
**સ્નેહથી બનેલો મૈત્રીપુલ**
**આપણને પરમાત્મા સુધી પહોંચાડે છે.**

૭

# ત્રેવીસ તીર્થંકર ચરિત્ર

પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના પાંચ કર્તવ્યોનું પાલન કરવા, પાંચ વિષયોને ટાળવા, પાંચ આશ્રવોને રોકવા, પાંચ મહાવ્રત પાળવા અને પાંચ ખક્ખાને કાઢવા માટે કરવાની છે. **ખાર, ખેંચ, ખોદણી, ખટપટ અને ખટાશ આ પાંચ ખક્ખા આત્મધર્મનો નાશ કરે છે.** પર્યુષણ પર્વની આરાધના કરતાં કરતાં મનનાં ખૂણામાં રહેલા આ પાંચે ખક્ખાને ખોતરી ખોતરીને

બહાર ખેંચી કાઢવાના છે. જો આવા મહાન પર્વાધિરાજને પામીને પણ જીવનમાં કાયમી કોઈ પરિવર્તન ન કરી શક્યા તો *'તક ચૂક્યો જન્મારો રોવે'* એ કહેવત અનુસાર રોવાનો વારો આવશે.

આજે પર્યુષણનો સાતમો દિવસ છે. પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્રને વિષે શ્રી જિનેશ્વર પરમાત્માના ચરિત્રોનો ક્રમ પશ્ચાનુપૂર્વી છે. શ્રી વીરપરમાત્માનું ચરિત્ર પહેલાથી છઠ્ઠા વ્યાખ્યાન સુધી વિસ્તારથી જોયું. સાતમા વ્યાખ્યાનમાં આ જ ક્રમથી પહેલાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચરિત્ર આવે છે. હાલમાં શ્રી વીર પરમાત્માનું શાસન હોવા છતાં પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પરમાત્મા શ્રી સંઘમાં ઠેરઠેર વિપુલ પ્રમાણમાં પૂજાય છે. તેઓનાં જ ૧૦૮થી વધારે નામ આજે મળે છે. સૌથી વધુ પાર્શ્વનાથ પરમાત્માના તીર્થો આજે વિદ્યમાન છે.

શ્રી મહાવીર સ્વામી ભગવાન દયાથી પ્રેરાઈને ચંડકૌશિક સર્પને તારવા માટે સામે ચાલીને અરણ્યમાં ગયા. શ્રી પાર્શ્વનાથ પરમાત્મા કમઠ તાપસનાં પંચાગ્નિ તપમાં બળી રહેલા, લાકડાની સાથે સળગતા સર્પને બચાવવા-તારવા સામે ચાલીને નગરની બહાર ગયા. શ્રી નેમનાથ પ્રભુ પોતાના લગ્નના ભોજનસમારંભ માટે લવાયેલાં પશુઓને બચાવવા લગ્ન કર્યા વિના જ લગ્નમંડપ છોડીને પાછા વળ્યા. શ્રી મુનિસુવ્રત સ્વામી એક અશ્વને પ્રતિબોધ કરવા માટે એક રાતની અંદર માઈલોનો વિહાર કરીને ગયા. આ ચારે પરમાત્માના આ ચાર પ્રસંગોને વિચારીએ તો આપણને સમજાશે કે પરમાત્મા કૃપાથી-કરુણાથી છલકતા સાગર જેવા

હતા. પરમાત્મામાં રાગદ્વેષ ન હોય પણ પરમાત્માના હૃદયમાં કરુણાના તો ધોધ ઊભરાતા હોય આપણે સ્તવનમાં બોલીએ છીએ ને *'હે કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.'*

આવા કરુણારસ ભંડાર ચોવીસ તીર્થંકર પરમાત્માના જીવનચરિત્રો સાંભળીને આપણે પણ આપણા હૃદયને દયાથી ભીનું બનાવીએ કહ્યું છે કે,

**કૃપાનદી મહાતીરે, સર્વે ધર્માસ્તૃણાંકુરાઃ ।**
**તસ્યાં શોષમુપેતાયાં, કિયન્નન્દન્તિ તે ચિરમ્ ॥**

કૃપા-દયારૂપી મહનદીના કાંઠે બીજા બધા ધર્મો તૃણ અને અંકુરા જેવા છે. જ્યાં સુધી દયારૂપી નદી ખળખળ વહેતી હશે ત્યાં સુધી દાનાદિ સર્વે ધર્મો રૂપી ઘાસ-અંકુરા નવપલ્લવિત રહેશે. જ્યારે એ કૃપાનદી સુકાઈ જાય પછી એ બધા તૃણાંકુરો કેટલો વખત લીલા રહે ? એ પણ તરત જ સુકાઈ જાય.

શ્રી પાર્શ્વનાથ પરમાત્માના ચરિત્ર પછી બાવીસમા શ્રી નેમિનાથ ભગવાનનું જીવનચરિત્ર વિસ્તારથી વર્ણવ્યું છે. તે પછીના વીસ તીર્થંકર પરમાત્માનો સમય એટલે કે તેઓ કયા સમયે થયા, તેમને થયે કેટલાં વરસ થયાં તે સંક્ષેપમાં બતાવ્યું છે.

જિનશાસનની આ એક ખાસ વિશિષ્ટતા છે કે પહેલા શ્રી ઋષભદેવ ભગવાનથી લઈને ચોવીસમા શ્રી મહાવીર સ્વામી ભગવાન અને ત્યાંથી અત્યાર સુધીની આખી સાલવારી, સમગ્ર પટ્ટપરંપરા અખંડ મળી આવે છે. બીજા બધા ધર્મોમાં આશરે

હજારો, લાખો વર્ષ બતાવશે જ્યારે જૈનધર્મે ચોક્કસ અને સ્પષ્ટ સમય બતાવ્યો છે. આજે કોઈપણ ગૃહસ્થ પાસે પોતાની સાત પેઢીથી વધારે નામ નહિ હોય જ્યારે શ્રી મહાવીર પરમાત્માથી લઈને આજ સુધીની પરંપરા નામ-ઠામ, સમય સાથે અખંડ મળે છે.

છેલ્લે શ્રી આદીશ્વર ભગવાનનું જીવનચરિત્ર વિસ્તારથી વર્ણવ્યું છે. શ્રી ઋષભદેવ પરમાત્માનું ચરિત્ર પણ રસાળ અને સુંદર છે. એના એક એક પ્રસંગો ચિંતનીય-મનનીય છે.

બપોરે છેલ્લા વ્યાખ્યાનમાં શ્રી વર્ધમાન સ્વામીથી ગ્રંથલેખન થયું ત્યાં સુધીની પટ્ટપરંપરા બતાવી છે. એ પરંપરામાં કેવા કેવા મહાપુરુષો થઈ ગયા, કેવું મહાન જીવન જીવી ગયા એ ખાસ શ્રવણ કરવા યોગ્ય છે. સુધર્મા સ્વામી, જંબૂ સ્વામી, મનક મુનિ, સ્થૂલિભદ્રજી, વજસ્વામીજી વિ.ના એક એક ચરિત્રો એવાં સુંદર અને બોધપ્રદ છે કે એ એક એક ચરિત્ર માટે ઓછામાં ઓછું એક વ્યાખ્યાન ચાલે.

આવતી કાલે સંવત્સરી મહાપર્વ છે. સાત-સાત દિવસ સુધી જેના માટે આપણે તૈયારી કરી છે તે પવિત્ર દિવસ આવી ગયો છે. હજુ પણ જે જીવો જાગ્રત ન થયા હોય તેઓને માટે હજુ પણ સમય છે જાગ્રત થવાનો. ચાલો આપણે ભક્તિ-મૈત્રી અને શુદ્ધિ માટેના મહાપર્વ શ્રી સંવત્સરી પર્વને વધાવવા માટે તૈયાર થઈએ.

• • •

૮

# શુદ્ધિ પર્વ - સંવત્સરી

સાત-સાત દિવસથી જેની રાહ જોઈ રહ્યા હતા, જેને માટે તૈયારી કરી રહ્યા હતા તે સંવત્સરી મહાપર્વ આપણે આંગણે આવીને ઊભું છે. ચાલો... આપણે તેને ભક્તિ, મૈત્રી અને શુદ્ધિરૂપી રત્નત્રયીથી વધાવીએ. કોઈપણ કાર્ય માટે પહેલાં સાધન બતાવવામાં આવે. સાધનમાં બરોબર સ્થિર થાય પછી જ એને સાધ્ય બતાવવામાં આવે.

અને જે ક્ષણે એ સાધ્યને બરાબર ઓળખી લે. એ ક્ષણથી જ સિદ્ધિનો પ્રારંભ થાય છે. સંસ્કૃતમાં 'તારા અરુન્ધતી'નો ન્યાય આવે છે. કોઈક વ્યક્તિને આકાશદર્શન કરાવવાનું હોય. એમાં જ્યારે અતિસૂક્ષ્મ અરુન્ધતીનો તારો બતાવવો હોય ત્યારે પહેલાં એની બાજુનો થોડો ચળકતો તારો બતાવવામાં આવે છે કે આ અરુન્ધતી છે. એને બરાબર ઓળખતો થઈ જાય પછી એને ધીરે રહીને કહે કે જો, એની બાજુમાં થોડો નીચે એક ઝાંખો તારો દેખાય છે, એ જ અરુન્ધતી છે.

જેમ ત્યાં ચળકતા મોટા તારામાં સ્થિર થયા પછી અરૂન્ધતી બતાવવામાં આવે છે તેમ સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, પૌષધ, ઉપવાસ વિ. સાધન સ્વરૂપ ધર્મમાં બરાબર સ્થિર થઈ જાવ પછી તમને કહેવામાં આવે કે આ બધું તો સાધન છે. ખરેખર સાધ્ય તો બીજુ છે. જિનભક્તિ, જીવમૈત્રી અને પાપશુદ્ધિ એ સાધ્ય છે.

આ ત્રણમાં પહેલી ભક્તિ છે. સાચી જિનભક્તિ થાય તો જીવમાત્ર સાથે મૈત્રી જામે. અને જીવમૈત્રી થાય તો જ પાપશુદ્ધિ થાય. ફૂલમાં સુગંધની જેમ આત્મામાં વસેલા પરમાત્માને ઓળખીને શુદ્ધ થવાની તક એટલે જ સંવત્સરી મહાપર્વ. આ મહાન પર્વ દર વર્ષે આપણને શુદ્ધ થવાની પ્રેરણા આપે છે. અને પાપશુદ્ધિ માટે ચિત્તશુદ્ધિ અનિવાર્ય છે. પહેલા ચિત્તમાં દોષો દેખાય તો શુદ્ધિ કરવાનું મન થાય. આપણને આપણા દોષો જ

દેખાતા નથી. સ્વદોષદર્શન એ અધ્યાત્મમાર્ગની પ્રગતિનું પ્રથમ પગથિયું છે. આપણું ચિત્ત જ અસ્થિર, સંતાપવાળું અને મલિન છે. વિષયોથી અસ્થિરતા આવે. અજ્ઞાન અને મોહથી સંતાપ થાય અને કષાયોથી મલિનતા આવે. આ વિષય, કષાય અને અજ્ઞાન દૂર થાય તો ચિત્ત શાંત, સ્થિર અને નિર્મળ બને. જેમ પાણી શાંત, સ્થિર અને નિર્મળ હોય તો જ તેમાં રહેલો કચરો દેખાય તેમ મન પણ આવું શાંત, સ્થિર અને નિર્મળ બને તો જ મનના દોષો દેખાય અને મનની મલિનતા દેખાય તો એને કાઢવાનું મન થાય.

આ મનના દોષો દૂર થાય તો પાપશુદ્ધિ થાય. શરીરની મલિનતા સ્નાન દ્વાર દૂર થાય છે. તેમ મનની મલિનતા પ્રાયશ્ચિત દ્વારા દૂર થાય છે. જેમ કપડા ઉપર ચાનો ડાઘ પડે તો તરત જ એ કપડું ધોઈને ચાનો ડાઘ કાઢી નાંખીએ છીએ તેમ ચિત્તવસ્ત્ર ઉપર પડેલા દોષોરૂપી ડાઘનું તરત જ પ્રાયશ્ચિત કરવાથી, ક્ષમા માંગવાથી અને ફરી ન થાય તેનો નિશ્ચય કરવાથી અર્થાત્ આલોચના, પ્રતિક્રમણ અને પચ્ચક્ખાણ દ્વારા તાત્કાલિક ધોવાઈ જાય છે, સાફ થઈ જાય છે.

એટલે શુદ્ધિ માટે પ્રાયશ્ચિત જરૂરી છે અને પ્રાયશ્ચિત માટે પશ્ચાત્તાપ આવશ્યક છે. પાપ કરવું તે અધમ નથી. પણ છુપાવવાં એ અધમાધમ છે. **'હા, આ મારી ભૂલ છે.'** આવી કબૂલાત કરે

તો પશ્ચાત્તાપ થાય. અહં ઓગળે તો જ ભૂલની કબૂલાત થાય. અહં ઓગાળવા માટે સરળતા જોઈએ.

'સોહી ઉજ્જુભૂયસ્સ ધમ્મો સુદ્ધસ્સ ચિઠ્ઠઈ'

જે ઋજુ હોય, સરળ હોય તેને શુદ્ધિ થાય છે અને શુદ્ધિના સિંહાસન ઉપર જ ધર્મરાજા બિરાજે છે. એટલે જીવનમાં સરળતા લાવીને સરળતાપૂર્વક પશ્ચાત્તાપ કરવાનો છે. આજનું સંવત્સરી પ્રતિક્રમણ એ બાર મહિનામાં જાણતાં અજાણતાં લાગેલાં નાનામોટા પાપોનું પ્રતિક્રમણ છે. આ પ્રતિક્રમણ એટલે આપણા દોષો, ભૂલોને પૂજ્ય ગુરુભગવંત સમક્ષ જાહેર કરીને, તેનો ખરા હૃદયપૂર્વક પસ્તાવો કરીને અંતઃકરણપૂર્વક ક્ષમા માંગવાની છે. અને આ ભૂલો ફરી ન થાય તેનો નિશ્ચય કરવાનો છે. માટે દરેક જૈને બાર મહિનામાં આ એક સંવત્સરી પ્રતિક્રમણ તો અવશ્ય કરવું જ જોઈએ.

પ્રતિક્રમણ એ સામાન્ય પાપોનું પ્રાયશ્ચિત છે. પણ બાર મહિનામાં જે વિશેષ પાપો થયાં હોય તેનું ગુરુમહારાજની સાક્ષીએ અવશ્ય પ્રાયશ્ચિત લઈને શુદ્ધ થવું જોઈએ.

જો આ પ્રમાણે જિનભક્તિ બરાબર સ્થિર થઈ જાય તો જીવમૈત્રી આવશે. ***'જિન ઉત્તમ ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ'*** પરમાત્માના રોમેરોમમાં જીવમૈત્રી વસેલી છે માટે તેમના

ગુણ ગાતાં ગાતાં આપણામાં પણ જીવમૈત્રી આવે. અને જીવમૈત્રી બરાબર જામી જાય તો સાચા અર્થમાં ક્ષમાપના થાય અને સાચી ક્ષમાપના થાય તો પાપશુદ્ધિ થાય. આવી રીતે જિનભક્તિ, જીવમૈત્રી અને પાપશુદ્ધિને જીવનમાં વણી લઈને વહેલામાં વહેલા મુક્તિસુખને વરીએ એ જ એક શુભાભિલાષા.

પર્યુષણ મહાપર્વના આઠ દિવસના આઠ લેખોમાં જે કાંઈ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

• • •

**ક્ષમા રાખવાથી**

**જીવ સૌભાગ્ય આદેય અને**

**યશ નામકર્મ ઉપાર્જન કરે છે.**

# પર્યુષણપર્વ

# લેખમાળા

(પ્રવચનો ૧ થી ૮)

# ૧

# અમારિ પ્રવર્તન

તારે તે તીર્થ. ભારતભરની અનેક તીર્થભૂમિઓ આત્માને તારવાનું કાર્ય કરે છે. એ તીર્થના પ્રભાવથી જ આત્માને લાગેલાં પાપોનું પ્રક્ષાલન થઈ જાય છે. પુણ્ય પ્રગટે છે. દોષો દૂર થાય છે. પરંતુ એ તીર્થો પાસે આપણે સામે ચાલીને જવું પડે છે. જ્યારે પર્વ સામે ચાલીને આપણા દ્વારે આવીને ઊભા રહે છે અને

આત્માને પાવન કરવાનું કાર્ય કરે છે. આપણે તો માત્ર એનું સ્વાગત જ કરવાનું હોય છે. તો ચાલો આપણે આંગણે આવીને ઉભેલા પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વનું હૈયાના ઉમળકાથી સ્વાગત કરીએ.

જગતનાં બીજાં બધાં પર્વો છે. જ્યારે આ પર્વાધિરાજ છે. પર્યુષણ પર્વ એ આત્મપર્વ છે. આ પર્વમાં મહત્તા ખાવાપીવાની કે પૈસાની નથી. મહત્તા છે તપ અને ત્યાગની. સંયમ અને સ્વાધ્યાયની. પર્વાધિરાજનું સ્વાગત પણ તપ-ત્યાગથી જ કરવાનું છે. અનેક પુણ્યાત્માઓએ એક મહિના અગાઉથી કેટલાકે પિસ્તાલીસ દિવસ અગાઉથી ઉપવાસનો પ્રારંભ કરીને પર્યુષણના સ્વાગતની તૈયારીઓ આરંભી દીધી છે. આપણે પણ આપણી ભક્તિ અને ભાવ અનુસાર એનું સ્વાગત કરીએ. પર્વના સ્વાગત માટે શક્તિની નહિ ભક્તિની જરૂર છે. દ્રવ્યની નહિ ભાવની જરૂર છે. પર્વાધિરાજનું સ્વાગત કરવાનું છે, આઠે દિવસ સંપૂર્ણ નિષ્પાપ જીવન જીવવા દ્વારા, સાધુ જેવું જીવન જીવવા દ્વારા. આઠ દિવસના ચોસઠ પ્રહરી પૌષધ કરીને રહેવું. શક્ય ન જ હોય તો શક્ય એટલાં ઓછાં પાપ કરવાં. આ આઠ દિવસ દરમ્યાન ખાંડવું, દળવું વિગેરે કાર્યો ન કરવાં, કપડાંને ધોકા ન દેવા, ફળફળાદિ સહિત લીલોતરીનો સંપૂર્ણ ત્યાગ કરવો. ફેક્ટરી વિ. હિંસાત્મક ધંધો, રોજગાર ન કરવા, વાહન ન ચલાવવાં, આ

બધી દ્રવ્યઅહિંસા છે. એની સાથે સાથે આપણા દ્વારા કોઈપણ જીવને દુઃખ થાય, દિલ દુભાય તેવી પ્રવૃત્તિ નહિ કરવી અને તેવાં વચન ન બોલવા રૂપ ભાવઅહિંસા આવે તો દ્રવ્યઅહિંસા વિશેષ લાભનું કારણ બને. જો આમાંનું બીજું કાંઈપણ શક્ય ન હોય તો દરેક જૈન માત્રએ આ એક પાપ તો જીવનમાં ન જ કરવું. એવો દઢ નિર્ધાર કરવો જોઈએ. ગુણીજનોના ગુણ ગાવા માટે મળેલ જીભથી બીજાની નિંદા કરીશ નહિ અને જાતની પ્રશંસા નહિ કરું અને જિનવચનશ્રવણ માટે મળેલ કાનથી બીજાની નિંદા સાંભળીશ નહિ. નિંદા કરનાર જેટલો દોષિત છે, એટલો જ નિંદા સાંભળનાર પણ દોષિત છે. અથવા તો એક અપેક્ષાએ સાંભળનાર વધુ દોષિત છે. જો સાંભળનાર જ મળે નહિ તો નિંદા કરનાર નિંદા કરશે કોની પાસે ? અમારા દાદાગુરુ પૂજ્યપાદ અમૃતસૂરીશ્વરજી મહારાજનો આ સિદ્ધાંત હતો કે કોઈપણ માણસ એમની પાસે નબળી વાત કરવા આવે તો એને તરત જ રોકે અને એને મોઢામોઢ જ કહી દે કે તારી પાસે બીજી સારી વાત હોય તો કર. મારી પાસે આવી નબળી વાત નહિ કરવી.

સં. ૨૦૫૩ના પર્યુષણ પર્વમાં આ એક જ નિયમ કરશું તો પણ આપણા પર્યુષણ પર્વ સફળ છે. દરેક પર્યુષણમાં એક ગુણ લાવવાનો અને એક દોષ કાઢવાનો સંકલ્પ કરીએ તો પણ

આપણું જીવન દોષમુક્ત અને ગુણસમૃદ્ધ બને. જીવનને દોષમુક્ત અને ગુણસમૃદ્ધ બનાવવું એ જ પર્વ પર્યુષણની પાવન પ્રેરણા છે.

આજે પર્યુષણ પર્વનો પહેલો દિવસ છે. આજે દેરાસર-ઉપાશ્રય વિ. ધર્મસ્થાનોમાં જઈને અનેક નરનારીઓ ધર્મમાં લીન રહેશે. ગુરુ મહારાજ પાસે વ્યાખ્યાન શ્રવણ કરશે. આજે પૂજ્ય ગુરુ ભગવંતો શ્રાવકનાં પાંચ કર્તવ્યોની વાત કરશે. આપણે પણ અહિં એ કર્તવ્યોને સમજવાં છે. અને આદરવાં છે. આ પાંચ કર્તવ્યો માત્ર પર્યુષણમાં જ કરવાનાં છે એવું નથી. આ તો જીવનનાં કર્તવ્યો છે. આ તો પર્વ આપણા આંગણે આવીને પ્રમાદમાં પડેલા આપણને જગાડે છે. અને આપણા કર્તવ્યોનું ભાન કરાવે છે. પાંચ કર્તવ્યોમાં પહેલું કર્તવ્ય છે : **અમારિ પ્રવર્તન.** અમારિ એટલે અહિંસા, **અહિંસા પરમો ધર્મ** : જૈન ધર્મમાં અહિંસાને પ્રથમ સ્થાન છે. અહિંસા એ શ્રેષ્ઠ ધર્મ છે. સર્વે ધર્મોમાં દયાનું સ્થાન પ્રથમ છે. જ્યાં દયા છે ત્યાં જ ધર્મ છે. જ્યાં દયા નથી ત્યાં ધર્મ પણ નથી. જે ઘરના મુખ્ય સિંહાસન ઉપર દયા દેવી બિરાજમાન છે તે ઘરમાં દવારૂપી ડાકણ પ્રવેશી શકતી નથી. **દયા અને દાન તે આરોગ્ય અને લક્ષ્મીને આવવા માટેનાં બે દ્વારો છે.** કર્મનો સાદો સિદ્ધાંત છે કે જેવું આપો તેવું મળશે. કોઈને સુખ આપો તો તમને સુખ મળશે. કોઈને દુઃખ આપશો તો તમને દુઃખ મળશે. તમારે દવા ન જોઈતી હોય અને આરોગ્ય પ્રાપ્ત કરવું હોય તો દયા પાળો.

માત્ર જીવદયામાં હજાર બે હજાર રૂપિયા આપી દેવાથી કે કતલખાનેથી બે-પાંચ જીવોને છોડાવી દેવાથી સંતોષ માની લેવાનો નથી. અમારિને જીવનમાં વણી લેવાની છે. કલિકાલ સર્વજ્ઞના ઉપદેશથી કુમારપાળ મહારાજાએ અને જગદ્‌ગુરુના ઉપદેશથી અકબર બાદશાહે પ્રથમ પોતાના જીવનમાં જીવદયાનું પાલન કર્યું પછી પોતાના રાજ્યમાં અમારિ પ્રવર્ત્તાવી. કુમારપાળના રાજ્યમાં ઢોરો પણ ગાળેલું પાણી પીતાં હતાં. આજે આપણે એવો નિયમ પણ પાળી શકતા નથી કે ગાળેલું પાણી જ વાપરવું. આપણે જો કોઈ જીવને જીવાડી ન શકતા હોઈએ તો આપણને મારવાનો અધિકાર કોણે આપ્યો છે ? આપણા ઘરમાં માંકડ મારવાની દવા, મચ્છર મારવાની દવા આવવી જ ન જોઈએ. જે જૈનોના ઘરમાં 'માર' એવો શબ્દ પણ બોલાતો નહોતો અહિંસક-નિર્દોષ શબ્દપ્રયોગ જ થતા હતા, તે જ ઘરોમાં ખૂન, મારામારી, લૂંટ, બળાત્કાર વિ. નાં દૃશ્યો દેખાડાતા ટીવી સેટ ડ્રોઈંગરૂમમાં હોય તે પણ એક જાતની હિંસા જ છે.

આવી સૂક્ષ્મ હિંસાને સમજીએ અને સમજીને જીવનમાં આચરીએ અને તે દ્વારા ભગવાનની આજ્ઞાનું પાલન કરીને આત્મકલ્યાણ સાધીએ.

• • •

२

# સાધર્મિક ભક્તિ

આજે પર્યુષણનો બીજો દિવસ. પર્યુષણ પર્વ એ કર્મ ખપાવવા માટેનું પર્વ છે. સેંકડો ભવોનાં બાંધેલાં કર્મો ખપાવી શકાય તેવી શક્તિ આ પર્વમાં છે. અને સેંકડો ભવો ચાલી શકે તેવું પુણ્ય ઉપાર્જન કરવાની શક્તિ આ પર્વમાં છે. આપણે તેનો કેટલો અને કેવો ઉપયોગ કરીએ છીએ

તેના ઉપર આધાર છે. પર્યુષણનાં પાંચ કર્તવ્યોમાં બીજું કર્તવ્ય છે - સાધર્મિક વાત્સલ્ય.

**સાહમિના સગપણ સમું, અવર ન સગપણ કોય,**
**ભક્તિ કરો સાહમી તણી, સમક્તિ નિર્મળ હોય.**

દુર્લભ એવા માનવજન્મને પ્રાપ્ત કર્યા પછી અને તેમાં પણ પરમ દુર્લભ એવા જૈન શાસનને પ્રાપ્ત કર્યા પછી જૈન માત્રનું એક જ ધ્યેય હોય છે મોક્ષ. આ મોક્ષ એ પરંપર ધ્યેય છે. આ જ ભવમાં મળી શકે તેમ નથી. કાળ તેમાં સહાયક નથી. તો આ ભવમાં મળી શકે તેવું અને મોક્ષની નજીક લઈ જાય તેવું અનંતર ધ્યેય છે સમ્યક્ દર્શન. શ્રાવકપણામાં રહીને આવા સમ્યક્ દર્શનની પ્રાપ્તિ જેના દ્વારા સહેલાઈથી થઈ શકે તેવો ધર્મ છે **સાધર્મિક ભક્તિ.**

સંસ્કૃત સાહિત્યના અમૂલ્ય ગ્રંથ **ઉપમિતિ ભવ પ્રપંચા કથા**માં એક વાત આવે છે. આચાર્ય સમન્તભદ્રસૂરિ મહારાજ બિરાજમાન છે. ત્યાં દ્વાદશાંગી અધ્યયન કરેલા એક મુનિ આવ્યા. તેઓએ આચાર્ય ભગવંતને પ્રદક્ષિણા દઈને પ્રશ્ન પૂછ્યો.

પ્રભુ દ્વાદશાંગીનો સાર શું ?

આચાર્ય ભગવંતે ઉત્તર આપ્યો : **ધ્યાન** એ દ્વાદશાંગીનો સાર છે. આચાર્ય ભગવંતના જવાબથી સંતોષ પામી મુનિ પોતાના

સ્થાને ગયા. ત્યાં જ એક શ્રાવક આવ્યા તેમણે આચાર્ય ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઈને પ્રશ્ન પૂછ્યો : ભગવંત જિનશાસનનો સાર શું ? આચાર્ય ભગવંતે કહ્યું : **સાધર્મિકની ભક્તિ** એ જિનશાસનનો સાર છે. પ્રશ્ન એક જ, જવાબ આપનાર એક જ, સમય પણ એક જ, પરંતુ પ્રશ્ન પૂછનાર બદલાતાં જવાબ પણ બદલાયો. પ્રશ્ન પૂછનારની ભૂમિકા પ્રમાણે ઉત્તર જુદો મળે. સાધુની ભૂમિકામાં ધ્યાન હિતાવહ છે. જ્યારે એક શ્રાવકની ભૂમિકાએ સાધર્મિક ભક્તિ ઉત્કૃષ્ટ ઉપકારક છે.

સાધર્મિકનો આપણા ઉપર કેટલો મોટો ઉપકાર છે. આપણી આજુબાજુ સાધર્મિક વસે છે, તો દેરાસર ઉપાશ્રય વિ. ધર્મસ્થાનો છે. સાધર્મિક છે તો પૂજ્ય ગુરુભગવંતોનો લાભ મળે છે. અને સાધર્મિક છે તો આપણને ધર્મમાર્ગમાં પ્રેરણા આપે છે. એકબીજાને જોઈને પણ ધર્મમાં જોડાઈએ છીએ.

આવા સાધર્મિકની ભક્તિ કરવી જોઈએ. સાધર્મિક એ તો આપણા ભાઈ છે. જેમ ભાઈ ભાઈનું ધ્યાન રાખે કે એને આગળ લાવવા પ્રયત્ન કરે. એમાં ઉપકાર નથી કરતો તેમ જે ભગવાનની પોતે ભક્તિ કરે છે. તે જ ભગવાનનો એ ભક્ત છે. જે ગુરુની આપણે સેવા કરીએ છીએ તે જ ગુરુની એ પણ સેવા કરે છે. જે ધર્મની આપણે આરાધના કરીએ છીએ એ જ ધર્મની એ પણ આરાધના કરે છે. એવા સાધર્મિક ભાઈની દયા કે અનુકંપા ન

હોય, ભક્તિ કરવાની હોય. બિચારો દુઃખી છે માટે હું એને આપું છું એવો ભાવ નહિ પરંતુ જેમ પૂજ્ય ગુરુભગવંતોની સેવા કરીને મને લાભ મળ્યો એવો ભાવ જાગે છે તેમજ સાધર્મિકની ભક્તિ દ્વારા મને લાભ મળ્યો આવો ભાવ આવવો જોઈએ. તો જ એ સાધર્મિક ભક્તિ કહેવાશે નહિતર અનુકંપા થઈ જશે.

આજથી ત્રણસો વર્ષ પહેલાં થઈ ગયેલા જિનશાસનના જ્યોતિર્ધર ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે જેસલમેરના એક શ્રાવકને પત્ર લખ્યો છે તેમાં છેલ્લે એક વાક્ય લખ્યું છે. **'સાધર્મિકને કુટુંબ કરી જાણજો.'** આપણે દરેક સાધર્મિકને કુટુંબ તરીકે કદાચ ન માની શકીએ તો પણ જે શક્તિવાળા અને ભક્તિવાળા શ્રાવકો છે તેમણે દરેકે કોઈક એક જરૂરિયાતવાળા સાધર્મિક ભાઈને પોતાના કુટુંબ તરીકે સ્વીકારવા જોઈએ. આજની ભાષામાં કહીએ તો દત્તક લેવા જોઈએ. અને એને ઊંચો લાવવા પ્રયત્ન કરવો જોઈએ. આજે જે સાધર્મિકને અનાજ, કપડાં વિ. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ આપવાની પ્રથા ચાલી છે તે સારું છે. પણ એની પદ્ધતિ બદલવી જોઈએ. જમણા હાથે આપો તો ડાબા હાથને પણ ખબર ન પડવી જોઈએ કે કોને આપ્યું અને શું આપ્યું ? પરંતુ વધારે જરૂરી તો એ સાધર્મિક પગભર થાય એના ઉપર ભાર મૂકવા જેવો છે. પહેલાના સમયની એક વાત છે. આબુની તળેટીમાં આવેલ ચંદ્રાવતી નગરમાં ૩૬૦

કરોડપતિ શ્રાવકો હતા. એ નગરીમાં જે કોઈ નવો સાધર્મિક વસવા આવે તેને એક એક દિવસ દરેકને ત્યાં જમવાનું. જમાડ્યા પછી એ નવા સાધર્મિકને એક લાખ રૂપિયા અને એક સોનાની ઇંટ આપે. એક વર્ષમાં નવો સાધર્મિક કરોડપતિ થઈ જાય. બસ આ જ પદ્ધતિએ આપણે એક સાધર્મિકની જવાબદારી માથે લઈએ તો આપણો કોઈપણ સાધર્મિક નબળો ન રહે અને આ જ ખરી સાધર્મિક ભક્તિ છે. અને આવી સાધર્મિક ભક્તિ એ જિનશાસનનો સાર છે. આના દ્વારા સમકિતની પ્રાપ્તિ અને સમકિતની નિર્મળતા થાય અને પરંપરાએ સમાધિ, સદ્ગતિ અને સિદ્ધિની પ્રાપ્તિ થાય.

• • •

**ક્ષમાપના વિના**

**સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી અને**

**પ્રાપ્ત થયેલું ટકતું નથી.**

3

# ક્ષમાપના-૧

પર્વાધિરાજ પર્યુષણ એ પાંચ મહાવ્રતો પાળવા, પાંચ વિષયો ટાળવા, પાંચ આશ્રવોને રોકવા, પાંચ કર્તવ્યો કરવા અને પાંચ ખખ્ખાને કાઢવા માટેનું મહાપર્વ છે. **ખાર, ખેંચ, ખોદણી, ખટપટ અને ખટાશ** આ પાંચ ખખ્ખાને ઓળખીને કાઢવા માટેનો પ્રયત્ન કરવા માટેના આ દિવસો છે. આ પાંચ ખખ્ખાથી આત્મધર્મનો નાશ

થાય છે. માટે આ પાંચ ખખ્ખાને કાઢીને ક્ષમાપના જીવનમાં લાવવાની છે. પાંચ કર્તવ્યોમાં ત્રીજું કર્તવ્ય છે ક્ષમાપના. ક્ષમાપના એ પર્યુષણનું પરમ કર્તવ્ય છે. ક્ષમાપના એ સાર છે. ક્ષમાપના સાધ્ય છે. ક્ષમાપના કરવા માટે જ પર્યુષણ પર્વ છે. સાત દિવસ તો એની તૈયારી માટેના છે. આઠમા દિવસે સંવત્સરી પ્રતિક્રમણ પહેલાં જીવમાત્ર સાથે ક્ષમાપના થઈ જવી જ જોઈએ. જ્યાં સુધી એક પણ જીવ પ્રત્યેનો દ્વેષનો-દુર્ભાવનો કણિયો પણ આપણા હૃદયના એક ખૂણામાં પડ્યો હશે ત્યાં સુધી આપણું, સંવત્સરી પ્રતિક્રમણ સારું તો થશે પણ સાચું નહિ થાય.

એક જીવને પણ આપણા પ્રત્યે કે આપણને કોઈ એક જીવ પ્રત્યે વેર, દ્વેષ કે કડવાશ રહ્યા કરે ત્યાં સુધી આપણને સાચા સુખ-શાંતિનો અનુભવ થતો નથી. સામાના કે આપણા હૃદયમાં રહેલો વૈરાગ્નિનો કણિયો આપણા સુખને ખતમ કરી નાખે છે. માટે જો સુખશાંતિ જોઈતાં હોય તો પહેલી વાત તો એ કે કોઈ પણ જીવ પ્રત્યે વેર રાખશો નહિ. દ્વેષ કરશો નહિ. અને વૈર બંધાઈ ગયું હોય તો લાંબું ટકાવશો નહિ. વધીને એક વરસની અંદર તો વેરની ગાંઠ છૂટી જ જવી જોઈએ. જો એ ગાંઠ ન છૂટી તો આ બધી આરાધનાઓ યથાર્થ ફળ આપનારી નહિ બને અને આધ્યાત્મિક જીવનમાં આપણી જે પ્રગતિ થવી જોઈએ. તે પણ યથાર્થ પ્રગતિ નહિ થાય. કદાચ આપણા અજ્ઞાન કે અહંના કારણે આ વેરભાવ એક વરસથી વધુ રહ્યો તો પણ એક વાત તો

નક્કી જ રાખજો કે આ ભવ બદલાય તે પહેલાં આ દ્વેષના ભાવ બદલાઈ જવા જોઈએ. જો વેરની ગ્રંથિ રહી ગઈ અને ભવ પલટાઇ ગયો તો ગુણસેન અને અગ્નિશર્માની જેમ કમઠ અને મરૂભૂતિની જેમ ભવોભવ સુધી એ આપણો કેડો નહિ છોડે અને હેરાન કર્યા કરશે. દેવાદારને દેવું ચૂકવવા બળદ થવું પડે તો લેણદારને પણ ખેડૂત તો થવું જ પડે.

આપણે એમ કહીએ કે મેં તો સામાને ખમાવી દીધો છે. પણ એ આપણને ન ખમાવે તો આપણો શું વાંક ? પણ ભાઈ ! આપણે ખમાવીએ અને સામો ન ખમાવે તેમાં આપણી પોતાની ક્ષમાપનાની જ ખામી છે. સામી વ્યક્તિને સાચા હૃદયથી અંતરના ભાવથી પૂરેપૂરા માફ કર્યા પછી આપણી ભૂલની માફી માંગીએ તો એને માફી આપવી જ પડે. જ્યારે એક વ્યક્તિ પોતાનો અપરાધ કબૂલ કરે છે. એટલે સામે તેનો પડઘો પડે જ છે. જે પહેલ કરે છે તે ફાવી જાય છે. પહેલ કરનારનો હાથ ઉપર રહે છે. ક્ષમા માંગવી જ છે તો શા માટે રાહ જોવી ? શા માટે ઢીલ કરવી ?

ભૂલ આપણી છે કે સામાની છે એ જોવાનું નથી. આમાં મારી પણ ભૂલ હોઈ શકે છે. એનો સ્વીકાર એ ક્ષમા માટેનું બેકગ્રાઉન્ડ રચી આપે છે. **'હા આ મારી ભૂલ છે.'** આ સાત અક્ષરો બોલવા સૌથી અઘરામાં અઘરું છે. પરંતુ જેને આ સાત અક્ષરો બોલતાં આવડી જાય છે. એને સાતમાંથી એક પણ ભય

રહેતો નથી. અને સાત નરકમાં જવું પડતું નથી. અને ધર્મની શરૂઆત પણ ભૂલના સ્વીકારથી થાય છે. સ્વદોષદર્શનથી થાય છે.

જો આ સ્વદોષદર્શન અને પરગુણદર્શન નામનો એક જ ગુણ જીવનમાં સિદ્ધ થઈ જાય તો કોઈપણ જાતનાં દ્વેષ કે વેરને પછી અવકાશ જ રહેતો નથી. સ્વદોષદર્શન એ ધર્મમાર્ગનું પ્રથમ સોપાન છે.

ક્ષમા માંગવી એ પણ અઘરી જ છે. પરંતુ એના કરતાં ક્ષમા આપવી એ બહુ અઘરી છે. કારણ કે ક્ષમા માંગવામાં તો આપણી ભૂલ છે એટલે આપણે નીચા નમી શકીએ છીએ. પરંતુ ક્ષમા આપવામાં તો સામાની ભૂલ છે અને આપણો હાથ તો ઉપર છે તેવા સંયોગોમાં પણ સરળતાથી ક્ષમા આપવી તે મોટી વાત છે.

શત્રુને પણ ક્ષમા આપવી એ જ વેરવસૂલાતની વીરતાભરી વાટ છે. તલવાર ચલાવવાથી શત્રુ મરે છે. પણ શત્રુતા તો વધુ ઘેરી બને છે. જ્યારે તલવાર મ્યાન કરવાથી શત્રુ જ મિત્ર બની જાય છે.

માટે શત્રુને પણ મિત્ર બનાવનાર અને મિત્રને ગાઢ મિત્ર બનાવનાર ક્ષમાપનાને જીવનમાં અપનાવીને અત્યાર સુધીના દ્વેષભાવને-વેરભાવને નાબૂદ કરીએ અને નવું વેર ઊભું નહિ કરવાનો સંકલ્પ કરીએ એ જ ક્ષમાપનાપર્વ પર્યુષણની સાચી આરાધના છે.

• • •

૪

# ક્ષમાપના-૨

**ખામેમિ સવ્વજીવે,**
**સવ્વે જીવા ખમંતુ મે,**
**મિત્તી મે સવ્વભૂએસુ,**
**વેરં મજ્ઝ ન કેણઈ.**

દરરોજ રાઈ અને દેવસિ પ્રતિક્રમણમાં બોલાતી અને પ્રાયઃ પ્રત્યેક જૈનમાત્રની જીભે રમતી આ ગાથામાં ક્ષમાપના અને વિશ્વમૈત્રીના કેવા અદ્‌ભુત ભાવો

ભર્યા છે. જ્ઞાની ભગવંતોએ કેવો મહાઉપકાર કર્યો. દિવસમાં બે વખત રોજ આ ભાવથી ભાવિત થઈએ તો હૃદયમાં દ્વેષનો, વેરનો અંશ પણ ન રહે. પરંતુ આપણે તો જીભ દ્વારા આ શબ્દો પોપટપાઠની જેમ બોલી જઈએ છીએ. પણ એ શબ્દોમાં રહેલ ભાવ આપણા હૃદયને સ્પર્શતો નથી.

**ખામેમિ સવ્વજીવે :** હું સર્વ જીવોને ક્ષમા આપું છું. અને સર્વ જીવો મને ક્ષમા આપો. પહેલાં ક્ષમા આપવાની છે. પછી ક્ષમા માંગવાની છે. પહેલા બીજાની ભૂલ, બીજાના દોષોને ભૂલી જવાના છે. પછી આપણી ભૂલની માફી માંગવાની છે. જે પહેલાં બીજાની ભૂલને માફ કરી શકે છે. તેને જ પોતાની ભૂલ દેખાય છે અને એ ભૂલની માફી માગી શકે છે. બીજાની ભૂલની માફી આપીને હૃદયને શુદ્ધ કર્યા પછી આપણા ભૂલની માફી માંગવાની છે. આર્યા ચંદનબાળાજી અને મૃગાવતીજીની જેમ ક્ષમા માંગનાર અને ક્ષમા આપનાર બન્નેને એકાંતે લાભ જ છે. ક્ષમા માંગવામાં કોણ નાનો છે કે કોણ મોટો છે એ જોવાનું નથી. બાપ દીકરાની ક્ષમા માંગે. ગુરુ શિષ્યની માંગે, શિષ્ય ગુરુની માંગે. જિનશાસનમાં તો ક્ષમા માંગનાર મહાન છે. ક્ષમા માંગવી છે, તો કોની ભૂલ છે એ પણ અગત્યનું નથી. ભૂલ એની તો હું શેની ક્ષમા માંગું આવું બોલનાર કે વિચારનાર ક્ષમા માંગી શક્તો નથી કે આપી શક્તો પણ નથી. ઉપાધ્યાય ધર્મસાગરજી મહારાજ સામે

ચાલીને જ શ્રાવક કલ્યાણમલની ક્ષમા માંગવા ગયા હતા ને. એમણે જો એવું વિચાર્યું હોત કે ભૂલ એની છે તો હું શેની ક્ષમા માંગું. તો તેઓ ક્ષમા માંગી શક્યા ન હોત. બલિહારી છે જિનશાસનની કે એક સમર્થ ગુરુ ભગવંત સામે ચાલીને એક શ્રાવકની ક્ષમા માંગવા જાય છે. વાત જાણવા જેવી છે. સમજવા જેવી છે. વાત આમ છે. જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી મ.ના મોટા ગુરુભાઈ ઉપા. ધર્મસાગરજી મ. રાજસ્થાનમાં મેડતા સિટીમાં બિરાજમાન હતા. ધર્મનિષ્ઠ અનેક શ્રાવકો તેમનાં દર્શન, વંદન, પ્રવચન-શ્રવણનો લાભ લેતા હતા. એ બધા શ્રાવકોમાં બે મુખ્ય હતા. એક સહસ્રમલ મંત્રી અને બીજા કલ્યાણમલ ચુસ્ત બારવ્રતધારી શ્રાવક. બન્ને નિયમિત આવતા. તે કાળ અને તે જમાનો એક પણ વ્યક્તિ ઉઘાડે માથે ન હોય. આટલા બધા પાઘડીબંધ શ્રાવકોની વચ્ચે એક કલ્યાણમલ ઉઘાડે માથે આવે.

ગુરુમહારાજને આશ્ચર્ય થયું. એટલે પોતાના શિષ્યને પૂછ્યું. શિષ્યે ગામમાં થતી વાત સાંભળી હતી. તે કહી કે સહસ્રમલ અને કલ્યાણમલને અણબનાવ બન્યો. તેથી તેણે પ્રતિજ્ઞા કરી છે કે સહસ્રમલને ન મારું ત્યાં સુધી માથે પાઘડી પહેરીશ નહિ. અને એ માટે પોતાની કેડે ચોવીસે કલાક સોનાની તીક્ષ્ણ કટારી ખોસેલી રાખે છે. આ વાત જાણ્યા પછી એક રાત્રે મંત્રી સહસ્રમલ ગુરુને વંદન કરવા આવ્યા. ત્યારે ઉપાધ્યાયજી મ.થી

સહજ કહેવાઈ ગયું કે તમારે આવા રાતના સમયે એકલા ન આવવું. તમારા માથે તો મોત ભમે છે. આ વાત ઉપાશ્રયના એક ખૂણામાં પ્રતિક્રમણ કરી રહેલા કલ્યાણમલને કાને પડી. એટલે સહસ્રમલ ગયા પછી તરત જ ઊભા થઈને ગુરુ ભગવંતને કહ્યું આ શું કર્યું ? તમે આ વાત કેમ કહી દીધી. જાવ હવે ઉપાશ્રયનું પગથિયું પણ નહિ ચઢું. આમ કહી અને ઘરે ગયા. ઘરમાં ઘરદેરાસર છે. પૌષધશાળા છે. ત્યાં પોતાની દરેક આરાધના કરે છે. પણ ઉપાશ્રયે આવતા નથી. ગુરુને થયું રોષ ઊતરશે એટલે આવશે. પણ ન આવ્યા. પર્યુષણ પર્વ આવ્યા. એટલે થયું કે પર્યુષણમાં તો આવશે જ. બાર મહિના ઉપાશ્રયનું પગથિયું નહિ ચઢનાર શ્રાવક પણ પર્યુષણમાં તો આવે જ. ત્યારે પણ ન આવ્યા. કલ્પસૂત્ર સાંભળવા તો જરૂર આવશે જ. ન આવ્યા. બારસાસૂત્ર તો અવશ્ય સાંભળશે જ. ત્યારે પણ ન આવ્યા. ગુરુ ભગવંતના હૃદયમાં ખેદ થયો કે મારે લીધે એક શ્રાવક આ બધી આરાધનાથી વંચિત રહી જાય એ ન ચાલે. બારસાસૂત્ર વાંચન પછી ચૈત્યપરિપાટી થઈ ગઈ એટલે તરત જ ધર્મસાગરજી મ. કલ્યાણમલને ત્યાં જવા ઉપડ્યા. શ્રાવકોને ખબર પડી એટલે એમના બે-ત્રણ શિષ્યો અને થોડા શ્રાવકો સાથે થઈ ગયા. કલ્યાણમલને ત્યાં ખબર પડી એટલે એ અંદરના રૂમમાં ભરાઈ ગયા. પોતે, પોતાનાં શ્રાવિકા, ચાર દિકરા અને ચાર પુત્રવધૂઓ

બધાં પૌષધ લઈને રહ્યાં હતાં. ગુરુ ભગવંત ઘરમાં પધાર્યા એટલે પોતે માળિયા ઉપર ભરાઈ ગયા. ગુરુ મહારાજે કહ્યું ! કલ્યાણમલ! હું તને ખમાવું છું. કલ્યાણમલને ખમાવ્યા વિના મારું સંવત્સરી પ્રતિક્રમણ અધૂરું છે. આ શબ્દો કાને પડતાવેંત જ કલ્યામલ તરત જ નીચે આવ્યા. ગુરુ ભ.ના પગે પડ્યા કે મારી ભૂલ થઈ ગઈ. મને ક્ષમા આપો. ગુરુ ભ. ખમાવીને ઉપાશ્રયે આવ્યા. તેમની પાછળ ને પાછળ કલ્યાણમલ પણ ઉપાશ્રયે આવીને સહસ્રમલના ખોળામાં માથું મૂકીને ચોધાર આંસુએ રડી પડ્યા અને ક્ષમા માંગી. જો કલ્યાણમલને ખમાવ્યા વિના ધર્મસાગરજીનું સંવત્સરી પ્રતિક્રમણ અધૂરું રહેતું હોય તો સહસ્રમલને ખમાવ્યા વિના મારું પણ સંવત્સરી પ્રતિક્રમણ અધૂરું છે.

જો સહસ્રમલને ખમાવ્યા વિના કલ્યાણમલનું પ્રતિક્રમણ અધૂરું રહેતું હોય તો આપણા મનમાં રહેલા કો'ક સહસ્રમલને ખમાવ્યા વિના આપણું પણ સંવત્સરી પ્રતિક્રમણ અધૂરું જ છે.

ચાલો. આપણે પણ જેના પ્રત્યે આપણા મનમાં દ્વેષના, વેરના અંશો પડેલા છે તેને સામે ચાલીને ખમાવીએ અને મારે કોઈ સાથે વૈર નથી, સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવ છે એ 'ખામેમિ સવ્વ જીવે'ની ભાવનાને ચરિતાર્થ કરીએ.

• • •

# ૫

# જન્મકલ્યાણક વાંચન

આજે પર્યુષણ પર્વનો પાંચમો દિવસ, આજે તો આનંદ-ઉત્સાહ-ઉમંગનો દિવસ છે.

ઘર ઘરમાં દીવડા પ્રગટે, આજે આનંદ મંગલ વર્તે.

કારણકે આજે કરુણાનિધાન, વાત્સલ્યવારિધિ ક્ષમાસાગર, વિશ્વવત્સલ દેવાધિદેવ, આસન્ન ઉપકારી ચરમ તીર્થપતિ શ્રમણ

ભગવાન મહાવીર પરમાત્માનો જન્મ થયો એ વૃત્તાંત પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્રને વિષે શ્રવણ કરવા મળશે. આજે પરમાત્માના જન્મકલ્યાણકનો દિવસ નથી. માત્ર **'આરોગ્યવાળા ત્રિશલામાતાએ આરોગ્યવાળા પુત્રને જન્મ આપ્યો'** આ શ્રવણનો દિવસ છે. તો પણ આટલો આનંદ વર્તાય છે, તો ખરેખર પરમાત્માના જન્મ કલ્યાણકનો દિવસ હોય ત્યારે ચૌદ રાજલોકના સર્વે જીવોને સુખ અને આનંદનો અનુભવ થાય તે સમજી શકાય તેવી વાત છે.

જે મહાશાસ્ત્રમાં આવતા પરમાત્મા મહાવીરદેવના જન્મશ્રવણનો આટલો મહિમા છે. તો એ મહાશાસ્ત્ર કેટલું મહિમાવંત હશે ? શાસ્ત્રોમાં કહ્યું છે કે મંત્રાધિરાજ શ્રી નમસ્કાર મહામંત્ર જેવો કોઈ મંત્ર નથી. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ સમાન કોઈ તીર્થ નથી. પરમકૃપાળુ શ્રી અરિહંત પરમાત્મા જેવા કોઈ દેવ નથી. શાશ્વત મુક્તિ જેવું કોઈ પરમપદ નથી. કર્મોના મર્મને ભેદનાર પર્વાધિરાજ શ્રી પર્યુષણા જેવું કોઈ પર્વ નથી તેમજ શાસ્ત્રાધિરાજ શ્રી કલ્પસૂત્ર જેવું અન્ય કોઈ પ્રભાવશાળી શાસ્ત્ર નથી.

વર્તમાન શ્રુત-પ્રવચનના આધાર પંચમ ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીજીની છઠ્ઠી પાટ પર આવેલા ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીએ ચૌદપૂર્વ સ્વરૂપ શ્રી દૃષ્ટિવાદના નવમા 'પ્રત્યાખ્યાનપ્રવાદ' નામના પૂર્વમાંથી ઉદ્ધૃત કરીને શ્રી દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનરૂપે આ મહામહિમાવંત શ્રી

કલ્પસૂત્ર નામના મહાન શાસ્ત્રની રચના કરી છે અને તેથી જ આવા મહાન પુરુષ દ્વારા પ્રણીત મહાન શાસ્ત્રના ગૌરવને વાણી દ્વારા દર્શાવવું કે તેના સમગ્ર ગુણોનું વર્ણન કરવું એ પ્રાયઃ અશક્ય છે. મુખમાં એક હજાર જીભ હોય અને હૃદયમાં કેવલજ્ઞાન હોય તો પણ આ શ્રી કલ્પસૂત્રનું માહાત્મ્ય વર્ણવવું શક્ય નથી કારણ કે સર્વનદીઓની રેતી અને સર્વસમુદ્રોનું પાણી ભેગું કરો તેનાથી પણ અનંત ગણો અર્થ એક સૂત્રનો હોય છે.

આવા મહામહિમાવંત શ્રી કલ્પસૂત્ર મહાશાસ્ત્રનું વાંચન-શ્રવણ જો શાસ્ત્રોમાં દર્શાવેલી વિધિપૂર્વક કરવામાં આવે તો આત્માના અનંતાનંત કર્મપુંજોનો નાશ કરવાની તેનામાં તાકાત છે. આ શ્રી કલ્પસૂત્ર વાંચવાથી, વાંચનારને સહાય કરવાથી, એકાગ્રચિત્તથી, વિધિ સહિત જે વ્યક્તિ ૨૧ વખત સર્વ અક્ષર શ્રવણ કરે છે. તે ભવાર્ણવનો પાર અવશ્ય પામે છે.

શ્રી કલ્પસૂત્રશ્રવણની વિધિ આ પ્રમાણે છે.

- ઓછામાં ઓછું ઉણોદરી-વૃત્તિસંક્ષેપ-રસત્યાગપૂર્વક એકાસણાનું તપ કરવું.
- જ્ઞાનની પૂજા કરવી અને જ્ઞાનીની ભક્તિ કરવી.
- અરિહંત પરમાત્માની પૂજા કરવી.

- પૂજ્ય ગુરુભગવંતશ્રીની ભક્તિ-વૈયાવચ્ચ કરવા.
- પ્રભાવના કરવી તથા સાધર્મિક ભક્તિ કરવી.
- સામાયિક કરવાપૂર્વક અપ્રમત્તપણે શ્રવણ કરવું.

અપ્રમત્તપણે શ્રવણ કરવાની પણ શાસ્ત્રમાં રીત બતાવી છે.

**તરુણ સુખી સ્ત્રીપરિવર્યો, ચતુર સુણે સુરગીત,**
**તેહથી રાગે અતિઘણો, ધર્મ સુણ્યાની રીત**

કોઈ એક તરુણ ભરયુવાવસ્થામાં હોય, પાછો બધી રીતે સુખી હોય, સ્ત્રીથી પરિવરેલો હોય, વળી ચતુર પણ હોય, અબુધ ન હોય, અને આવી વ્યક્તિ દેવતાઈ ગીતસંગીત જે એકતાન થઈને સાંભળે, ખાવાપીવાનું તો શું પણ સમગ્ર દુનિયાને ભૂલી જાય તેનાથી પણ અતિઘણા રાગપૂર્વક એકાગ્રચિત્તે આ શાસ્ત્રો સાંભળવા જોઈએ.

કારણકે આ શાસ્ત્રો ભગવાન મહાવીરે અર્થથી કહ્યા છે અને બીજબુદ્ધિના ધણી ગણધર ભગવંતોએ સૂત્રથી ગૂંથ્યાં છે. માટે આ સાક્ષાત્ પરમાત્માની વાણી છે તેવા ભાવથી શ્રવણ કરવું જોઈએ. આ તો તમે ભાગ્યશાળી છો કે વરસમાં એક જ વાર અને આ એક જ આગમસૂત્ર તમને સંપૂર્ણ સાંભળવા મળે છે. આ શ્રી કલ્પસૂત્રના શ્રવણથી પણ તમારા શોકસંતાપ ચાલ્યા

જાય અને મંગળની પરંપરા સર્જાય. ભગવાન મહાવીર મહારાજાના નિર્વાણ પછી નવસો ત્રાણું વર્ષે આનંદપુર નગરમાં ધ્રુવસેન રાજાને પુત્રના મરણથી ઉત્પન્ન થયેલ શોક કોઈ પણ રીતે દૂર ન થયો તે આ શ્રી કલ્પસૂત્રના શ્રવણથી દૂર થયો. આવા મહિમાવંત શ્રી કલ્પસૂત્રનું આપણે અપ્રમત્તપણે સર્વાક્ષર શ્રવણ કરીએ અને તેનાથી આપણા શોક સંતાપ દૂર થાય અને મોક્ષ નજીક આવે.

• • •

**ટ્રેનના પાટાનો એક ટુકડો**
**નીકળી ગયો હોય તો ટ્રેન ઊથલી પડે છે**
**તેમ**
**એક જીવ પ્રત્યે પણ દ્વેષ હોય તો**
**સદ્ગતિની ટ્રેન ઉથલી પડે છે.**

૬

# શ્રી કલ્પસૂત્રની વિશેષતા-વાણી

આપણે ગઈ કાલે શ્રી કલ્પસૂત્રનો મહિમા જોયો, હવે આજે શ્રી કલ્પસૂત્રની કેટલીક ઊડીને આંખે વળગે તેવી વિશેષતાઓ જોઈએ. સમગ્ર કલ્પસૂત્રની એક સામાન્ય વિશેષતા કહેવી હોય તો પરમ મંગલમય આ સૂત્ર છે. **'પ્રણમ્ય પરમશ્રેય..થી લઈને 'તાવન્નન્દતુ કલ્પસૂત્ર વિવૃત્તિ...'** સુધીના સંપૂર્ણ કલ્પસૂત્રમાં પરમ મંગલમય શબ્દો

જ વપરાયા છે. એમાં વપરાયેલા શબ્દોમાં ક્યાંય પણ અમંગલની છાંટ નથી. અને માટે જ જે કોઈ વ્યક્તિ આ શ્રી કલ્પસૂત્ર સંપૂર્ણ વાંચે છે કે સાંભળે છે તેને ત્યાં મંગલની પરંપરા વર્તાય છે અને ધ્રુવસેન રાજાની જેમ એનો શોક-સંતાપ ક્યાંય પલાયન થઈ જાય છે.

શ્રી કલ્પસૂત્રની અનેક વિશેષતાઓમાં એક વિશેષતા છે તેમાં વપરાયેલી વાણી તથા એકબીજા પ્રત્યે કરાતા વર્તનની. દેવાનંદા ઋષભદત્તને પોતાને આવેલ ચૌદ સ્વપ્નોનું વર્ણન કરે છે ત્યારે તે સંબોધન કરે છે. 'હે દેવાનુપ્રિય !' ઋષભદત્ત પણ દેવાનંદાને કહે ત્યારે 'હે દેવાનુપ્રિય !' કહીને જ બોલાવે છે. એવી જ રીતે સિદ્ધાર્થ મહારાજા ત્રિશલા માતાને અને ત્રિશલા માતા સિદ્ધાર્થ મહારાજાને પણ આ જ શબ્દથી સંબોધે છે. કેટલો કર્ણમધુર શબ્દ છે. આપણને પણ સાંભળવો ગમે તેવો. તો જેને સંબોધીને બોલાયો હોય તેને તો કેટલો સુમધુર લાગે. વળી આના ઉપરથી એક તારવણ એ પણ નીકળે કે આવું સંબોધન કરનાર અને જેના માટે સંબોધન કર્યું હોય તે બન્ને વ્યક્તિ વચ્ચે કેટલી પ્રગાઢ પ્રીતિ હશે. સંબંધો પણ કેટલા મીઠા હશે કે આવા મધુર સંબોધનથી બોલાવે.

સંબોધનની જ વાત નીકળી છે તો બીજું એક સંબોધન શ્રી કલ્પસૂત્રમાં વારંવાર વપરાયું છે તે જોઈએ. સિદ્ધાર્થ મહારાજા

રાજસભાની તૈયારી માટે સેવકોને બોલાવે છે. તે સેવકો માટે કૌટુંબિક પુરુષો શબ્દ વાપર્યો છે. જેના ઘરના સેવકો સાથે પણ કૌટુંબિક પુરુષો જેવો વહેવાર હોય. પોતાની આજીવિકા માટે એ નોકર-ચાકરો આપણે ત્યાં કામ કરતા હોય પણ આપણો એમની સાથેનો વ્યવહાર કૌટુંબિક પુરુષો જેવો હોય. એના સુખ-દુઃખમાં તમે એની પડખે રહો તો જ એ કૌટુંબિક પુરુષ કહેવાય.

આવા સાલસ વાણીવ્યવહાર દ્વારા માત્ર તમારી છાપ સારી પડે છે. એટલું જ નહિ પણ જૈનો આવા સારા હોય છે એવી અનુમોદના દ્વારા સામી વ્યક્તિના દિલમાં ધર્મનું બીજ રોપાય છે. અને એના નિમિત્ત થવાનું શ્રેય તમને પ્રાપ્ત થાય છે.

સિદ્ધાર્થ મહારાજા આવા કૌટુંબિક પુરુષોને બોલાવીને કાર્ય સોંપે છે. તો તેથી તે સેવકો હૃષ્ટ થાય છે, તુષ્ટ થાય છે, હર્ષપૂર્ણ હૃદયવાળા થાય છે.

જે સેવકો સાથે આવો કૌટુંબિક પુરુષો જેવો વહેવાર હોય તેને કોઈપણ કામ ભળાવો તો ખુશ થઈને પોતાનું માનીને જ કરશે. આપણે જેવો વહેવાર રાખીએ તેનો પડઘો સામે પડે જ છે. સ્વામીનો સેવક સાથે, અને સેવકનો સ્વામી સાથે કેવો વહેવાર હોય તે શીખવા મળે છે.

આવાં મધુર સંબોધન પછી ત્રિશલા માતા જે વાણી બોલે છે તે પણ એવી જ સુમધુર બોલે છે. સૌથી પહેલાં તો 'આપનો જય થાઓ. આપનો વિજય થાઓ.' એમ જય-વિજયપૂર્વક વધામણી દેવાપૂર્વક જગાડે છે. જાગો છો સાંભળો છો એમ કહીને નથી બોલાવતાં. જય શબ્દ પણ મંગલકારક છે. ત્યાર પછી ઈષ્ટ એટલે વલ્લભ, કાન્ત એટલે સર્વદા વાંછિત, પ્રિય, મનોહર ક્યારે પણ ભૂલી ન શકાય, વારંવાર યાદ આવે તેવી, ઉદાર એટલે સુંદર ધ્વનિ અને વર્ણયુક્ત, કલ્યાણને કરનાર, ઉપદ્રવને હરનાર, મંગલ કરનાર, શોભાયુક્ત, હૃદયંગમ, હૃદયને પ્રહ્‌લાદન કરનારી, મિત એટલે અલ્પશબ્દ અને બહુ અર્થવાળી, મધુર એટલે શ્રોત્રને સુખ કરનાર અને મંજુલ એટલે સુલલિત વર્ણથી મનોહર વાણી બોલે છે.

માણસના વ્યક્તિત્વની ઓળખ માટે આ વાણી જ અગત્યની અને મહત્વની છે. માણસ કેવી વાણી બોલે છે એના ઉપરથી જ એનું સમગ્ર વ્યક્તિત્વ નક્કી થાય છે.

**ન જારજાતસ્ય લલાટશૃંગમ્, કુલપ્રસૂતસ્ય ન પાણિપદ્મમ્ ।**
**યદા યદા મુંચતિ વાક્યબાણમ્, તદા તદા જાતિકુલપ્રમાણમ્ ॥**

નીચ કુળમાં ઉત્પન્ન થયેલા માણસના માથે શિંગડાં નથી ઊગતાં કે ઉચ્ચ જાતિમાં જન્મેલાના હાથમાં કમળ નથી ઊગતાં. પરંતુ માણસ જ્યારે એક વાક્ય જ ઉચ્ચારે છે તેનાથી તેનાં જાતિ અને કુળ નક્કી થાય છે.

પોતાની નજર સામે એક સૂકું થડ જોઈને બે પુરુષો જુદી જુદી વાણી બોલે છે.

એક પુરુષ કહે છે : **શુષ્કં કાષ્ઠં તિષ્ઠત્યગ્રે** બાજુમાં બેઠેલો બીજો પુરુષ બોલ્યો : **નીરસ તરુરિહ વિલસતિ પુરતો.** બન્નેનો અર્થ એક જ છે. પરંતુ બન્નેના શબ્દો અને વર્ણની પસંદગી અલગ અલગ છે. પહેલું વાક્ય કાનને કર્કશ લાગે છે. જ્યારે બીજું વાક્ય સાંભળવું અને બોલવું પણ ગમે તેવું છે.

આ શ્રી કલ્પસૂત્રનાં શ્રવણ દ્વારા આપણે આપણી વાણીને એવી મધુર બનાવીએ અને હિત-મિત-પથ્ય અને સત્ય બોલવાનો જ આગ્રહ રાખીએ તો પણ આપણું જીવન મધુર બની શકશે.

• • •

**એક નસ બ્લોક હોય તો એટેક આવી શકે છે**
**તેમ એક જીવ સાથેની પ્રેમની નસ**
**બ્લોક હોય તો**
**દુ:ખનો, અશાંતિનો, દુર્ગતિનો**
**એટેક આવી શકે છે.**

૭

# શ્રી કલ્પસૂત્રની વિશેષતા-વર્તન

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ આવે તે પહેલાં અનેક પુણ્યાત્માઓના મનમાં અનેકાનેક મનોરથો રમતા હોય. કોકના મનમાં તપસંબંધી મનોરથો હોય કે આ વખતે માસક્ષમણ કરવું છે, અઠ્ઠાઈ કરવી છે, અઠ્ઠમ કરવો છે, વિગેરે.. કોકના મનમાં દાન સંબંધી ભાવના હોય કે આ વર્ષે આવા પ્રકારનો લાભ લેવો છે. કોકના મનમાં

ચારિત્ર સંબંધી મનોરથો હોય કે આ વખતે ચોસઠ પ્રહરી પૌષધ, અઠ્ઠાઈ અને સંપૂર્ણ મૌન સાથે કરવા છે. દરેક જૈનના હૃદયમાં આવી કોઈ ને કોઈ અભિલાષાઓ રમતી હોય. પરંતુ એમાંથી જેમણે પ્રમાદનો ત્યાગ કરીને, પુરુષાર્થ કરીને આવેલી તકને ઝડપી લીધી, સમયને સાધી લીધો તેમના મનોરથો પૂર્ણ થયા અને જેઓ વિચારમાં ને વિચારમાં રહ્યા, પ્રમાદમાં પડ્યા રહ્યા, કેમ થશે ને શું થશે - ના જાળામાં અટવાતા રહ્યા, તેઓ રહી ગયા. આવતી તકને ઓળખનાર વિરલા હોય છે. તક ચૂકી ગયા પછી તો રોવાનો જ વારો આવે. **'તક ચૂક્યો જન્મારો રોવે.'**

પર્યુષણ આવે છે.. આવે છે... એમ કરતાં આજે સાતમો દિવસ તો થઈ ગયો. તકને ઝડપી લેનારા લાભ ખાટી ગયા. હજુ પણ જેને મનમાં વસવસો રહી ગયો હોય તે પ્રમાદ ખંખેરીને શ્રી સંવત્સરી મહાપર્વને અંતરથી આરાધી લે તો પણ એના પર્યુષણ સુધરી ગયા એમ કહેવાશે. કારણ કે જેનો અંત સારો એનું બધું સારું. આપણે શ્રી કલ્પસૂત્રની વિશેષતાઓ જોઈ રહ્યા છીએ. ગઈકાલે શ્રી કલ્પસૂત્રના આધારે કેવી વાણી બોલવી તે આપણે જોયું. આજે વર્તન કેવું હોવું જોઈએ તે અંગે થોડી વાતો વિચારીશું.

બત્રીશ લાખ વિમાનના અધિપતિ શક્રેન્દ્ર મહારાજા સૌધર્મ દેવલોકમાં, સૌધર્માવતંસક વિમાનમાં, સુધર્મા સભામાં, શક્ર નામના સિંહાસન ઉપર બેઠા બેઠા જે સમયે અવધિજ્ઞાનથી શ્રમણ

ભગવાન મહાવીર પરમાત્માને માતાના ગર્ભમાં પધારેલા જુએ છે તે જ ક્ષણે સિંહાસન ઉપરથી ઊભા થઈને, સાત આઠ ડગલાં પ્રભુ જે દિશામાં હતા તે દિશામાં સન્મુખ જઈને, બે હાથ દસ નખ ભેગા કરી, મસ્તકે અંજલિ જોડીને પ્રભુની સ્તુતિ કરે છે. આ એક જ પ્રસંગમાંથી આપણને દેવ અને ગુરુનો વિનય કઈ રીતે કરવો તે શીખવા મળે છે. જે ક્ષણે ભગવાન કે ગુરુ ભગવંતના દર્શન થાય તે જ ક્ષણે આપણે જ્યાં બેઠા હોઈએ ત્યાંથી ઊભા થઈને બે હાથ જોડીને મસ્તક નમી જવું જોઈએ. હાથ પણ કઈ રીતે જોડવા તે કેટલું સરસ બતાવ્યું છે. બે હાથ એટલે દસે આંગળીના દસે નખ ભેગા થવા જોઈએ તે વંદન થયું કહેવાય. **'વંદન તે કરયોજન કહીએ, નમન તે શીષ નમાવે.'**

જિનાલયના શિખરનાં દર્શન થાય, રસ્તામાં જતા હોઈએ અને ગુરુભગવંતનાં દર્શન થાય કે ગુરુભગવંત આપણા ઘરે પધારે અને આપણે સોફા ઉપર બેઠા હોઈએ દરેક વખતે આ વિધિ સાચવવાની છે. વિધિ-બહુમાન અને ઔચિત્યપૂર્વક કરેલી એક નાનકડી દર્શનની ક્રિયા પણ મહાફળ આપે છે. અને વિધિ-બહુમાન ઔચિત્યરહિત કરાયેલ માસક્ષમણ જેવું મહાન તપ પણ અલ્પફળદાયી થાય છે.

આ પ્રસંગે બીજી પણ એક વાત લક્ષ્યમાં રાખવા જેવી છે કે ધર્મસ્થાનકને ક્યારે પણ એમ ને એમ ઓળંગવું નહિ. એકવાર

દર્શન પૂજા થઈ ગયા હોય અને બીજીવાર રસ્તા ઉપરથી પસાર થતાં માર્ગમાં જ દેરાસર કે ઉપાશ્રય આવે તો એમને એમ ચાલ્યા ન જવું. બિલકુલ સમય ન હોય તો પણ શક્ર મહારાજાએ જે પ્રમાણે કર્યું તે પ્રમાણે વાહન ઉપરથી નીચે ઊતરી, બૂટ કે ચપ્પલ ઉતારી પ્રભુ સન્મુખ સાત કે આઠ ડગલાં જઈ, જિનાલયના શિખરનાં દર્શન કરી બે હાથ બરાબર જોડી મસ્તકે અંજલિ કરીને 'નમો જિણાણં' બોલીને પાછા ફરશો તો પણ ઉચિત બહુમાન સાચવ્યું કહેવાશે.

બીજી એક વાત. હરિનૈગમેષી દેવ જ્યારે શક્રેન્દ્રની આજ્ઞાથી ભગવાનના ગર્ભપરાવર્તન માટે આવે છે તે સમયે ભગવાનને જોતાંવેંત સહુથી પહેલાં પ્રભુનાં દર્શન કરી ભગવાનની આજ્ઞા માંગે છે કે મારે આપને લઈ જવા છે. આપ આજ્ઞા આપો. તે પછી હળવેકથી સુખપૂર્વક, પ્રભુને પીડા ન થાય તેમ બે હાથમાં કરતલસંપુટમાં લઈ જાય છે. દરેક જૈનમાત્રને ક્યારેક ને ક્યારેક પછી તે સ્નાત્ર માટે, પૂજા માટે કે અષ્ટપ્રકારી પૂજા માટે પ્રભુજીને એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવા પડે છે તે સમયની આપણી વિધિ સાથે આને સરખાવી જુઓ. કોણ કઈ રીતે કરે છે તે આપણે દરેક જાણીએ છીએ. આપણે તો સાચી વિધિ શું હોવી જોઈએ તે જાણીને તે પ્રમાણે આચરણ કરવું છે.

સાચી વિધિ આ પ્રમાણે છે.

સહુ પ્રથમ બે હાથ જોડીને પ્રભુની અનુજ્ઞા માંગવી કે હે પ્રભુ ! આપ મને આજ્ઞા આપો.

તે પછી સ્વચ્છ પાણીથી હાથ ધોઈ, લૂછી અને સુગંધી ધૂપથી ધૂપિત કરેલા બે હાથે હળવેથી પ્રભુજીને લઈને બાજુમાં જ રાખેલી સ્વચ્છ થાળીમાં પધરાવવા.

ત્યારબાદ થાળી સાથે જ પ્રભુજીને ઉપાડીને જ્યાં પધરાવવાના હોય તેની બાજુમાં થાળી મૂકીને ધીમે રહીને પ્રભુજીને યથાસ્થાને પધરાવવા.

દિલમાં રહેલું બહુમાન આ વિધિ દ્વારા પ્રગટ થાય છે. આપણામાં બહુમાન નથી એવું નથી. સંસારમાં આપણે કેટલું બહુમાન સાચવીએ છીએ. આસો વદિ-૮ ગુરુપુષ્ય નક્ષત્ર હોય તે દિવસે કાગદીને ત્યાંથી ચોપડા લેવા જાવ ત્યારે કેટલા બહુમાનપૂર્વક બે હાથમાં ઉપાડીને લાવો છો. જે ચોપડા તમને તારશે કે ડૂબાડશે એ કાંઈ જ નિશ્ચિત નથી. એના માટે આટલું બહુમાન તો જે પરમાત્મા અવશ્ય તારશે જ એ સુનિશ્ચિત હોવા છતાં વિધિ અને બહુમાન કેટલાં ?

ત્રીજી વાત કોઈક કાર્ય આપણને કોઈકે ભળાવ્યું તો તે કામ ચીવટથી કર્યા પછી ‘આપે મને આ કાર્ય ભળાવ્યું હતું તે કામ

આ રીતે થઈ ગયું છે' તેમ સામી વ્યક્તિને ચોક્કસ જણાવી દેવું. ઈન્દ્રે આજ્ઞા કરેલા હરિનૈગમેષી દેવ અને સિદ્ધાર્થ મહારાજાએ આજ્ઞા કરેલ કૌટુંબિક પુરુષોની જેમ. હરિનૈગમેષી દેવ ગર્ભહરણનું કાર્ય કર્યા પછી પાછા આવીને ઈન્દ્રને યથાતથ નિવેદન કરે છે અને કૌટુંબિક પુરુષો પણ સિદ્ધાર્થ મહારાજાએ ભળાવેલ કાર્ય કર્યા પછી 'આપે કહ્યા પ્રમાણે બધું કાર્ય કર્યું છે' એમ કહી જાય છે. આ એક શિષ્ટ આચરણ છે. કારણ કે કાર્ય ભળાવનારને એ કાર્ય ન થાય ત્યાં સુધી મનમાં એ અંગેનો ઉચાટ હોય છે તે આ સમાચાર મળવાથી શાંત થઈ જાય છે.

આવી તો અનેક વાતો શ્રી કલ્પસૂત્રમાંથી જાણવા સમજવા અને જીવનમાં ઉતારવા જેવી છે. માત્ર આપણે સાંભળવાની અને ગ્રહણ કરવાની દૃષ્ટિ જ કેળવવાની છે. ઉપાદેય બુદ્ધિથી શ્રવણ કરીશું અને અહીં બતાવેલ વાણી અને વર્તનના શિષ્ટ આચારોનું પાલન યથાશક્તિ કરવા યત્ન કરીશું તો આ મહેનત લેખે લાગશે.

• • •

**'Do it right now' સારું કામ અત્યારે જ કર.**

૮

# સંવત્સરીની પૂર્ણતા પશ્ચાત્તાપ

**લૌકિક પર્વોમાં જેમ દિવાળી મુખ્ય પર્વ કહેવાય છે તેમ લોકોત્તર પર્વોમાં પર્યુષણ એ મહાન પર્વ છે.** દિવાળીમાં જેમ હિસાબ કિતાબના ચોપડા ચોખ્ખા કરવાના હોય છે. તેમ પર્યુષણ એ આત્મા ઉપર, મન ઉપર લાગેલા રાગદ્વેષના હિસાબ ચૂક્તે કરવાનું પર્વ છે. અંતરની દિવાળીનું આ પર્વ છે. પર્યુષણના પહેલા સાત

દિવસ આની તૈયારી માટેના દિવસો છે. આત્માને લાગેલા દોષોને શોધી શોધીને, ખોતરી ખોતરીને કાઢવા માટેની મહેનત પહેલાં સાત દિવસ કરવાની છે. આઠમે દિવસે સંવત્સરી પ્રતિક્રમણ પહેલાં બીજા સાથે થયેલા રાગદ્વેષ, ગમા-અણગમાની ક્ષમા માંગી શુદ્ધ થઈ જવાનું છે.

સંપૂર્ણ શુદ્ધ થઈ, નિર્મળ અંતઃકરણપૂર્વક કરાયેલ સંવત્સરી પ્રતિક્રમણ મનની પ્રસન્નતા પ્રગટાવે છે.

પર્યુષણ પર્વમાં સંવત્સરી એ મુખ્ય દિવસ છે. આજે જેઓએ કલ્પસૂત્ર ઓછું-વત્તું સાંભળ્યું હોય તે દરેકે સંપૂર્ણ બારસાસૂત્ર અવશ્ય શ્રવણ કરવું જ જોઈએ. અને ત્યાર પછી આવે સંવત્સરી પ્રતિક્રમણ. દરેક જૈનમાત્ર નાનો હોય કે મોટો, બાર મહિનામાં આ એક સંવત્સરી પ્રતિક્રમણ તો અવશ્ય કરે જ. જે વ્યક્તિ આ એક પ્રતિક્રમણ કરવામાં પણ પ્રમાદ કરે છે તેને ભાવથી પોતાને જૈન કહેવાનો અધિકાર રહેતો નથી. પ્રતિક્રમણ એટલે ગુરુસાક્ષીએ, આત્મસાક્ષીએ પોતે સેવેલા દોષોને યાદ કરી કરીને ક્ષમા માંગવી. દિવસના લાગેલા દોષોની શુદ્ધિ માટે દેવસિ પ્રતિક્રમણ, રાત્રિના દોષોની ક્ષમા માટે રાઈ પ્રતિક્રમણ, પંદર દિવસના દોષો ધોવા માટે પક્ખી પ્રતિક્રમણ, ચાર મહિનાના દોષો દૂર કરવા માટે ચોમાસી પ્રતિક્રમણ છે. અને બાર મહિનાના લાગેલા સામાન્ય પાપોના પ્રક્ષાલન માટે સંવત્સરી પ્રતિક્રમણ છે.

ચિત્તરૂપી વસ્ત્રની શુદ્ધિ માટે સંવત્સરી મહાપર્વ છે. ચિત્તવસ્ત્રને ડાઘડુઘ વિનાનું સંપૂર્ણ સ્વચ્છ બનાવવાનું છે. આપણે આ પૃથ્વી ઉપર અવતાર લીધો તે સમયે આપણું ચિત્ત જેવું સ્વચ્છ, નિર્મળ અને ઉજ્જવળ હતું તેવું કાયમ ટકાવી રાખવા માટે આ સંવત્સરી પ્રતિક્રમણ છે. દર બાર મહિને ચિત્તવસ્ત્ર ઉપર જે કોઈ વિષય, કષાય, રાગ-દ્વેષ-અહં-મમ વિ.ના ડાઘા પડ્યા હોય તેને સંવત્સરી પ્રતિક્રમણ પૂર્ણ થાય તે પહેલાં પશ્ચાત્તાપરૂપી પાણી અને પ્રાયશ્ચિતરૂપી સાબુ વડે ધોઈને એકદમ સ્વચ્છ બનાવી દેવાનું છે.

જ્યાં સુધી પ્રાયશ્ચિત ન થાય ત્યાં સુધી શુદ્ધિ થતી નથી. જ્યાં સુધી પશ્ચાત્તાપ ન થાય ત્યાં સુધી પ્રાયશ્ચિત થતું નથી. જ્યાં સુધી પોતાની ભૂલ કબૂલ ન થાય ત્યાં સુધી પશ્ચાત્તાપ ન થાય અને આત્મનિરીક્ષણ વિના પોતાની ભૂલ દેખાતી નથી. આપણે અત્યાર સુધી આંખે દૂરબીન મૂકીને બીજાના દોષો જ જોયા કર્યા છે. આંખે દૂરબીન ચઢાવેલું હોય એટલે પોતાનું તો કાંઈ દેખાય જ નહિ. બીજાના દૂર રહેલા દોષને નજીક જોઈએ છીએ અને નાનકડી ભૂલ પણ મોટી દેખાય છે. હવે એ દૂરબીનને બાજુએ મૂકીને આંખ સામે દર્પણ રાખીશું તો આપણા પોતાના દોષો-ભૂલો જેવાં હશે તેવાં દેખાશે. આ ભૂલો રૂપી ડાઘા ચિત્તવસ્ત્ર ઉપર લાગેલા દેખાશે તો એને પશ્ચાત્તાપના આંસુરૂપી પાણી અને ગુરુસમીપે પ્રાયશ્ચિત રૂપી સાબુ વડે સ્વચ્છ કરી શકીશું.

આ ભવમાં કરેલા પાપો કે લાગેલા દોષોને આ જ ભવમાં યાદ કરી કરીને પ્રાયશ્ચિત કરી લઈશું તો બહુ જ અલ્પ મહેનતે જૂજ પરિશ્રમથી આ બધાં પાપો જે દીર્ઘકાળનાં બાંધેલાં હોય તેને અલ્પકાળનાં, જે તીવ્રરસનાં હોય તેને મંદરસનાં બનાવી શકીશું. પણ જો એકવાર આ ભવ ચૂકી ગયા અને ભવ બદલાઈ ગયો. એ પાપની આત્મસાક્ષીએ નિંદા અને ગુરુસાક્ષીએ ગર્હા ન કરી શક્યા તો એક જ કર્મ દસગણું, સો ગણું, હજારગણું, લાખ ગણું, ક્રોડાક્રોડ ગણું ઉદયમાં આવશે.

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માએ પોતાના ત્રીજા મરીચિના ભવમાં કુળમદ કરવાના કારણે બાંધેલા નીચગોત્ર કર્મની જીવ્યા ત્યાં સુધી આલોચના ન કરી તો તે કર્મના કારણે અનેક ભવોમાં બ્રાહ્મણકુળમાં અવતાર મળ્યા પછી પણ, અરે ! પોતાના પૂર્વના ત્રીજા નંદનઋષિના ભવમાં એક લાખ વર્ષ સુધી માસક્ષમણનાં પારણે માસક્ષમણ તપ કરવા છતાં એ કર્મ કંઈક બાકી રહ્યું તે સત્યાવીસમા ભવમાં ભગવાનને દેવાનંદાની કુક્ષિમાં, બ્રાહ્મણકુળમાં ૮૨ દિવસ રહેવું પડ્યું.

અને બીજી બાજુ જોઈએ તો પાપી, નાસ્તિકશિરોમણિ પ્રદેશી રાજાએ કેશી ગણધરના પરિચય પછી પ્રાયશ્ચિત દ્વારા પોતાના આત્માને પવિત્ર બનાવ્યો તો એ જીવ પોતાના આત્માનું કલ્યાણ કરી શક્યો. એક બાજુ સમગ્ર જીવન દરમ્યાનના ઘોર પાપો અને બીજી બાજુ પશ્ચાત્તાપ સહિત પ્રાયશ્ચિત્તના માત્ર તેર જ છઠ્ઠ થયા.

છઠ્ઠના પારણે છઠ્ઠ એમ ફક્ત ઓગણચાલીસ દિવસમાં તો પશ્ચાત્તાપના અગ્નિમાં બધાં પાપો બળીને ભસ્મ થઈ ગયા અને એ આત્મા ત્યાંથી સીધો સૂર્યાભદેવ તરીકે ઉત્પન્ન થયો.

એટલે ભૂલ તો દરેકની થાય પરંતુ ભૂલોની પરંપરા સર્જવી, ભૂલને ન સુધારવી તે ખોટું છે અને ભૂલને છાવરવી તે તો વધુ ખરાબ છે. પાપ કરવાં તે ખોટું છે, અધમ છે પરંતુ પાપ છુપાવવું તે તો અધમાધમ છે.

માટે જાણતાં કરેલાં અને અજાણતાં થઈ ગયેલાં પાપોની શુદ્ધિ માટેના આ સંવત્સરી મહાપર્વની પ્રાપ્તિને સફળ બનાવવા માટે આત્મનિરીક્ષણથી પ્રારંભ કરીને પ્રાયશ્ચિત દ્વારા ચિત્તરત્નને એવું સ્ફટિક જેવું નિર્મળ બનાવીએ કે પરમાત્મા આવીને આપણા હૃદયસિંહાસન ઉપર બિરાજે અને આપણે પણ પરમાત્મા સાથે તન્મયતા સાધીને જીવીએ ત્યાં સુધી સમતા, મરણ વખતે સમાધિ, મૃત્યુ પછી પરલોકમાં સદ્ગતિ અને પરંપરાએ સિદ્ધિને વહેલા વહેલા પ્રાપ્ત કરીએ.

પર્યુષણ મહાપર્વના આઠ દિવસ સૌરાષ્ટ્ર સમાચારના માધ્યમથી મળવાનું થયું તે દરમ્યાન જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈપણ લખાયું હોય, અથવા તો સૌરાષ્ટ્ર સમાચારના બહોળા વાચકવર્ગનું મન અજાણતાં પણ દુભાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

• • •

# પર્વ પર્યુષણ પામી જી...

(પ્રવચનો ૧ થી ૮)

૧

# મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એ ભક્તિ, મૈત્રી અને શુદ્ધિનું પર્વ છે. પરમાત્મભક્તિ, જીવમૈત્રી અને આત્મશુદ્ધિનું પર્વ છે. માટે તો એ પર્વાધિરાજ કહેવાય છે. સર્વે જીવો સાથે મૈત્રીભાવ સાધવો એ ધ્યેય છે. મૈત્રી ભાવ સધાય તો જ આત્મશુદ્ધિ થાય. અને મૈત્રી માટે શ્રેષ્ઠ સાધન છે ભક્તિ. પરમાત્મા ઉપરની ભક્તિ. ભક્તિ

એટલે અત્યંત પ્રીતિ. પ્રભુ ગમે છે એ પ્રથમ પગથિયું છે. પ્રભુ પણ ગમે છે એ બીજું પગથિયું છે અને પ્રભુ જ ગમે છે એ અંતિમ પગથિયું છે. **'અન્યથા શરણં નાસ્તિ'** પ્રભુ સિવાય બીજું કંઈ જ ગમતું નથી. **'ત્વમેવ શરણં મમ'** પ્રભુ જ ગમે છે. સંસારી જીવને ત્રણ પદાર્થ ઉપર રાગ હોય છે. (૧) દેહ ઉપર (૨) ધન ઉપર (૩) પરિવાર ઉપર. દેહ ઉપર જેટલો રાગ છે તેના કરતા વિશેષ દેવ ઉપર રાગ હોવો જોઈએ. દેહ ઉપરનો રાગ છોડવા માટે દેવ ઉપર રાગ કરવાનો છે. આજ સુધી દેહને શણગારતા આવ્યા છીએ. હવે દેવને શણગારવો છે. દેવને શણગારવામાં દેહભાન ભૂલી જવાય. કુમારપાળ મહારાજાને પરમાત્માની ભક્તિ કેટલી પ્યારી હતી ? પરમાત્માની પૂજા કરતા કરતા ભાવ આવ્યા કે હું અઢાર દેશનો રાજા. મારા પ્રભુજીને તો છએ છ ઋતુના પુષ્પથી પૂજા થવી જોઈએ. ક્ષત્રિય હતા. ત્યાં ને ત્યાં જ કાઉસ્સગ્ગધ્યાને ઊભા રહી ગયા. **'ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ'** જ્યાં સુધી મારા પ્રભુજીને છ એ છ ઋતુના પુષ્પ ચઢશે નહિ ત્યાં સુધી કાઉસ્સગ્ગ પારીશ નહિ. ત્યાં સુધી અશન-પાન-ખાદિમ-સ્વાદિમ ચારે પ્રકારનાં આહારનો ત્યાગ. થોડા જ સમયમાં ઉદ્યાનપાલક સમાચાર લઈને આવ્યો. આપણા ઉદ્યાનમાં એક સાથે છએ ઋતુના ફુલ આવ્યા છે. બધા જ વૃક્ષો ફુલથી લચી પડ્યા છે. પ્રભુજીને છએ ઋતુના પુષ્પથી પૂજા કરી. આનું નામ પ્રભુ પ્રત્યેની પ્રીતિ, આનંદઘનજી મહારાજ કહે છે કે

**'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો'** ઋષભદેવ ભગવાન મારા પ્રિયતમ છે. પ્રિય, પ્રિયતર ઘણાં હોય પરંતુ પ્રિયતમ તો એક જ હોય.

આવી ભક્તિ આપણાં હૃદયમાં વસે તો મુક્તિ પણ કરકમળમાં છે.

મુક્તિ પણ ભક્તિની દાસી છે. માટે જ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે ગાયું છે. 'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી' ભક્તિથી મુક્તિ પણ હાથવેંતમાં છે તો શુદ્ધિ તો આપોઆપ જ થાય. પરમાત્મભક્તિથી જીવમૈત્રી, જીવમૈત્રીથી આત્મશુદ્ધિ અને આત્મશુદ્ધિથીથી આત્મમુક્તિ. માટે જ પર્વાધિરાજના મંગલમય દિવસોમાં દરેક જૈન શ્રાવક-શ્રાવિકાએ પરમાત્માની પૂજા-ભક્તિ-દર્શન અવશ્ય કરવા જ જોઈએ.

આજે સંકલ્પ કરીએ કે આઠ દિવસમાં આપણા શહેરના અને આજુબાજુના જિનાલયોને અવશ્ય જુહારશું.

• • •

**જેમ કામ ક્રોધ-દ્વેષ કે વેરથી થતું નથી**
**તે કાર્ય જરાક અમથા પ્રેમથી થઈ જાય છે.**

૨

# પર્યુષણ : આત્મશુદ્ધિનું પર્વ

પર્વ પર્યુષણ એ આત્મપર્વ છે. આત્મપર્વ એટલે આત્મશુદ્ધિનું પર્વ. બીજા તહેવારો અને ઉત્સવો લૌકિક હોય છે. જે શરીરકેન્દ્રી હોય છે. પર્યુષણ લોકોત્તર પર્વ છે જે આત્મકેન્દ્રી છે. દિવાળી એ લૌકિક પર્વ છે. દિવાળીમાં ઘર-દુકાન વિ. સાફસૂફ કરવામાં આવે છે. બાર મહિનાનો ઘરનો કચરો

સાફ કરવામાં આવે છે. પર્વ પર્યુષણમાં મનનો કચરો-મનના દોષો સાફ કરવાના છે.

બાર મહિનામાં મનમાં જે રાગદ્વેષ થયા હોય. રાગ-દ્વેષનાં ડાઘ પડ્યા હોય તેને સાફ-સ્વચ્છ કરવાના છે. જીવને જડ ઉપર રાગ થાય છે અને જડ ઉપરના રાગના કારણે જીવ ઉપર દ્વેષ થાય છે. આ રાગ-દ્વેષના ડાઘને દૂર કરવા માટે પહેલા જીવ ઉપર દ્વેષ છે તેની જગ્યાએ જીવ ઉપર પ્રેમ પ્રગટે તો જડ ઉપરનો રાગ આપોઆપ ચાલ્યો જાય દૂર કરવો ન પડે. જડના રાગ કરતાં જીવ ઉપરનો પ્રેમ વધી જાય તો જડનો રાગ આપોઆપ દૂર થઈ જાય. પિતાને સોનાનો મોહ છે, પરંતુ દીકરી ઉપરનો સ્નેહ વધી જાય તો સોના ઉપરનો મોહ છૂટી જાય છે.

આ રાગ-દ્વેષના ડાઘની જેમ જ ક્રોધ-માન-માયા અને લોભ આ ચાર કષાયોના કચરાના ઢગલા થયા છે આત્મા ઉપર આ કષાયોના કચરાને સાફ કરવા માટે ક્ષમા-નમ્રતા-સરળતા અને નિઃસ્પૃહતા પ્રગટાવવાના છે. **'સોહી ઉજ્જુભૂયસ્સ ધમ્મો સુદ્ધસ્સ ચિઠ્ઠઈ'** જે ઋજુ છે, સરળ છે તેની શુદ્ધિ થાય છે અને શુદ્ધ આત્મામાં ધર્મ સ્થિર થાય છે. શુદ્ધ આત્મસિંહાસન ઉપર ધર્મરાજા પ્રતિષ્ઠિત થાય છે.

ચિત્ત શુદ્ધિ અને આત્મશુદ્ધિ માટે સરળતા ગુણ કેળવવો અનિવાર્ય છે. સરળ આત્માનો જલ્દી મોક્ષ થાય છે. સરળતા

ગુણના કારણે જ પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ ભગવાનના સમયમાં સૌથી વધુ જીવો મોક્ષે ગયા છે. તે સમયના જીવો જડ હોવા છતાં સરળ હતા માટે ધર્મનું જ્ઞાન મુશ્કેલ હતું. પરંતુ ધર્મનું પાલન સરળ હતું.

ધર્મનું જ્ઞાન મેળવવા માટે બુદ્ધિ જોઈએ છે જ્યારે પાલન કરવા માટે સરળતા જોઈએ છે. સરળ જીવો કબૂલાત કરે છે જ્યારે બુદ્ધિશાળી જીવો વકીલાત કરે છે બુદ્ધિશાળી પાસે ફરિયાદનામું અને આરોપનામું હોય છે જ્યારે સરળ જીવો પાસે એકમાત્ર કબૂલાતનામું હોય છે. સરળ આત્માઓ સ્વીકાર કરે છે જ્યારે હોંશિયાર પ્રતિકાર કરે છે. સ્વીકારમાં અને કબૂલાતમાં ધર્મ છે અને જ્યાં ધર્મ છે ત્યાં મોક્ષ છે. માટે આત્મશુદ્ધિ માટે મનશુદ્ધિ અને મનશુદ્ધિ માટે સરળતા હોવી - સરળ બનવું જરૂરી છે. સરળતા ગુણ કોઈ જન્મથી લઈને આવતું નથી. પુણ્ય પરભવનું લઈને આવે છે જ્યારે ગુણ તો આત્માએ પોતે પ્રયત્નપૂર્વક કેળવવા પડે છે. ગુણ પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવો પડે છે. સરળ જીવ પોતાની ભૂલનો સ્વીકાર કરે છે, એકરાર કરે છે. 'હા આ મારી ભૂલ છે.' આ સાત અક્ષર બોલવા જીવ માટે કઠિનમાં કઠિન કામ છે.

ભૂલના સ્વીકારથી જ મનની શુદ્ધિનો પ્રારંભ થઈ જાય છે. પ્રતિક્રમણ દરમ્યાન પોતાની ભૂલને જોવાની છે. જોઈને

સ્વીકારવાની છે. સ્વીકારીને પશ્ચાત્તાપ કરવાનો છે. જીવને પોતાની ભૂલ દેખાતી જ નથી. બીજાની ભૂલ જ દેખાય છે. આ પરદોષદર્શન બંધ થાય અને પરગુણદર્શનની બારી ખુલી જાય તો સ્વગુણદર્શનનું દ્વાર બંધ થાય અને સ્વદોષ દર્શનનો દરવાજો ખુલી જાય.

ચાલો... આ પર્વાધિરાજમાં આત્મશુદ્ધિના સંકલ્પ સાથે સ્વદોષ દર્શન અને પરગુણદર્શનનો પ્રારંભ કરીએ.

• • •

**પર્યુષણામાં સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ વિ. આરાધનાથી પુણ્ય થાય, અને ઉપકારીના ઉપકારને યાદ કરવાપૂર્વકની આરાધના તે પુણ્યનું પોષણ છે. અને ઉપકારીના ઉપકારને નહિ સ્વીકારવારૂપ અપરાધ કર્યો તેની ક્ષમા માંગવાથી પાપનું શોષણ થાય છે.**

3

# મૈત્રીભાવનું પવિત્ર ઝરણું

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ અંતર્મુખી બનવા માટે છે. અંતર્મુખી બનીને આત્મનિરીક્ષણ કરવાનું છે. જગતના જીવમાત્ર સાથે મૈત્રીભાવ સ્થાપન કરવાનો છે. દરેક ક્રિયાના પ્રારંભમાં ઇરિયાવહિયા પણ એટલા માટે જ કરવાના છે કે એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના જે કોઈ નાના-મોટા જીવને આપણા દ્વારા દુઃખ

થયું હોય, જે કોઈ જીવ સાથે મૈત્રીભાવ ખંડિત થયો હોય તેને પુનઃ સ્થાપન કરવા માટે ઇરિયાવહિયા છે. દરિયાવહિયા કરીને 'મિચ્છામિ દુક્કડમ્' આપવાનું છે.

**'સર્વજીવેષુ સ્નેહ પરિણામો મૈત્રી.'** જીવ માત્ર પ્રત્યે સ્નેહનો ભાવ તે મૈત્રી છે. સ્નેહરાગ અને સ્નેહભાવ જુદા છે. કોઈપણ વ્યક્તિ પાસેથી કોઈપણ ચીજ મેળવવાની ઇચ્છાથી સ્નેહ કરવો તે સ્નેહરાગ છે. પછી તે કોઈ વસ્તુ મેળવવાની ઇચ્છાથી હોય કે સ્નેહ-પ્રેમ મેળવવાની ઇચ્છાથી હોય તે રાગ છે. સ્નેહરાગમાં અપેક્ષા છે. એક વ્યક્તિ ઉપર સ્નેહરાગ હોય છે તો અન્ય વ્યક્તિ ઉપર સ્નેહના અભાવરૂપ દ્વેષ હોય છે. આ રાગ અને દ્વેષ બન્ને મારક છે. જ્યાં રાગ છે. ત્યાં માંગણી છે અને માંગણી છે ત્યાં અધર્મ છે. એક વ્યક્તિ કે વસ્તુ ઉપરનો રાગ અન્ય વ્યક્તિ ઉપરના દ્વેષમાં પરિણમે છે.

સ્નેહભાવમાં લાગણી છે અને લાગણી છે ત્યાં ધર્મ છે. જ્યાં મમત્વભાવ છે ત્યાં લાગણી છે. જગતના સર્વજીવો - સર્વઆત્મા મારા છે. આ મમત્વભાવ આવે ત્યાં લાગણી ઉત્પન્ન થાય છે. બાળક મારું છે માટે લાગણી છે, દેહ મારો છે માટે લાગણી છે. જ્યાં જ્યાં મારાપણાનો ભાવ છે ત્યાં-ત્યાં લાગણી ઉત્પન્ન થાય છે. દરેક મનુષ્ય, પશુ-પંખી-કીડી-મંકોડા-વનસ્પતિ-પાણી આ બધા જ જીવો પ્રત્યે જો મારાપણાનો ભાવ આવી જાય તો લાગણી

જન્મ્યા વિના રહે નહિ. અને જ્યાં લાગણી હોય છે ત્યાં કશું લેવાની ઇચ્છા વિના માત્ર આપવાની વૃતિ આવે છે તે સ્નેહભાવ છે. પ્રેમ મેળવવાની પણ ઇચ્છા નથી પ્રેમ આપવા માટે જ આપવો છે. લઈને રાજી નથી થવું આપીને રાજી થવું છે. આજ સુધી જીવ લઈને - મેળવીને ખુશ થયો છે આપ્યું છે તો પણ પાછું મેળવવાની ઇચ્છાથી આપ્યું છે.

જગતમાં પદાર્થો - વસ્તુઓ - પ્રેમ-સન્માન વિ. લઈ લઈને જીવે કર્મ બાંધ્યા છે. લઈને બાંધેલા કર્મ આપીને છોડવાના છે.

સ્નેહ પણ આપીને જ રાજી થવું છે.

**'નેકી કર દરિયા મેં ડાલ'** સારા કામ કરવાનો પણ આનંદ હોય છે. પ્રેમ પામ્યાનો આનંદ અનુભવ્યો છે. હવે પ્રેમ કરવાનો આનંદ અનુભવવા જેવો છે.

એક કવિએ સરસ વાત કહી છે.

**'કોઈએ મને પત્થર માર્યો, હું ફુલ ન મારું તો શું કરું'.**

એની પાસે પત્થર હતો એણે પથ્થર માર્યો, મારી પાસે ફુલ જ છે પથ્થર છે જ નહિ તો હું ફૂલ ન મારું તો શું કરું.

કોઈએ મારો તિરસ્કાર કર્યો, કોઈએ મારું અપમાન કર્યું એની પાસે જે હતું તે મને આપ્યું મારી પાસે અપમાન કે

તિરસ્કાર છે જ નહિ મારી પાસે પ્રેમ જ છે હું પ્રેમ ન આપું તો શું કરું ?

પરમાત્માને જગતના જીવમાત્ર ઉપર પ્રેમ હતો પ્રભુ આ પ્રેમનો-મૈત્રીનો સંદેશ આપણને આપી ગયા છે.

જગતના સહુ જીવો સુખી થાય. **'શિવમસ્તુ સર્વજગત્: ।'**

'જગતના સહુ જીવો મને સુખ આપે.' આ અપેક્ષાની જગ્યાએ હવે હું જગતના સહુ જીવોને સુખી કરનારો થાઉં. આ મૈત્રીભાવ આપણા જીવનમાં આવે માટે ચાલો આજે આપણે સહુ સાથે મળીને ગાન કરીએ.

'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.'

• • •

**ઉપકારી ઉપર દ્વેષ કરવો તે કર્મનો મર્મ છે. અને ઉપકારીને ઉપકારી તરીકે જોવા અને ઓળખવા તે ધર્મનો મર્મ છે.**

૪

# પુણ્યનું પોષણ - પ્રમોદભાવના

પર્યુષણ પર્વ પુણ્યનું પોષણ અને પાપનું શોષણ કરનાર મહાપર્વ છે. પર્યુષણમાં સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, વ્રત, તપ, જપ વિગેરે આરાધના કરવી તે પુણ્ય છે અને ઉપકારીજનોના ઉપકારને યાદ કરવાપૂર્વક આરાધના કરવી તે પુણ્યનું પોષણ છે અને ઉપકારીના ઉપકારને નહિ સ્વીકારવા રૂપ

અપરાધ કર્યો તે પાપ છે અને તે અપરાધની ક્ષમા માંગવી તે પાપનું શોષણ છે.

આ પુણ્યનું પોષણ કરવા માટે જ્ઞાની ભગવંતોએ પ્રમોદ ભાવના બતાવી છે **'થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે'**, અન્યનો નાનો પણ ગુણ જોઈએ એટલે મનમાં હર્ષ થવો જોઈએ. આનંદ થવો જોઈએ. એના માટે પહેલા ગુણ દેખાવા જોઈએ. પરગુણદર્શન બહુ મોટો ગુણ છે. પરગુણદર્શન માટે ગુણાનુરાગ કેળવવો જોઈએ. જીવને પોતાના ગુણ દેખાય છે અને અન્યના દોષ દેખાય છે. આ અધર્મ છે. આ પાપ છે. આ પાપનું શોષણ કરવું હોય તો સ્વદોષદર્શન અને પરગુણદર્શન થવું જોઈએ. આથી જ સ્વદોષદર્શન એ કેવલજ્ઞાનનું બીજ છે. જગતનાં બધા જીવો મારા ગુણ જુએ, મારા ગુણ જાણે અને મારા ગુણ બોલે આવું વિચારવું તે પુણ્યનું શોષણ છે. અને મારે જગતના સર્વ જીવોના ગુણ જોવા છે ગુણ જાણવા છે અને ગુણ બોલવા છે. આવું વિચારવું તે પુણ્યનું પોષણ છે.

જેમ-જેમ તમે પોતાના ગુણ બોલો, અનેકને સંભળાવો તેમ-તેમ તમારામાં રહેલા ગુણ ઘટતા જાય અને જેમ-જેમ અન્યના ગુણગાન કરતા જાઓ તેમ-તેમ તમારામાં અપ્રાપ્ત ગુણની પ્રાપ્તિ થાય અને પ્રાપ્ત ગુણની વૃદ્ધિ થાય. **'જિન ઉત્તમ ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ.'**

ક્રિયાત્મક ધર્મ એ કારણ છે, ગુણાત્મક ધર્મ એ કાર્ય છે. આત્માના ગુણ પ્રાપ્ત કરવા એ કઠિન છે. આવું કઠિન કાર્ય પણ અન્યના ગુણ ગાવાથી સરળ બની જાય છે. અન્યમાં ગુણ જોવા એ જ કઠિન છે પરંતુ ગુણ જાણ્યા પછી ગુણ ગાવા એ એનાથી વધારે કઠિન છે. શાસ્ત્રનું વચન છે. 'रागी दोषान् न पश्यति.' "द्वेषी गुणान् न पश्यति" રાગીને દોષ દેખાતા નથી. દ્વેષીને ગુણ દેખાતા નથી. મોટા ભાગે જીવને સ્વ ઉપર રાગ છે માટે પોતાના દોષ દેખાતા નથી. અને પર ઉપર દ્વેષ છે માટે બીજાના ગુણ દેખાતા નથી. જો બીજાનાં ગુણ જોવા હોય તો જેવો રાગ પોતાની જાત ઉપર છે તેવો જ રાગ બીજા ઉપર કરવો જોઈએ તો જ બીજાનાં ગુણ દેખાશે અને ગુણ દેખાશે તો બોલવાનું મન થશે.

'અન્યમાં જે દયાદિક ગુણો, તેહ અનુમોદવા લાગ રે'

અન્યમાં જે દાન-દયા-ક્ષમા વિ. ગુણો દેખાય તેની સાચા દિલથી અનુમોદના કરવી જોઈએ. સામાને સારું લગાડવા માટે અનુમોદના નથી કરવાની. સામી વ્યક્તિ સારી છે માટે અનુમોદના કરવાની છે. આ અનુમોદના આપણને ગુણપ્રાપ્તિના પગથિયેથી આગળ વધતા વધતા સંપૂર્ણ ગુણવાન બનાવીને રહેશે. આજે સંકલ્પ કરીએ આજથી જ્યાં જ્યાં જેના જેના ગુણદર્શન થશે તેની પ્રત્યક્ષ અને પરોક્ષ અનુમોદના કરીશ. ક્યારેય મારી પોતાની બડાઈ નહિ હાંકુ.'

• • •

૫

# પરદુઃખ પ્રહાણેચ્છા કરુણા

આત્માને પરમાત્મા બનાવનાર, પરમાત્મા બનવાની ભૂમિકા રચી આપનાર પર્યુષણ મહાપર્વ છે. અનંત તીર્થંકરોની માતા કરૂણા છે. સકલ જીવરાશિની ભાવ કરૂણાથી તીર્થંકર નામકર્મની નિકાચના થાય છે. જગતના સર્વજીવો ઉપર કરૂણા જન્મે ત્યારે તીર્થંકર થાય છે અને એક જીવ ઉપરની કરૂણાથી ધર્મનો પ્રારંભ થાય છે.

દુઃખી જીવને જોઈને એના પ્રત્યે દયા ઉપજે અને એનું દુઃખ દૂર કરવાની ઈચ્છા થાય અને ઈચ્છા થયા પછી એ માટેનો પ્રયત્ન થાય એનું નામ છે કરૂણા. માનવને પોતાની જાત ઉપર અને જેને પોતાના માન્યા છે એના ઉપર કરૂણા છે. એનું દુઃખ એ જોઈ શકતો નથી. માટે દરેક માણસના મનમાં એમ ઈચ્છા રહ્યા કરતી હોય છે કે મને દુઃખ ન આવવું જોઈએ અને મને કોઈએ દુઃખ ન આપવું જોઈએ. આ કારણથી જ દુઃખ આપનાર ઉપર દ્વેષ થાય છે અને દુઃખ ઉપર પણ દ્વેષ થાય છે.

સકલ કર્મનું મૂળ આ જ છે. આનાથી જ રાગ-દ્વેષ થાય છે અને આનાથી જ આર્ત્ત-રૌદ્રધ્યાન થાય છે. આ રાગદ્વેષને દૂર કરવા માટે અને આર્ત્ત-રૌદ્ર ધ્યાનથી બચવા માટે આ મૂળનો નાશ થવો જોઈએ. મને કોઈ દુઃખ ન આપે, મારું કોઈ અપમાન ન કરે, મારો કોઈ તિરસ્કાર ન કરે, મને કોઈ ધિક્કાર ન કરે, આ રોગ છે. અરે ! આ રોગનું મૂળ છે. આ ભાવરોગને દૂર કરનાર સંજીવની ઔષધ કરૂણા છે. આ કરૂણાનું સ્વરૂપ છે. મારે કોઈને દુઃખ આપવું નથી, મારે કોઈનું અપમાન કરવું નથી મારે કોઈનો તિરસ્કાર કરવો નથી, મારે કોઈને ધિક્કારવા નથી. કોઈ મને દુઃખ આપે કે સુખ આપે મારે કોઈને દુઃખ આપવું નથી. મારે તો દુઃખ ન આપવું પરંતુ કોઈ જીવ દુઃખી થતો હોય, કે કોઈ જીવને અન્ય દુઃખ આપતો હોય, તેનું દુઃખ પણ મારે દૂર કરવું.

જગતમાં કોઈ જીવ દુઃખી ન રહેવો જોઈએ. દુઃખીને જોઈને એના દિલમાં અત્યંત દયા ઉપજે. રોગ કો'કને થયા છે. ધરતીકંપ ક્યાંક થયો છે, ક્યાંક અતિવૃષ્ટિ થઈ છે આ બધું સાંભળીને એનું હૈયું દ્રવી ઊઠે, એના હોઠ કંપવા લાગે, એની આંખોમાં અન્યના દુઃખના આંસુ ઉભરાય આ કરૂણા છે.

દુઃખ જોઈને દયા ઉપજે આ દ્રવ્ય કરૂણા છે. તેવી જ રીતે પાપ જોઈને અને પાપીને જોઈને ભાવકરૂણા ઉપજે. આ જીવ પાપ કરીને દુર્ગતિ, દૌર્ભાગ્ય, દુઃખ વિ. પામશે. એ વિચારથી એ ધ્રૂજી ઉઠે. આ દ્રવ્ય અને ભાવકરૂણા એ પરમાત્મા બનવાનું બીજ છે. આપણા હૈયામાં આવા કરૂણાના બીજ રોપાય તો આ પર્યુષણા પર્વ સાર્થક છે.

**'દીન હીણને ધર્મવિહોણા દેખી દિલમાં દર્દ રહે,**
**કરૂણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે.'**

• • •

**કર્મના મર્મનો ધર્મના મર્મ વગર**
**નાશ થશે નહિ.**

# ૬

# સ્વદોષદર્શન

અનંતકાળ દરમ્યાન જીવે પ્રકૃતિની પરિસ્થિતિનો સ્વીકાર નથી કર્યો. પ્રતિકાર કર્યો છે. બાહ્ય સંજોગો તે પરિસ્થિતિ, અંતરના વિચાર તે સ્થિતિ. સ્થિતિ મુજબ પરિસ્થિતિ પલટાવવાના પ્રયત્ન કરીએ છીએ. પરિસ્થિતિ પલટાતી નથી એટલે સ્થિતિ અશાંત બને છે. પ્રકૃતિની

પરિસ્થિતિનો સ્વીકાર થાય તો સ્થિતિ શાંત થાય છે. પરિસ્થિતિ બદલવી આપણા હાથની વાત નથી. મનઃસ્થિતિ બદલવી આપણા હાથની વાત છે. આપણને સ્વાર્થનો નશો છે માટે પરિસ્થિતિ બદલવા પ્રયત્ન કરીએ છીએ.

દારૂડિયો દારૂના નશામાં પોતે ઝૂલતો હોવા છતાં તાળુ નહી ખુલતા એમ કહે છે કે બ્લોક ફરી રહ્યો છે એને પકડી રાખો તાળુ તો હું ખોલી નાંખીશ. તેવી રીતે આપણે અસ્થિર હોવા છતાં દુનિયાને અસ્થિર માનીએ છીએ. પોતે સ્થિર થઈ જાય તો દુનિયા આપોઆપ સ્થિર થઈ જાય. **'આપ ભલા તો જગ ભલા.' 'દ્રષ્ટિ એવી સૃષ્ટિ.'**

આપણને જગત સ્વાર્થી દેખાય છે. આપણને જગત દોષથી ભરેલું દેખાય છે કારણ કે આપણે  જ સ્વાર્થી છીએ. આપણે જ દોષથી ભરેલા છીએ. આપણને જગત દુઃખી દેખાય તો જગતના દુઃખ દૂર કરીએ અને આપણે દોષથી ભરેલા દેખાઈએ તો આપણા દોષ દૂર કરીએ. જ્ઞાની ભગવંતો કહે છે કે પરદોષદર્શન છોડીને સ્વદોષદર્શન કરતા શીખીએ. સ્વદોષદર્શન એ આધ્યાત્મિક ઉન્નતિનું પ્રથમ પગથિયું છે. પરદોષદર્શનથી દોષો અને પાપો સિવાય બીજી કોઈ ભેટ મળતી નથી. પરદોષદર્શનથી જીવની અધોગતિ થાય છે અને સ્વદોષ દર્શનથી જીવની ઉર્ધ્વગતિ થાય છે.

વળી અત્યાર સુધી મનમાં જે ભાવ હતો કે કોઈ મારા દોષ ન જુએ, ન જાણે, ન બોલે, ન સાંભળે એવા વિચારથી જીવ કર્મ બાંધતો હતો તેની જગ્યાએ એના મનના ભાવ બદલાઈ જાય કે મારે કોઈના દોષ જોવા નથી, જાણવા નથી, બોલવા નથી અને સાંભળવા નથી. જો દરેક જણ આવું કરતા થઈ જાય તો આ વિશ્વ ખરેખર સત્યમ્, શિવમ્, સુંદરમ્ બની જાય.

ચાલો પર્વાધિરાજના આ સંદેશને આપણાં જીવનમાં ચરિતાર્થ કરીએ કે આજથી મારે સમસ્ત વિશ્વમાં કોઈના દોષ જોવા નથી, જાણવા નથી, બોલવા નથી, સાંભળવા નથી, વાંચવા નથી અને વિચારવા પણ નથી.

• • •

**પર્યુષણ પર્વમાં જે-જે જીવોનો**
**અપરાધ કર્યો તેની-તેની પાસે**
**'મિચ્છા મિ દુક્કડમ્'**
**માંગવાનું છે તો જેણે જેણે આપણી ઉપર**
**ઉપકાર કર્યો તેનો તેનો**
**આભાર વ્યક્ત કરવાનો છે.**

૭

# રાગી દોષ ન જુએ

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે આત્માના રાગદ્વેષને દૂર કરવા માટેનું ઉત્તમ પર્વ. આત્માને અનાદિકાળથી હેરાન કરનાર હોય તો આ રાગદ્વેષ બે છે. આ જગતમાં આપણા શત્રુ હોય તો આ રાગ-દ્વેષ બે જ છે. એ સિવાય આપણા કોઈ શત્રુ નથી. રાગ-દ્વેષમાં પણ મૂળ હોય તો રાગ છે.

અનાદિકાળથી જીવને જડ ઉપર રાગ છે અને જીવ ઉપર દ્વેષ છે જીવ ઉપર દ્વેષનું મૂળ કારણ જડ ઉપર રાગ છે. દેહ ઉપરના રાગના કારણે જ આપણે શરીરને સાચવીએ છીએ. શરીર જેવું છે તેવું આપણને સારું લાગે છે. શરીર માટે જેટલું ધન ખર્ચવું પડે તેટલું ખર્ચીએ છીએ. જેટલો સમય આપવો પડે તેટલો આપીએ છીએ. અને છતાં દેહ માટે જેટલું કરીએ તેટલું આપણને ઓછું લાગે છે રાગનું આ લક્ષણ છે. જેના ઉપર રાગ હોય તેના માટે જે કરીએ, જેટલું કરીએ તે ઓછું લાગે અને જેના ઉપર રાગ ન હોય તેના માટે જે કરીએ જેટલું કરીએ તે વધુ લાગે છે. रागी दोषान् न पश्यति રાગી દોષ જોતો નથી. શરીર ઉપર રાગ છે માટે શરીરના દોષ પણ દેખાતા નથી. શરીર સાથ આપે તો પણ એને પંપાળીએ છીએ અને સાથ ન આપે તો એને વધુ પંપાળીએ છીએ એની જગ્યાએ કો'ક બીજી વ્યક્તિ આપણને સાથ આપે તો આપણે એને સાચવીએ છીએ પણ જેવો એ આપણને સાથ આપવાનું બંધ કરે અથવા તો ઓછું કરે કે તરત જ આપણે પણ એને સાચવવાનું બંધ કરી દઈએ છીએ અથવા તો ઓછું કરી દઈએ છીએ. દેહ માટે ધન અને પરિવારનો પણ ભોગ આપતા અચકાતા નથી કારણ કે નિગોદથી પંચેન્દ્રિય સુધી આપણે દેહનો રાગ કેળવ્યો છે. આ દેહનો રાગ જ આપણને જીવ ઉપરનો દ્વેષ ઊભો કરે છે. અને આ રાગદ્વેષ જ આપણને દુઃખી કરનાર છે. બીજા નંબરનો રાગ ધન ઉપર છે. માટે તો ધન વધે તો રાજી

થઈએ છીએ અને ધન ઓછું થાય તો દુઃખી થઈએ છીએ ધન માટે દેહને પણ કષ્ટ આપીએ છીએ. અને ધન માટે કુટુંબ - પરિવાર સાથે આપણે ક્લેશ કરીએ છીએ.

**'લોભી દેશ-વિદેશ ભમે,**
**ધન કારણ નિજ દેહ દમે, તડકા ટાઢના દુઃખ ખમે.'**

ત્રીજા નંબરનો રાગ પરિવાર ઉપર છે. જ્યાં-જ્યાં રાગ છે ત્યાં-ત્યાં મમત્વ આવે છે. આ દેહ મારો, ધન મારું, પરિવાર મારો આ ત્રણ ઉપરનું મમત્વ જ જીવને મારનારું અને દુઃખી કરનારું છે. પરિવાર ઉપર રાગ છે માટે જ જીવ એના દુઃખે દુઃખી અને એના સુખે સુખી થાય છે. આ પણ એક રાગનું લક્ષણ છે.

પરિવારના સુખ માટે જીવ દેહને પણ કષ્ટ આપે છે. અને જેટલું ધન ખર્ચવું પડે છે તે પણ ખર્ચે છે. આ ત્રણ ઉપરના રાગને દૂર કરવા માટે પર્યુષણ મહાપર્વ છે. આ રાગને દૂર કરવા માટે દ્વેષને દૂર કરવો પડે. દ્વેષ આવે છે ત્યારે રાગના ખભા ઉપર બેસીને આવે છે અને જાય છે ત્યારે પહેલા દ્વેષ જાય છે પછી રાગ જાય છે. આવતીકાલે સંવત્સરી પર્વ છે. આ મહાપર્વના દિવસે રાગ-દ્વેષને દૂર કરવા શું કરવું તે આપણે જોઈશું.

• • •

૮

# દ્વેષી ગુણ ન જુએ

પર્વાધિરાજ એ શુદ્ધિનું પર્વ છે. બાર મહિનામાં આત્મા ઉપર લાગેલા રાગ-દ્વેષના ડાઘને શુદ્ધ કરવાના છે. બાર મહિનામાં જે-જે જીવ પ્રત્યે રાગ કર્યો હોય કે દ્વેષ કર્યો હોય તે સર્વેનું મિચ્છામિ દુક્કડમ્ કરવાનું છે અને 'તં નિંદે તં ચ ગરિહામિ' તેની નિંદા અને ગર્હા કરવાની છે. આપણને જડ ઉપર રાગ છે અને જીવ ઉપર દ્વેષ છે, જડ ઉપરના રાગના કારણે

જીવ ઉપર દ્વેષ થાય છે. રાગનું સ્વરૂપ જાણ્યું હવે દ્વેષનું સ્વરૂપ સમજીએ. કોઈપણ વ્યક્તિ પાસેથી કંઈપણ મેળવવાની ઈચ્છાથી સ્નેહ કરવો તે રાગ છે અને સ્નેહનો અભાવ તે દ્વેષ છે. 'દ્વેષી ગુણાન્ ન પશ્યતિ' જેના ઉપર દ્વેષ હોય તેના ગુણ હોવા છતાં દેખાતા નથી. પોતાને તો દેખાય નહિ પણ કોઈ એના ગુણ બોલે તો સાંભળવા પણ ગમે નહિ. જેના ઉપર દ્વેષ હોય તેનું કોઈ સારું બોલે તો સાંભળી ન શકીએ. એનું સારું થાય એવું ઈચ્છી પણ ન શકીએ. ઉલ્ટુ બીજા પાસે એનું ખરાબ બોલીએ, કોઈ ખરાબ બોલતું હોય તો રાજી થઈએ, અને ખરાબ થાય એવું ઈચ્છીએ.

દેહ, ધન અને કુટુંબ ઉપર રાગ છે માટે એના કારણે એના અભાવમાં કે એના વિરહમાં દ્વેષ થાય છે. ઈષ્ટના વિયોગમાં દ્વેષ થાય છે. અને અનિષ્ટના સંયોગમાં દ્વેષ થાય છે. એક વ્યક્તિ ઉપરનો રાગ અન્ય વ્યક્તિ ઉપર દ્વેષ કરાવે છે. અને કોઈક વસ્તુ કે પદાર્થ ઉપરનો રાગ પણ વ્યક્તિ ઉપર દ્વેષ કરાવે છે. આ રાગ અને દ્વેષની જોડી ચાલ્યા જ કરે છે. હવે સમજો કે એક પેટીમાં પહેલા રાગ પૂર્યો અને એની ઉપર દ્વેષને પૂર્યો તો બન્નેને દૂર કરવા હશે તો પહેલા ઉપર રહેલા દ્વેષને દૂર કરવો પડશે અને પછી નીચે રહેલો રાગ દૂર થશે.

આ જીવ ઉપરના દ્વેષને દૂર કરવા માટે જીવ ઉપર પ્રેમ પ્રગટાવીએ તો દૂર થાય. જેટલો રાગ દેહ, દ્રવ્ય અને કુટુંબ ઉપર

છે. તેનાથી વિશેષ રાગ જો જીવ ઉપર પ્રગટી જાય તો દ્વેષ આપોઆપ ચાલ્યો જાય. દા.ત. ઘરના નોકર દ્વારા કપ-રકાબી પડી ગયા અને તૂટી ગયા તો કપ રકાબીના રાગના કારણે નોકર ઉપર દ્વેષ થાય છે. પરંતુ એ જ કપ-રકાબી તમારી દીકરી દ્વારા પડી જાય તો એના ઉપર દ્વેષ થતો નથી, કે ગુસ્સો કરતા નથી.

ઉલ્ટુ દીકરી ઉપર પ્રેમ હોવાથી એને વાગ્યું નથી ને એની કાળજી કરીએ છીએ. આ દ્રષ્ટાંતથી બરાબર સમજી શકાશે કે વસ્તુ ઉપરના રાગને કારણે વ્યક્તિ ઉપર દ્વેષ થયો. પરંતુ દીકરી ઉપર કપ-રકાબી કરતા વધારે રાગ હોવાથી જીવ ઉપરનો દ્વેષ તો ગયો. વસ્તુ ઉપરનો રાગ પણ ગયો. અને આપણે એમ કહીએ છીએ કે એ તૂટી ગયું એની ચિંતા ન કર એ તો નવા આવશે. તને વાગ્યું નથી ને એ સારું છે.

આમ સંવત્સરી એ જીવમાત્ર સાથે અખંડિત મૈત્રી સ્થાપવા માટેનું પર્વ છે. જ્યાં જ્યાં જેની જેની સાથે મૈત્રી ખંડિત થઈ હોય, સંવત્સરી પ્રતિક્રમણ પહેલા ત્યાં-ત્યાં તેની-તેની સાથે મૈત્રી અખંડિત કરી દેવાની છે.

ચાલો આપણે આ પર્યુષણમાં સકલ વિશ્વના સર્વ જીવો સુધી મૈત્રીના માંડવડાને વિસ્તારીને પર્વની ઉજવણી કરીએ.

• • •

# પર્યુષણ પર્વના વધામણાં

(પ્રવચનો ૧ થી ૮)

# ૧

# નમ્રતા

પધારો... પધારો... પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વ પધારો... સ્વાગતમ્... સુસ્વાગતમ્... આંગણે પધારેલા પર્વાધિરાજનું સ્વાગત કરીએ. આરાધનાના અક્ષતથી... ઉપાસનાના ઉમંગથી... સાધનાની સુવાસથી અને પ્રેમના પુષ્પોથી...

પર્યુષણ એટલે 'પરિ-સામસ્ત્યેન વસનં પર્યુષણા' સમસ્તપણાએ રહેવું

એટલે સંપૂર્ણ મન-વચન-કાયાથી પ્રભુની પાસે... પરમકૃપાળુ પરમાત્માની પરમસમીપે વસવું તે પર્યુષણા, આત્માની પરમ સમીપે વસવું તે પર્યુષણા.

આજ સુધી આપણે પરિવારની સમીપમાં રહ્યા, પદાર્થોની સમીપમાં રહ્યા, પૈસાની નજીક રહ્યા, દેહની પાસે રહ્યા પરંતુ પરમાત્માની નજીકમાં ક્યારેપણ રહ્યા નથી. ઉલ્ટા પ્રભુથી દૂર ગયા છીએ અને જેમ જેમ પ્રભુથી દૂર ગયા તેમ તેમ આપણે સુખથી દૂર ગયા અને દુઃખની નજીક ગયા. સહસ્રકિરણ સૂર્યથી જેટલા દૂર જઈએ તેટલો પ્રકાશ ઓછો મળે અને નજીક રહીએ તેટલો પ્રકાશ વધુ મળે, તેવી જ રીતે પ્રભુથી જેટલા દૂર તેટલું સુખ ઓછું અને પ્રભુથી જેટલા નજીક તેટલું સુખ વધુ મળે. કવીશ્વર જ્ઞાનવિમલસૂરિજીએ માટે જ કહ્યું છે - **'પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા રે.'**

પ્રભુની સમીપ જવાનું પ્રથમ પગલું છે નમો. નમો એ ધર્મનો મર્મ છે અને કર્મનો મર્મ છે અહં. આ કર્મના મર્મ અહંકારને ભેદનાર હોય તો ધર્મનો મર્મ નમો. બાહુબલિજી ન નમ્યા માટે કેવળજ્ઞાન અટકી ગયું અને જેવા નમવા માટે પગ ઉપાડ્યો તેવું જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

નહિ નમવાથી જે કર્મ બાંધ્યા છે તે કર્મ છોડવા માટે નમસ્કારભાવ જરૂરી છે. નમસ્કાર, નમ્રતા એ ધર્મનો પાયો છે.

નમન એટલે ન મન. મન જે પ્રભુએ આપ્યું છે તે મન પ્રભુને પાછું આપવું એટલે 'હરિ ઇચ્છા બલીયસી.' મારી કોઈ ઇચ્છા જ નથી.

પ્રભુની ઇચ્છા તે મારી ઇચ્છા. **'રામ રાખે તેમ રહીએ, ઓધવજી રામ રાખે તેમ રહીએ.'** પરમકૃપાળુ પરમાત્મા જે પરિસ્થિતિમાં રાખે તે પરિસ્થિતિમાં પ્રસન્નતાપૂર્વક રહેવું તેનું નામ છે **"નમો"**.

ચાલો આજે પર્યુષણ પર્વના પ્રથમ દિવસે પ્રભુ તરફનું પ્રથમ પગલું "નમો" આપણા જીવનમાં લાવીએ.

• • •

**શ્રી કલ્પસૂત્ર ઉપકારીઓના ઉપકારને યાદ કરાવે છે માટે દર વર્ષે એનું વાંચન અને શ્રવણ કરવાનું છે.**

# ૨

# સરળતા

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માએ સર્વ જીવોના સુખ માટે બે પ્રકારના ધર્મ બતાવ્યા છે (૧) ક્રિયાત્મક ધર્મ અને (૨) ગુણાત્મક ધર્મ. દર્શન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, દાન, શીયળ, તપ વિ. ક્રિયાત્મક ધર્મ છે જ્યારે સરળતા, નમ્રતા, કૃતજ્ઞતા, ક્ષમા, ઉપશમભાવ વિ. ગુણાત્મક ધર્મો છે. ક્રિયાત્મક ધર્મ

એ ગુણાત્મક ધર્મનું કારણ બનવું જોઈએ. પ્રભુદર્શન, પૂજા એ પરમાત્મભક્તિ પ્રગટાવનાર બનવા જોઈએ, સામાયિક સમતા ગુણને લાવનાર બનવું જોઈએ.

આ પર્યુષણ પર્વમાં ક્રિયાત્મક ધર્મની સાથે સાથે ગુણાત્મક ધર્મને જીવનમાં અપનાવીએ. પ્રભુમિલનનું પ્રથમ પગલું છે નમ્રતા તો બીજું ચરણ છે સરળતા. સંસારની માતા માયા છે અને માયાની માતા છે વક્રતા. વક્રતા પ્રભુને પામવા દેતી નથી. પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્રમાં વીરપ્રભુએ જણાવ્યું છે કે પાંચમા આરાના જીવો વક્રતા દોષને કારણે પ્રભુને પામી શકતા નથી. શાશ્વત તીર્થાધિરાજશ્રી સિદ્ધાચલજી પણ આપણને સતત એ જ પવિત્ર સંદેશ આપે છે કે સીધા ચલ. જે સીધો ચાલે છે, આડોઅવળો ચાલતો નથી, આડુઅવળું જોતો નથી, આડુઅવળું બોલતો નથી તે વહેલામાં વહેલો પ્રભુને પામી શકે છે. માટે જ શ્રી લલિત વિસ્તરા ગ્રંથમાં કહ્યું છે કે, સરળતા એ જ મોક્ષનો માર્ગ છે. चेतसो अवक्रगमनं मोक्षमार्गः ।

સરળતા પ્રાપ્ત કરવી એ દેખાય છે એટલી સરળ નથી. રસાસક્તિ છોડવી સહેલી છે, દેહની વિભૂષા છોડવી સહેલી છે, કામ-ભોગ છોડવા સહેલા છે પરંતુ દંભ છોડવો, માયા છોડવી અને સરળતા ગુણ અપનાવવો કઠિન છે. **સરલો વિરલો જનઃ ।**

શુદ્ધ હૃદયમાં જ ભગવાન બિરાજમાન થાય છે અને શુદ્ધિ સરળ જીવાત્માની જ થાય છે. અને શુદ્ધ આત્મામાં જ ધર્મરાજા બિરાજે છે. सोही उज्जुभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ । સરળ હોય તે જ શુદ્ધ પ્રાયશ્ચિત્ત કે આલોચના કરી શકે છે, સરળ ન હોય તે શુદ્ધ પશ્ચાત્તાપ કરી ન શકે અને આલોચના ન કરે તો અનંત સંસાર વધી શકે આવું ભક્ત પરિજ્ઞાપયન્ના સૂત્રમાં કહ્યું છે.

પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાનના સમયના જીવો સરળ હતા માટે સૌથી વધુ જીવો તે કાળમાં મોક્ષે ગયા છે. મરુદેવામાતાથી પ્રારંભ કરીને અજિતનાથ ભગવાન સુધી, ૫૦ લાખ ક્રોડ સાગરોપમ સુધી, આદીશ્વર ભગવાનની અસંખ્ય પાટપરંપરા સુધી મોક્ષમાર્ગ ચાલુ રહ્યો. માસતુષ મુનિ સરળ હતા માટે જ જ્ઞાન ન હોવા છતાં કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા.

સરળ જીવની નિશાની છે કે સરળ હોય તેને લગભગ કોઈની ઈર્ષા ન થાય. સરળ હોય તે બીજાની નાની-મોટી ગમે તેવી ભૂલને માફ કરી દે. સરળ હોય તે પોતાની ભૂલનો બચાવ ન કરે પણ સ્વીકાર કરે અને સરળ હોય તે પ્રાયઃ કોઈની સાથે સંઘર્ષમાં ન ઉતરે. માટે ચાલો... આ પર્યુષણમાં સરળતા ગુણને અપનાવીએ અને આત્મસાત્ કરીએ.

• • •

3

# સમતા

આ હળાહળ કલિકાલમાં પણ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ, તીર્થાધિરાજ શત્રુંજય ગિરિરાજ અને મંત્રાધિરાજ નવકાર મહામંત્ર આપણને મળ્યા છે તે આત્મકલ્યાણ માટે પર્યાપ્ત છે. જન્મતાવેંત આપણને નવકારમંત્ર સાંભળવા મળ્યો. અરે ! ગર્ભમાં પણ આપણી સંસ્કારી માતાએ નવકાર મંત્ર સંભળાવ્યા, જન્મ્યાં પછી છ મહિનાના થયા એટલે શ્રી શત્રુંજય ગિરિરાજની

યાત્રા કરાવી અને જન્મ પછી પ્રથમ પર્યુષણમાં પર્વની આરાધના કરાવી આત્માને પુણ્યાનુબંધિ પુણ્યનું ઉપાર્જન કરાવ્યું અને કર્મનિર્જરા પણ કરાવી.

આ પર્યુષણ પર્વ દોષ શમાવવા અને ગુણ પ્રગટાવવા માટે છે. નમ્રતા અને સરળતા ગુણ જીવનમાં લાવ્યા પછી સમતા જીવનમાં લાવવાની છે. 'તપ કરીએ સમતા લાવી ઘટમાં' જ્ઞાન ભણવું સહેલું છે, તપ કરવું પણ સહેલું છે. ચારિત્રનું પાલન પણ હજી સહેલું છે. પરંતુ સમતા લાવવી અઘરી છે. પ્રસન્નતાપૂર્વક હસતા-હસતા, મનમાં પણ ઉદ્વેગ લાવ્યા વિના સહન કરવું તેનું નામ સમતા છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ બીજાને દોષ આપ્યા વિના સહન કરવું તેનું નામ સમતા છે. પરિસ્થિતિ બદલાય ત્યારે પણ મનઃસ્થિતિ ન બદલવી તે સમતા છે. પ્રતિકારની શક્તિ હોય, કષ્ટ ટાળી શકાય તેમ હોય તેવા સમયે પ્રસન્નતાપૂર્વક સહન કરવું તે સમતા છે.

કોઈ શારીરિક કષ્ટ સહન કરવું, કોઈના કડવા વચન સહન કરવા, આપણને ન ગમે તેવી કોઈની વાત કે તેવું કોઈનું વર્તન સહન કરવું. બીજાની ભૂલને પ્રસન્નતાપૂર્વક સહન કરવી અને ભૂલી જવી. બીજાના સુખને-બીજાના વિકાસને સહન કરવો, પોતાની હાજરીમાં અન્યની પ્રશંસા સહન કરવી, આ બધા જીવનમાં બનતા પ્રસંગોમાં પ્રસન્નતાપૂર્વક સહન કરવું તે સમતા છે.

શારીરિક કષ્ટ સહન કરવા સહેલા છે, તેના કરતાં બીજાના કટુવચનને સહન કરવા કઠિન છે અને તેના કરતાં પણ પરપ્રશંસા સહન કરવી સૌથી વધુ અઘરી છે. શ્રીસ્કંધકસૂરિના ૫૦૦ શિષ્યોએ ઘાણીમાં પીલાવા સ્વરૂપ શારીરિક કષ્ટ સહન કર્યું, સમતાપૂર્વક સહન કર્યું તો કેવલજ્ઞાન પામ્યા અને સિંહગુફા પાસે ચાતુર્માસ કરનાર મુનિશ્રી સ્થૂલભદ્રજીની ગુરૂમુખે થયેલી પ્રશંસાને સહન ન કરી શક્યા તો પતન થયું.

પરમાત્માની આજ્ઞા પ્રમાણે પ્રસન્નતાથી સહન કરવાની તૈયારી ન રાખીએ તો પરમાધામીની આજ્ઞા મુજબ નરકમાં પરાણે સહન કરવું પડે છે.

આ પર્યુષણમાં નાની-નાની વાતોમાં સમતાપૂર્વક સહન કરવાની ટેવ પાડીએ. સ્નાન કરવા બેઠા અને પાણી ગરમ ન મળ્યું, ચા બરાબર કડક-મીઠી ન મળી, દાળમાં મીઠું વધારે આવી ગયું તો એને પ્રસન્નતાપૂર્વક સહન કરીએ. ધર્મપત્નીએ આપણું કહ્યું ન કર્યું, આપણો પુત્ર કે પુત્રી આપણી સામે બોલ્યા, મોટા ભાઈએ કડવા વચન કહ્યા તો સહન કરીએ. દેરાસરમાં પૂજાની લાઈનમાં કોઈ વચ્ચે આવી ગયું, પ્રતિક્રમણમાં બેસવા માટે બરાબર જગ્યા ન મળી, વ્યાખ્યાનમાં કોઈનો પગ લાગી ગયો. દેરાસર દર્શન કરવા ગયા અને ચપ્પલ ઉપડી ગયા તો હસતા-હસતા સહન કરીએ. સહન કરવામાં મોટાઈ છે.

**'સહેવામાં જે રહી વિમલતા, તે ન સામે થવામાં.'**

• • •

૪

# સ્વદોષદર્શન

પ્રાણીમાત્રને પ્રેમનો પયગામ આપતું પર્વ એટલે પર્યુષણ. વેર-વિખવાદના ઝેરી બંધન કાપતું પર્વ એટલે પર્યુષણ. આત્મખોજ કરવા માટેનું પર્વ એટલે પર્યુષણ. દિવાળી આવે એટલે દુકાનમાં ચોપડા ચોખ્ખા કરવાના, પર્યુષણ આવે એટલે આત્માના ચોપડા ચોક્ખા કરવાના. ચોપડા ચોક્ખા કરવા માટે પહેલા જમા-ઉધાર

બરાબર જાણવું પડે, સમજવું પડે. જન્મથી લઈને આજ સુધી આ આત્મા ઉપર કેટકેટલા દોષોના ગંજના ગંજ ખડકાણા છે. પહેલા તો આપણા દોષોને આપણે જાણવા છે એના માટે સ્વદોષદર્શન કરવું પડે.

સ્વદોષદર્શન કરતા પહેલા પરદોષદર્શન અને પરદોષકથન બંધ કરવું પડે. બીજાના દોષ જોવા, બીજાના દોષ બોલવા અને બીજાના દોષ સાંભળવા ત્રણે દોષ છે. પહેલા નંબરે તો કોઈના દોષ જોવા જ નહિ. કોઈના દોષ જોવા એ જ પાપ છે. આપણામાં જ એટલા બધા દોષ ભર્યા છે તો બીજાના દોષ જોવા ક્યાં જઈએ ? અને કદાચ દેખાઈ ગયા તો નજર હટાવી દઈએ. સજ્જન જનનું એ લક્ષણ છે કે નહિ જોવા જેવું કોઈ દૃશ્ય જોવાઈ જાય તો તરત જ ત્યાંથી નજર હટાવી લે. બીજાના દોષ એ નહિ જોવાલાયક દૃશ્ય છે એ જોવાઈ જાય તો તરત જ નજર હટાવી લે.

કદાચ કોઈનો દોષ જોવાઈ જાય પણ બોલે તો નહિ જ. રોષથી, દ્વેષથી બીજાના દોષ બોલવા તે નિંદા છે. નિંદા કોઈની પણ કરવી નહિ. એવું જ્ઞાની ભગવંતોનું વચન છે. નિંદા કરતા નિદ્રા સારી. આત્મા માટે નિદ્રા પણ ખરાબ જ છે. પરંતુ નિદ્રાથી શરીરને તો લાભ છે. નિંદા કરવામાં તો શરીર, મન કે આત્મા ત્રણેયને ભયંકર નુકસાન છે.

તમે જેની નિંદા કરો છો તે પાપી હશે કે નહિ તે નક્કી નથી, પરંતુ નિંદા કરનાર પોતે તો પાપી છે. બીજાની નિંદા કરનાર એક આંગળી બીજા તરફ ચિંધે છે. પરંતુ ત્રણ આંગળી તો પોતા તરફ છે. જેની નિંદા કરો છો તે એકગણો પાપી છે, તો નિંદા કરનાર ત્રણ ગણો પાપી છે.

બીજાની નિંદા કરવાથી જેની નિંદા કરો છો તેને નુકસાન થાય કે ન થાય પરંતુ નિંદા કરનારને તો સૌથી પ્રથમ નુકસાન છે. તમે બીજાના દોષ બોલ્યા એટલે તમારું મન અને મુખ બન્ને મેલા થયા. ગંદા થયા. કાદવ ઉછાળનારના હાથ મેલા કાદવવાળા થાય છે, જેના ઉપર કાદવ ઉછળે તેને કાદવ ચોંટે તો કાદવવાળા થાય, ન ચોંટે તો ન થાય. આકાશ ઉપર કાદવ ઉછાળો તો આકાશને કાંઈ ન થાય. બીજું વધારે મોટું નુકસાન તો એ છે કે જેમ-જેમ તમે બીજાના દોષ જોતા જાવ અને બોલતા જાવ તેમ-તેમ એ દોષ તમારામાં આવતો જાય. કોઈ લોભીની નિંદા કરો છો તો તમારામાં લોભદોષ આવતો જાય.

કોઈની નિંદા કરનાર કરતા કોઈની નિંદા સાંભળનાર વધુ દોષિત છે. નિંદા સાંભળનાર મળે તો જ કોઈ નિંદા કરી શકે. માટે કોઈના દોષ જોવા નહિ, બોલવા નહિ, અને સાંભળવા નહિ. આ દોષત્યાગ છે, અને સ્વદોષ જોવા આ ગુણ છે.

સ્વદોષદર્શન એ આધ્યાત્મિક જગતનું પ્રથમ પગથિયું છે. સરળ જીવને દરેક પ્રસંગે પોતાના દોષ જ દેખાય છે, બીજાના દોષ દેખાતા નથી. જેમ બીજાના દોષ જોવાથી આપણામાં દોષ આવે છે. તેમ આપણા પોતાના દોષ જોવાથી આપણા દોષો ઘટે છે. સ્વદોષ દર્શનથી ઈલાચીકુમાર વિ. અનેક આત્માઓ કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીને વર્યા છે. ચાલો, આપણે પણ આ પર્યુષણમાં એક સંકલ્પ કરીએ કે દોષ જોવા તો મારા પોતાના જ જોવા બીજાના નહિ. સ્વદોષદર્શનથી સમ્યક્દર્શનની પ્રાપ્તિને સુલભ બનાવીએ.

• • •

**પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ**

**કર્મ નાશ માટે નહીં**

**કર્મના-મર્મના નાશ માટે છે.**

# ૫

# પરગુણદર્શન

જીવનની સરગમ પર સ્નેહના સૂર છેડતું પર્વ. હૈયામાં હાશ-હળવાશની તાજગી રેડતું પર્વ એટલે પર્યુષણ. આ પર્યુષણ પર્વમાં ગામના-નગરના દરેક જિનાલયોને જુહારવા અને દરેક ભગવાનના દર્શન-પૂજા કરવાનો અનેક આત્માઓ ભાવ રાખે છે. પરમાત્માના દર્શન અને પરમાત્માના ગુણદર્શન બન્ને એટલા માટે કરીએ છીએ કે પ્રભુના દર્શનથી પ્રભુના ક્ષમા, મૃદુતા,

ઋજુતા, કરૂણા વિ. ગુણોના દર્શન થવા જોઈએ. પરમાત્માના દર્શન કરતાં-કરતાં જ પ્રભુગુણના દર્શન થયા પછી જ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે મહાવીર ભગવાનના સ્તવનમાં ગાયું છે. **'તુમ ગુણગણ ગંગાજળે, હું ઝીલીને નિર્મળ થાઉં રે.' 'અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે.'**

પ્રભુ દર્શનથી પ્રભુગુણદર્શન અને પ્રભુગુણદર્શનથી જીવગુણદર્શન. જેને પ્રભુના ગુણોના દર્શન થયા તેને જગતના સર્વ જીવોના ગુણોના દર્શન થયા વિના રહે નહીં. જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં એને ગુણોના જ દર્શન થાય. સમ્યક્દર્શનનો અર્થ જ એ છે કે સારું જોવું. શુભ જોવું. સૃષ્ટિ તો જેવી છે તેવી જ રહેવાની છે. સૃષ્ટિ બદલી શકાય તેમ નથી. દૃષ્ટિ બદલીએ તો સૃષ્ટિ સમગ્ર બદલાઈ જાય. પૃથ્વીને ચામડાથી મઢી શકાય તેમ નથી. આપણા પગને ચામડાથી મઢી દઈએ એટલે જ્યાં પગ મૂકીએ ત્યાં આપણા માટે તો ચામડું જ છે. કાળા ચશ્મા પહેરીએ તો સમગ્ર સૃષ્ટિ કાળી-કાળી દેખાશે. પીળા પશ્મા પહેરીશું તો પીળી દેખાશે. દુર્યોધનને બધા માણસો દુર્જન દેખાયા અને યુધિષ્ઠિરને બધા જ સજ્જન દેખાયા. 'બુરા દેખણ મેં ચલા, મુઝસે બુરા ન કોઈ' આવું સંતપુરુષ જ ગાઈ શકે.

**પરગુણદર્શન પછી પરગુણગાન :** બીજાના દુઃખને જોઈને દુઃખી થવું સહેલું છે. પરંતુ બીજાના સુખને જોઈને સુખી થવું અઘરું છે. એના કરતાં પણ વધારે અઘરું બીજાના ગુણને જોઈને

રાજી થવું એ છે. ગુણવાનને જોઈને આનંદ થવો આ પ્રમોદભાવના છે. **'થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે'** બીજાનો અણુ જેટલો ગુણ પણ મેરૂ જેટલો લાગે અને પોતાનો મેરૂ જેટલો ગુણ પણ અણુ જેટલો લાગે. 'બીજાનો સિંધુ જેટલો દોષ પણ બિંદુ જેટલો લાગે અને પોતાનો બિંદુ જેટલો દોષ પણ સિંધુ જેટલો લાગે.' આ મહાન બનવાની નિશાની છે.

જેમ પરનિંદાથી એનો દોષ આપણામાં આવે છે તેમ પરગુણપ્રશંસાથી એનો ગુણ આપણામાં આવે છે. નિર્મળ અંતઃકરણપૂર્વક, સામાના સદ્ભુત ગુણની જેમ-જેમ પ્રશંસા કરો, અનુમોદના કરો તેમ-તેમ એના ગુણ આપણા ગુણ બનતા જાય. **'જિન ઉત્તમ ગુણ ગાવતા, ગુણ આવે નિજ અંગ'** ઉત્તમના ગુણ ગાતા આપણામાં એ ગુણ સહજ રીતે પ્રગટે છે. ગુણપ્રાપ્તિનો આ અમોઘ અને સરળ ઉપાય છે. ચાલો, આજે પરમાત્મા મહાવીર દેવના જન્મવાંચનના શુભ દિવસે સંકલ્પ કરીએ કે, આ આંખથી કોઈનું સારું જ જોઈશ. આ જીભથી કોઈનું સારું જ બોલીશ અને આ કાનથી કોઈનું સારું જ સાંભળીશ. અને આ મનથી કોઈનું સારું જ વિચારીશ. જો આટલો સંકલ્પ કરીશું તો આજના દિવસે આપણો નવો જન્મ થશે.

## આજનો દિવસ શેનો છે ?

**સોણલાની** પણ એક સોહામણી દુનિયા છે. ભાવિના અનેક સંકેતો શમણાની સોડમાં ઈશારા કરે છે. ભગવાન મહાવીરની માતા

ત્રિશલાએ જોયેલા ૧૪ નમણાં શમણાં કેવા સુંવાળા ને પ્યારા છે ? એક-એક સ્વપ્ન ભગવાન મહાવીરના મોહક વ્યક્તિત્વને કળીમાંથી ખીલતા ફૂલની જેમ પ્રગટ કરે છે. જરી પલકોનો પડદો પાડીને પહોંચી જજો ક્ષત્રિયકુંડના રાજપ્રસાદમાં પોઢેલા દેવી ત્રિશલાની પાસે... જોજો એમના અસ્તિત્વમાંથી નીતરતી લાગણીઓની ભીનાશને. એક વાત યાદ રાખજો. આજનો દિવસ પરમ પવિત્ર કલ્પસૂત્રમાં આવતો ભગવાન મહાવીરના જન્મ વાંચનનો છે. ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકનો દિવસ નથી. ભગવાનના જન્મ કલ્યાણકનો દિવસ તો છે ચૈત્ર શુદિ-૧૩નો ! આજનો દિવસ માતા ત્રિશલાને આવેલા શમણાઓના નમણાં નગરમાં ગરબે ઘૂમવાનો દિવસ છે. આજે તો ભાવનગરના જૈનો દાદાસાહેબના પટાંગણમાં હજારોની સંખ્યામાં એકઠાં થશે. કારણ કે, આજે માતા ત્રિશલાને આવેલા ચૌદ મહાસ્વપ્નોના દર્શન ભાવનગરમાં માત્ર દાદાસાહેબમાં જ થાય છે. માટે બાળકથી લઈને વૃદ્ધો, ભાઈઓ અને બહેનો બધા જ સ્વપ્ન દર્શન કરવા માટે ઉમટી પડે છે. કારણ કે દરેકને એક જ ભાવ છે કે જે ચૌદ મહા સ્વપ્નોના દર્શન થકી માતા ત્રિશલાને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ તો એ સ્વપ્નદર્શનથી આપણને પણ એ ભગવાનની પ્રાપ્તિ અવશ્ય થશે. આપણું અમંગળ દૂર થશે અને સદા સર્વદા મંગલ જ મંગલ થશે.

• • •

૬

# કૃતજ્ઞતા

જાતમાં જીવવાની રીત બતાડતું પર્વ પર્યુષણ પર્વ.

સહુના પ્રત્યે આંતર પ્રીત જગાડતું પર્વ પર્યુષણ પર્વ.

પરમાત્મા મહાવીરદેવના રોમાંચક જીવન પ્રસંગોની પાવન પ્રેરણાના અમીઘૂંટ પાતી આજની અલબેલી ઉષા પર્યુષણનો છઠ્ઠો દિવસ લઈને આવી છે.

પર્યુષણ પર્વ એટલે ઉપકારીઓના ઉપકારને યાદ

કરવાનું પર્વ. ઉપકારીના ઉપકારનું સ્મરણ કરવું તે આરાધના છે. અને ઉપકારીના ઉપકારનું વિસ્મરણ તે વિરાધના છે.

ઉપકારીના ઉપકારનું ૨૪ કલાક સતત સ્મરણ રહેવું જોઈએ. અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માનો આ આત્મા ઉપર સૌથી વિશેષ ઉપકાર છે. નિગોદથી અહીં સુધી આપણી આંગળી પકડીને લાવનાર તીર્થંકર પરમાત્મા છે. માટે સૌથી પ્રથમ ઉપકારી તરીકે પરમકૃપાળુ પરમાત્માનું સતત સ્મરણ રહેવું જોઈએ. જતા-આવતા-સૂતા-બેસતા-ઊઠતા-ખાતા-પીતા પ્રભુનું સ્મરણ રહે તે પરમાત્માની ઉત્કૃષ્ટ ભક્તિ છે.

બીજા નંબરનો ઉપકાર સિદ્ધ ભગવંતોનો છે. જે સિદ્ધ ભગવંતો સિદ્ધ થયા એટલે આપણો જીવ નિગોદમાંથી બહાર નીકળ્યો. નિગોદમાંથી નિકાસમાં સિદ્ધ ભગવંતોનો ઉપકાર અને વિકાસમાં અરિહંત પરમાત્માનો ઉપકાર. ત્રીજા નંબરનો ઉપકાર પૂજ્ય ગુરુભગવંતોનો. પરમાત્માનો સંદેશ આપણા સુધી પહોંચાડનાર પૂજ્ય ગુરુભગવંતો છે અને આપણું પ્રભુ સાથે મિલન કરાવનાર પણ ગુરુભગવંતો છે. જ્ઞાનદાતા અને ધર્મદાતા ગુરુભગવંત આપણા પરમ ઉપકારી છે. પાણી પીવડાવનાર કરતા છાશ પીવડાવનારનો ઉપકાર ચઢી જાય એના કરતા અન્નદાન કરનારનો ઉપકાર વધી જાય. એના કરતા આરોગ્ય આપનારનો ઉપકાર ચઢે અને બધા ઉપકાર કરતા ધર્મદાન કે જ્ઞાનદાન કરનાર ગુરૂનો ઉપકાર અનેકગણો વધારે છે. **'પાણી પીવરાવ્યે એક પુણ્ય,**

**છાશ પીવરાવ્યે પુણ્ય દશ, અન્ન ખવરાવ્યે સો પુણ્ય, જો મન કચવાય નહિ તો.'**

'સમકિતદાયક ગરુતણો, પચ્ચુવચાર ન થાય.'

ભવ કોડાકોડે કરી, કરતા સર્વ ઉપાય

દેવ અને ગુરૂના ઉપકાર પછી મુખ્ય ઉપકાર જન્મદાતા જીવનદાતા અને સંસ્કારદાતા માતા-પિતાનો છે. આ ભવના ઉપકારી હોય તો માતા-પિતા છે. બાકી તો આપણા જીવનપથ ઉપરથી પસાર થતા એકે એક જીવ આપણા પરમ ઉપકારી છે.

આ દરેકે દરેક જીવના ઉપકારોને યાદ કરી તેમનો આભાર માનવો 'Thank You' કહેવું આ પર્યુષણ પર્વનું કર્તવ્ય છે.

જેને આભાર માનતા આવડે છે, એને ક્ષમા માંગવી પડતી નથી. ઉપકારીના ઉપકાર માટે કૃતજ્ઞતા વ્યક્ત ન કરી. 'આભાર' વ્યક્ત ન કર્યો એ જ આપણો મોટામાં મોટો અપરાધ છે. આ અપરાધની પણ ક્ષમા માંગવી જોઈએ.

માટે પર્યુષણ પર્વ એ ક્ષમાપનાપર્વ તો છે જ પરંતુ સાથે સાથે કૃતજ્ઞતાપર્વ પણ છે. ચાલો હવેથી દરેક પર્યુષણમાં 'મિચ્છામિ દુક્કડમ્'ની સાથે સાથે 'આભાર' વ્યક્ત કરવાનો પ્રારંભ કરીએ અને કૃતજ્ઞતાપર્વની ઉજવણી કરીએ.

• • •

## ૭

# ક્ષમાપના

અહિંસાની આલબેલ પોકારતું પર્વ એટલે પર્યુષણ. હિંસાની આગને ઠારતું પર્વ એટલે પર્યુષણ. ઉગતા સૂરજની સાખે લહેરાતી, પ્રસન્નતાના ફૂલો વરસાવતી સોહામણી પળો પર્યુષણનો સાતમો દિવસ લઈને આવી છે.

જીવનની પાયાની જરૂરિયાત છે ક્ષમા... ક્ષમા વિહોણું જીવન તો રણ જેટલું ય રળીયામણું નથી લાગતું. રણમાં રાત પડે રેતીનો

સુંવાળો ને શીળો... શીળો સ્પર્શ સાંપડે છે. જ્યારે ક્ષમા વગરના જીવનમાં તો નર્યા વેરની આગ પ્રજ્વળે છે. દાઝવાને બાઝવા સિવાય કશું બીજું નથી એ જીવનમાં દોસ્ત... આ જિંદગી મિત્રોની મહેફિલ બનાવવા માટે છે. શત્રુઓનું સ્મશાન ઊભું કરવા માટે નથી. આ જીવન છે દોસ્તોની દોલત વધારવા માટે, નહીં કે દુશ્મનોની દયનીયતા પેદા કરવા માટે. ભૂલ થઈ કે નથી થઈ, માફી માંગી લેવામાં નાનપ નથી. ઝૂકવામાં જરીયે ઝાંખપ નહીં લાગે.

હા આ મારી ભૂલ છે, આ સાત અક્ષર જીવનનું મોટામાં મોટું ઘરેણું બની જશે. ઝૂકનારાની નમ્રતાથી હંમેશા જીત થાય છે. નમે તે સહુને ગમે. ઝૂકવાથી, ભૂલ સ્વીકારવાથી સામી વ્યક્તિનું દિલ તમે જીતી લેશો. ઈર્ષ્યા, રાગ, દ્વેષ આ બધી ચિનગારી છે. ચિનગારી વેરરૂપી દાવાનળનું સ્વરૂપ ગ્રહણ કરી લે તે પહેલા ક્ષમાના જળ વડે એ ચિનગારીને બુઝાવી દો. ક્ષમા રાખવી, ક્ષમા માંગવી અને ક્ષમા આપવી.

ક્ષમા રાખવા માટે સમતા જોઈએ છે ક્ષમા માંગવા માટે નમ્રતા જોઈએ અને ક્ષમા આપવા માટે ઉદારતા જોઈએ. ક્ષમા રાખનારો, ક્ષમા માંગનારો અને ક્ષમા આપનારો ત્રણે મહાન છે ત્રણે આરાધક છે. વ્રત, તપ, જપ, ક્રિયાનું ફળ ક્ષમાપના છે. ક્ષમાપના પ્રગટે તો તપ વિ. અનુષ્ઠાન સાર્થક છે. અને જે ક્ષમા રાખતો નથી, જે ક્ષમા માંગતો નથી અને ક્ષમા આપતો નથી તે

વિરાધક છે. તેને આરાધના કરવા છતાં આરાધના થતી નથી. શત્રુને મારવાથી તો શત્રુતા વધુ ઘેરી બને છે. જ્યારે શત્રુને ક્ષમા આપવાથી શત્રુતા જ નાશ પામે છે અને શત્રુ મિત્ર બની જાય છે. શત્રુ ઉપર તલવાર ચલાવવાથી તો એના લોહીના બુંદ-બુંદમાંથી નવા અનેક શત્રુ પેદા થાય છે અને શત્રુ સામે તલવાર મ્યાન કરવાથી તો શત્રુ જ મિત્ર બની જાય છે.

• • •

**પર્યુષણ પર્વ એ**
**ક્ષમાપના પર્વની સાથે-સાથે**
**કૃતજ્ઞતા પર્વ છે.**

૮

# સંવત્સરી મહાપર્વ

પર્વોની દુનિયામાં સોહામણું પર્વ પર્યુષણ.

પર્વોના મેળામાં લોભામણું પર્વ પર્યુષણ.

પર્યુષણ શીખવે છે જાતમાં જવાની રીત.

પર્યુષણ આપે છે જાતમાં જીવવાની શીખ.

આજનો દિવસ છે સંવત્સરીનો. સંવત્સરીનો દિવસ એટલે પરમકૃપાળુ પરમાત્મા સાથે મિલનનો મંગલમય

દિવસ. પ્રભુ સાથે ભળવા માટેનો પાવન દિન. આજ સુધીમાં ઘણી સંવત્સરીની આરાધના કરી પરંતુ એ બધી સંવત્સરીમાં પ્રભુજીને મળીને પાછા વળી ગયા પ્રભુ સાથે ભળ્યા નહિ. આ સંવત્સરીમાં પ્રભુ સાથે ભળવું છે. એક સાધકને પ્રભુના દર્શનની તીવ્ર તાલાવેલી લાગી. ખ્યાતિ પ્રાપ્ત એક યોગી પાસે ગયો. યોગીએ કહ્યું યમ-નિયમ-આસન-પ્રાણાયામ કંઈ આવડે છે ? સાધક કહે ના, યોગી કહે. તો તને દર્શન થઈ રહ્યા. એક સંન્યાસી પાસે ગયો. સંન્યાસીએ કહ્યું વ્રત-તપ-જપ કર્યા છે ? સાધક કહે ના, સંન્યાસી કહે - તો ઘર ભેગો થા. અમને વર્ષોથી આ બધું કરવા છતાં દર્શન નથી થયા. સાધક નિરાશ થયા વિના એક સાધુ પાસે ગયો. સાધુએ કહ્યું. ભગવાનના દર્શન બહુ સરળ છે. તારા અંતરને સ્વચ્છ કરી દે, શુદ્ધ કરી દે તો ભગવાન આપોઆપ તારા હૃદય મંદિરમાં આવીને બિરાજમાન થશે. આ સંવત્સરીએ આપણે આપણા અંતરને સ્વચ્છ-શુદ્ધ બનાવવું છે તો પ્રભુ દર્શન-પ્રભુ મિલન આપોઆપ થઈ જશે. હૃદયને સ્વચ્છ કરવા માટે ભગવાને સરસ મઝાનો માર્ગ બતાવ્યો છે. પશ્ચાત્તાપનો. પશ્ચાત્તાપનો સાબુ એવો છે કે આત્મારૂપી વસ્ત્ર ઉપર ગમે તેવા અને ગમે તેટલા પાપનો મેલ લાગ્યો હોય, ડાઘ પડ્યા હોય તે ધોવાઈને સ્વચ્છ થઈ જાય છે. આપણું મન ત્રણ દોષોથી ભરેલું છે. રાગ, દ્વેષ અને મોહ. જડ ઉપર, પુદ્ગલ ઉપર આપણને રાગ છે. રાગ અંધાપો લાવે છે, વસ્તુમાં રહેલા દોષને એ જોવા દેતો નથી. શરીર અશુચિ અને અશુદ્ધિનો ભંડાર

હોવા છતાં રાગના કારણે એ શરીર ઉપર પ્રેમ થાય છે. મનનો બીજો દોષ દ્વેષ છે. આપણને બીજા જીવો ઉપર દ્વેષ છે જડના રાગના કારણે જીવ ઉપર દ્વેષ થાય છે. દ્વેષ ગુણને જોવા દેતો નથી. આ દ્વેષને કારણે આપણે બીજાના ગુણ જોઈને આનંદ પામવાને બદલે ઈર્ષા કરીએ છીએ. બીજાની સુખ-સંપત્તિ કે બીજાનો ગુણવૈભવ જોઈને આપણે પ્રમોદભાવ ધરી શકતા નથી.

મનનો ત્રીજો દોષ છે મોહ. મોહથી જે વસ્તુ જેવી હોય એથી વિપરીત જણાય છે. ગુણને દોષરૂપે અને દોષને ગુણરૂપે બતાવનાર આ મોહ છે. આના કારણે બીજાના ગુણમાં આપણને દોષનું દર્શન થાય છે. અને આપણા પોતાના દોષને આપણા ગુણરૂપે જોઈએ છીએ. આપણા દોષો પર રાગ જન્માવનાર આ મોહ છે. એથી કોઈ આપણા દોષો ઉઘાડા પાડે તો આપણે ગુસ્સે થઈ જઈએ છીએ. મન આ ત્રણ દોષોથી ગટર જેવું બની ગયું છે. એને જો પશ્ચાત્તાપની ગંગામાં ડૂબાડી દઈએ તો એ પવિત્ર થઈ જાય. 'હા... પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યું છે.'

આવો આપણે હેતપ્રીતના તોરણ બાંધતા અને તૂટેલા દિલોના તારને સાંધતા આ પર્વને વધાવીએ. અને આ મહાપર્વની પાવન પળોને પ્રભુભક્તિ, જીવમૈત્રી અને આત્મશુદ્ધિની ભીનાશથી ભરી ભરી બનાવીએ.

• • •

# અંતરંગ સુખનો માર્ગ : ક્ષમાપના

આચાર્ય પ્રદ્યુમ્નસૂરિ

શરીરમાં પીડા પમાડે એવા અનેક રોગો ઉત્પન્ન થતાં હોય છે. એના ઉપચારો પણ હોય છે. ઔષધોનું યથાર્થ સેવન કરવામાં આવે તો તે રોગોની પીડામાંથી છુટકારો મળે છે. દેહની પીડા કરતાં મનની પીડા અત્યંત કષ્ટદાયક હોય છે. મનની પીડામાંથી છુટકારો મેળવવા મનને હળવું, પ્રસન્ન અને નિર્મળ કરવાના ઉપાયો સુલભ નથી. છતાં મનની પીડા મટાડી એને નિર્મળ રાખવાની જરૂર છે.

**अशान्तस्य कुतः सुखम् ?**

મનને જે શલ્ય પીડા આપે છે, મલિન અને સંકલેશમય બનાવે છે તે વિશે આપણે વિચાર કરીએ. મનને પીડા થવાના ઘણાં કારણો છે : કોઈએ આપણું ધાર્યું ન કર્યું; આપણા સુખી સંસારમાં કાંકરા નાખી દુઃખના વલયો સર્જ્યા; આપણે ગોઠવેલી ધંધાની બાજી કોઈ કારણે અવળી પડી; આપણે કોઈના રોષના ભોગ બન્યા અને ભારે નુકશાની વેઠી... આવા આવા અનેક પ્રસંગોમાં જે વ્યક્તિ નિમિત્ત બને તે વ્યક્તિ પ્રત્યે આપણા હૃદયમાં દ્વેષનું બીજ રોપાય છે જે ક્રમે ક્રમે વેરનું રૂપ ધારણ કરે છે. આ વેર આપણા મનનો કબજો લઈ લે છે. આ વેર તે વ્યક્તિ કરતાં આપણને જ વધારે દઝાડે છે. સતત દઝાડતો આ વૈરાગ્નિ શલ્ય બનીને ખૂંચતો રહે છે. આવા અશાંત મનને સુખ ક્યાંથી હોય ? **अशान्तस्य कुतः सुखम् ?**

તો, મનને શાંત અને પ્રસન્ન બનાવવા શું કરવું જોઈએ ? શ્રી અમર પાલનપુરીએ આ માટે 'ઉઝરડા' પુસ્તકમાં લખ્યું છે :

ટૂંકમાં જિંદગીમાં ક્યાંય સુખ નથી. જિંદગીનું બીજું નામ જ દુઃખ છે ! પરંતુ એમાં સ્વર્ગનું સુખ પણ સમાયેલું છે. જો તમારામાં વીસરવાની તાકાત હોય તો !

વીતેલી દરેક સુખની અને દુઃખની ક્ષણને ભૂલી જાઓ, દરેક ભૂલની માફી માંગી લો અને દરેક ભૂલને માફ કરી દો. કશું જ યાદ ન રાખો. યાદ એ જ ફરિયાદનું મૂળ છે ! વિવાદ એનું થડ છે, વિખવાદ એની ડાળીઓ છે અને વિષાદ એનું ફળ છે ! જો આ બધાથી દૂર રહેવું હોય અને ખરેખર સુખથી જીવવું હોય તો ફક્ત વીસરતા શીખો.

ભૂલી જવાની કળા એ આપણા મનને સુખી રાખવાનો રસ્તો છે. આમેય આપણને બધું ક્યાં યાદ રહે છે ? પણ મનની વિચિત્રતા તો એ છે કે જે ભૂલી જવાથી સુખ મળે તેને આપણે ભૂલતાં નથી. જૂના થઈ ગયેલા ઘાને ખોતરીને પીડા નીપજાવીએ છીએ. પરિણામે ચચરાટ વધે છે અને જખમ ઊંડો પણ બને છે. રૂઝ આવવામાં વિલંબ થતો જાય છે. કોણ જાણે કેમ, પણ, આ બધું જાણ્યા પછી પણ એમાંથી પોતાની જાતને અળગી કરી શકતા નથી અને સુખ પામતા નથી...

... પણ હવે તો પ્રયત્ન કરીને પણ, જે સ્મરણ કડવાશને તાજી રાખે તેનું વિસ્મરણ જ કરવું છે. વીસરી જવામાં ભલે દોષ હોય, આ બાબતમાં તો તે ગુણ જ છે.

હાં, તો મૂળ વાત એ છે કે વીસરી જવું એ મનને સુખી કરવાનો પહેલો ઉપાય છે. બીજો ઉપાય છે, માફ કરવું તે. ક્ષમા આપવી તે. આપણે 'ક્ષમાપના' શબ્દથી આ જાણીએ છીએ.

પરંતુ, 'ક્ષમાપના' જેવા આ અર્થગંભીર શબ્દને રોજિંદા વ્યવહારમાં લઈ જઈને એનું કૌવત આપણે ગુમાવી બેઠાં છીએ ! ક્ષમાપનાની તો એક નિરાળી ગરિમા છે. ક્ષમા કરનાર અને ક્ષમા ઝીલનાર બન્ને ધન્ય બને છે. બન્ને ગૌરવશળી ગણાય છે, કેમકે તેનાથી મૈત્રીની ઉત્તમ ભૂમિકાનું સર્જન થાય છે. એક આહ્લાદભર્યો સંબંધ પાંગરે છે જે, મનને સતત હળવું રાખે છે. શ્રમણ ભગવાન મહાવીરે દેશના આપતાં, ક્ષમાપનાથી શેની પ્રાપ્તિ થાય છે તેના યાદગાર શબ્દો :

ક્ષમાપના કરવાથી પ્રહ્લાદનભાવ ઊપજે છે. પ્રહ્લાદનભાવ પામેલો જીવ સર્વ પ્રાણ-ભૂત-જીવ અને સત્ત્વ વિષે મૈત્રીભાવને ધારણ કરનાર બને છે. મૈત્રીભાવ પામેલો જીવ શુદ્ધિ પામીને નિર્ભય બને છે.

આમ, નિર્ભય બનાવનાર ક્ષમાપના પ્રસન્નકર્તા પણ છે. પોતાના અપરાધોની માફી માંગનાર, પછી આખી ઘટનાને ભૂલી જાય છે. મેજિક સ્લેટની જેમ ચિત્તને કોઈ પણ ચિહ્ન વિનાનું કોરું કરી શકે એને તો સદા દિવાળી હોય. ક્ષમાપના વિષે, લૌકિક અને લોકોત્તર આ બે ઉદાહરણો આપણને એ રસ્તે જવા માટે પથદર્શક સમા છે.

## શરણાગતને ક્ષમા

એક ચોર હતો. એનો પરિવાર પણ મોટો ! એક દિવસ તેણે ઘરમાં આવી ખાવા માગ્યું. કમનસીબે ઘરમાં હાંડલા કુસ્તી કરે એવી હાલત હતી એટલે ચૂલો ઠંડો હતો. એ દિવસ તહેવારનો હતો અને ગામમાં એની ધમાલ હતી. ઘર-ઘરમાં ખીર રંધાતી હતી. એવો રિવાજ હતો. ચોરની પત્નીએ ક્યાંકથી તૈયાર ખીર ચોરી લાવવાનું કહ્યું ! ફરતાં-ફરતાં એક ઘરમાંથી રંધાયેલી ખીરની મીઠી સોડમ આવી. ઘરમાં ઘૂસી આખું તપેલું ઊંચકી એ તો ભાગ્યો ઘર ભણી ! કોઈ એને રોકી કે પકડી શક્યું નહીં. ઘરમાં આવી તપેલું મૂક્યું ત્યાં પત્નીએ ખીર સાથે ભજીયા-પૂરીની માંગણી કરી. ચોર ફરી ઉપડ્યો.

તે દિવસે કોઈ પરદેશી રાજાએ સૈન્ય સાથે ગામ બહાર પડાવ નાખ્યો તો. તહેવારની વાત સાંભળી એના સેનાપતિના પરિવારને પણ ખીર ખાવાનું મન થયું. બે સૈનિકોને દોડાવ્યા ખીર લાવવા. ખીરની શોધ કરતાં સૈનિકો ચોરના ઘર નજીક આવ્યા અને બારણા પાસે ખીરનું તપેલું જોયું અને તે જ ઉપાડીને ચાલતાં થયાં. સેનાપતિ અને તેની પત્ની, તેનો ભાઈ, મા વગેરે બધા જોઈ રહ્યા. કોઈ દિવસ ખીર ખાધી નહી હોય ! એની સોડમથી સ્વાદ માણવા લલચાઈ રહ્યા.

આ બાજુ ભૂખ્યો ચોર, ભજીયા-પૂરી ન મળવાથી ખાલી હાથે પાછો આવ્યો. ઘરમાં ખીરનું તપેલું જોયું નહીં. છોકરાઓને પૂછતાં જાણ્યું કે બે સૈનિકો આવી ઉપાડી ગયા છે. ચોરને ગુસ્સો આવ્યો.

માર-માર કરતો તે છાવણી પાસે પહોંચ્યો. ત્યાં ખીરનું તપેલું જોઈ કાળઝાળ થયો અને સૈનિકોના હાથમાંથી ભાલો ઝૂંટવી સેનાપતિની હત્યા કરીને ભાગ્યો. સેનાપતિની પત્ની અને માએ, હત્યારાને પકડી લાવવા સૈનિકોને દોડાવ્યા. પ્રાણનો બદલો પ્રાણથી જોઈએ. લપાતો છૂપાતો ચોર, ભૂખનો માર્યો બહુ ભાગી ન શક્યો અને પકડાઈ ગયો, મુશ્કેટાટ બાંધીને છાવણીમાં હાજર કરાયો. વેર અને બદલાની આગ વરસી રહી હતી.

ચોર કહે :

શરણાગતને જ્યાં પ્રહાર કરી શકાય ત્યાં કરો.

ભાલો અટકી ગયો. હવે શું કરવું ? શરણે આવેલાને મરાય નહીં. ચોરને માફી આપી, ઊભો કર્યો. શરણાગતને ભાઈ બનાવી સેનાપતિની પત્નીએ એને તિલક કર્યું, હાર પહેરાવ્યો.

આપણે જોઈ શક્યા કે સાવ નીચ કોટિના માણસમાં પણ જ્યાં વેર લેવાની તીવ્ર તરસ હતી ત્યાં માત્ર 'શરણાગતને જ્યાં પ્રહાર કરાય ત્યાં કરો' આટલા વાક્ય માત્રથી વૈર શમ્યું. આપણે તો તેનાથી ઉચ્ચ કોટિના છીએ અને ઘણા ઊંચા પ્રકારનો બોધ પામ્યા છીએ.

સામા પક્ષે મોટામાં મોટી ભૂલ હોય તો પણ તેને સામે ચાલીને માફ કરવી જોઈએ. બીજા દૃષ્ટાંતમાં આ વાત દૃઢતાપૂર્વક સમજીએ.

**કલ્યાણમલ અને સહસ્રમલની કથા**

જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજી મહારાજના ગુરુભાઈ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજના જીવનમાં બનેલી આ સત્ય

ઘટના છે. રાજસ્થાનના મેડતા ગામમાં તપાગચ્છના ઉપાશ્રયમાં ચાતુર્માસ બિરાજમાન હતા. ગામમાં શ્રાવકોના ઘણા ઘર હતા. એમાં કલ્યાણમલ નામના એક ધર્મનિષ્ઠ શ્રાવક આગળ પડતાં અને શ્રીમંત ગૃહસ્થ હતા. સવાર-સાંજ પ્રતિક્રમણ કરતાં, પક્ખીના દિવસે પૌષધ કરતાં.

રોજ સવારે વ્યાખ્યાન-પ્રવચનમાં તેઓ નિયમિત આવતાં ત્યારે તેમના માથે માત્ર ફાળિયું બાંધેલું જોવા મળતું. બીજા સહુ શ્રાવકો માથે પાઘડી બાંધતાં. એક દિવસ બપોરે એકાંત હતું ત્યારે ધર્મસાગરજીએ પૂછ્યું કે તમારે કોઈ અભિગ્રહ છે ? માથે પાઘડી કેમ મૂકતાં નથી ? ગુરુને ઉત્તર આપવો જોઈએ એટલે એમણે સંકોચ સહ કહ્યું : મેં પ્રતિજ્ઞા કરી છે કે સહસ્રમલ મંત્રીને માર્યા પછી જ માથે પાઘડી બાંધું. ગુરુએ પૂછ્યું : કેટલા વર્ષથી તમે આ પ્રતિજ્ઞા કરી છે ? ઉત્તર મળ્યો : પચીસ વર્ષથી. ગુરુદેવને લાગ્યું કે આનો ક્રોધ ઘણો ગાઢ લાગે છે. ક્રોધ ત્યજવા માટે દાખલો આપી સમજાવ્યો પરંતુ તે કાંઈ સમજ્યો નહીં.

થોડા દિવસ પછી એકદા, સહસ્રમલ મોડી રાત્રે ઉપાશ્રયમાં ગુરુને વંદન કરવા આવ્યા. બીજા સાધુઓ સંથારી ગયા હતા. કમાડ ઊઘાડી મંત્રીએ પ્રવેશીને ગુરુને વંદન કર્યું. ગુરુદેવે પૂછ્યું : આટલી મોડી રાત્રે કેમ આવ-જા કરો છો ? તમારા માથે દુશ્મન છે. મંત્રીએ પૂછ્યું : મારે માથે કોણ દુશ્મન છે. ત્યારે તેમણે કલ્યાણમલની વાત કરી. સંજોગવશાત્ કલ્યાણમલ પ્રતિક્રમણ કરીને આજે ત્યાં જ, ઉપાશ્રયમાં સૂતા હતા. તેણે કાનોકાન વાત

સાંભળી અને સમસમી ગયા. મંત્રી ગયા પછી મહારાજશ્રીની પાટ પાસે જઈ એમને સખત ઠપકો આપ્યો. રોષમાં હાથ પછાડી બોલ્યા : આ ઉપાશ્રયમાં હવે હું કદી પગ નહીં મૂકું. અને ધૂંઆપૂંઆ થતાં તે ઘરે આવ્યો.

બીજે દિવસે દહેરાસર જઈ તરત પાછો ઘરે ગયો એટલે પત્નીએ પૂછ્યું : કેમ ? ઉપાશ્રયે ગુરુને વંદન કરવા ન ગયા ? પહેલા તો કાંઈ જવાબ આપ્યો નહીં પણ પછી ગઈ રાતે બનેલી ઘટના કહી સંભળાવી. ધર્મ પરાયણ પત્નીએ સમજાવ્યું : સાધુ પુરુષ સાથે આવો રોષ આપણને ન શોભે. કલ્યાણમલે જીદ ન છોડી.

ઉપાશ્રયે જવાનું બંધ કર્યું એટલે સામાયિક-પ્રતિક્રમણ ઘરે કરતો. પૌષધ પણ ઘેર કરતો. સંઘને ખ્યાલ આવી ગયો હતો કે કલ્યાણમલ ઉપાશ્રયે આવતા નથી. વિનંતી કરવા છતાં પણ માન્યા નહીં પર્યુષણ આવ્યા ત્યારે ગુરુદેવને થયું કે કલ્યાણમણ કલ્પસૂત્ર સાંભળવા તો આવશે જ. પણ તે એકેય દિવસ દેખાયા નહીં. તો પણ માન્યું કે સંવત્સરીએ બારસા સાંભળવા જરૂર આવશે.

બીજા ગચ્છવાળા પણ મનાવવા ગયા કે અમારું અને તમારું કલ્પસૂત્ર એક જ છે. અમારે ત્યાં આવજો. જીદે ભરાયેલા કલ્યાણમલ એવા કટુ વેણ બોલ્યા કે બધા ઊભા થઈ ગયા !

ઉપાધ્યાયજીને આની જાણ થઈ. એમને થયું આવા દૃઢકર્મીને ખમાવ્યા વિના મારે સંવત્સરી પ્રતિક્રમણ કરવું ઉચિત નથી; એટલે વ્યાખ્યાન પછી, ચૈત્યપરિપાટી કરીને ઉપાશ્રય જતાં પહેલા

કલ્યાણમલના ઘર તરફ એકલા જવા નીકળ્યા. ક્ષણવારમાં તો કલ્યાણમલના ઘરે ખબર પહોંચી ગયા. એણે ઘરનાં કમાડ બંધ કરાવ્યા અને પોતે અંદરના ઓરડામાં બેસી ગયા. પત્નીએ કહ્યું : ગુરુ મહારાજ આપણા ઘરે આવતા હોય ને બારણા બંધ કરીને ન બેસાય. પત્નીએ બારણા ખોલ્યા. ધર્મસાગરજી પધાર્યા. 'કલ્યાણમલ ક્યાં છે ?' જેવા તેઓ એના ઓરડામાં ગયા કે તરત કલ્યાણમલ માળિયા ઉપર ચડીને ભીંત તરફ મોં કરીને બેસી ગયા. મહારાજશ્રીએ ગદ્ગદ્ સ્વરે કહ્યું : કલ્યાણમલને ખમાવ્યા વિના મારું સંવત્સરી પડિકમણું સાચું ન થઈ શકે. કલ્યાણમલ, તે રાત્રે તમારા માટે સહસ્રમલને જે કહ્યું તેથી તમારું હૃદય દુભાયું હોય તે માટે મને ક્ષમા આપો.

આ સાંભળી, પત્ની, પુત્રો અને પુત્રવધુઓ રડવા લાગ્યા. સહુએ કલ્યાણમલને વિનવ્યા; સામુ તો જુઓ ! અને મિચ્છા મિ દુક્કડમ્ દો.

ઉપાધ્યાયજી હૃદયપૂર્વક ક્ષમા માંગીને તરત ઘરની બહાર નીકળી ગયા. પાછળથી કલ્યાણમલનું ચિત્ત શાંત થતાં હૃદય વલોવાયું. હૃદયના શબ્દો હૃદયમાં ઉતર્યા : જો ગુરુદેવનું સંવત્સરી પ્રતિક્રમણ કલ્યાણમલને ખમાવ્યા વિના સાચું થતું ન હોય તો સહસ્રમલને ખમાવ્યા વિના મારું પ્રતિક્રમણ પણ સાચું ક્યાંથી હોય ?

હૃદય પરિવર્તન થતાંવેંત તે ઉપાશ્રય તરફ દોડી ગયા. ઉપાધ્યાયજી હમણાં જ આસન પર બેઠા હતા. બાજુમાં કટાસણા પર સહસ્રમલ પણ બેઠા હતા. કલ્યાણમલ સીધા જ સહસ્રમલ પાસે

જઈ તેના ખોળામાં માથું મૂકી ધ્રુસકે ધ્રુસકે રડતા અવાજે તેમની પાસે, પોતાના વર્ષો જુના અપરાધની માફી માગી. સમગ્ર સભા આ દૃશ્ય જોઈ ગદ્ગદ્ બની. બન્ને ચોધાર આંસુએ રડવા લાગ્યા. કોણ કોને છાનું રાખે ? બધા હર્ષવિભોર થઈ જોઈ રહ્યા. ધર્મનો આ કેવો પ્રભાવ ! ઉપાધ્યાયજી મહારાજ સામે ચાલીને એક શ્રાવકને ખમાવવા વેરને સ્થાને પ્રેમનું અવતરણ થયું. બન્ને સાચા મિત્રો બન્યા. પવિત્ર પર્વની આરાધનાની સાર્થકતા જણાઈ.

**જ્યોતથી જ્યોત જલે**

એક દીવામાંથી સો-સો પ્રગટે એમ એક નિર્મળ હૈયાના શુદ્ધ પ્રેમથી અનેકના હૈયામાં પ્રેમના બીજ રોપાય છે. ક્ષમાના આ લોકોત્તર પ્રસંગનું મહત્ત્વ સમજીએ.

માત્ર છાપેલા કાર્ડ લખીને ઔપચારિક ક્ષમા માગવાનાં થતાં વ્યવહાર વડે આવી ચિત્ત શુદ્ધિ સધાઈ જાય એવું માનવું વધુ પડતું છે. દિલને સ્પર્શે અને સામાને પણ ક્ષમા આપવાનું મન થાય તે રીતે જ ક્ષમાપના કરવાની હોય. એમાં જ ખરી સાર્થકતા સમાઈ છે.

• • •